
કુમાર

સંસ્થાપક
રવિશંકર રાવળ

તંત્રી
ધીરુ પરીખ

વર્ષ એકોતેરમું
નવેમ્બર ૧૯૯૮



સ્વિસ વેલિનો નયનરમ્ય દેખાવ

ફોટો : મુકેશ એમ. પટેલ

સળંગ અંક ૮૫૦

પૂરા પરિવારનું
સર્વલક્ષી
સુરુચિપૂર્ણ સામયિક



સખીઓ : કાગળ પર વિવિધ માધ્યમોમાં તૈયાર થયેલું
૩૩ X ૪૮ સે.મી.નું ચિત્ર
(ચિત્રકાર : નયનાબહેન મેવાડા)

પોતવાળાં રૂપવિધાનો : કેનવાસ પર તૈલરંગથી ૩ X ૪ ફૂટના કદમાં અહીં વિવિધ આકારોને અમૂર્ત શૈલીમાં સુયોજિત ભાતથી રજૂ કરાયા છે.
(ચિત્રકાર : મહેરબહેન કરકરિયા)



પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૧મું — અંક ૧૧

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેકટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.

અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.

લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.

સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.

ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

નવેમ્બર — ૧૯૯૮

કુમાર સળંગ અંક ૮૫૦

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટીજની પાછળ,નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૫-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩-૦૦

વાચકો લખે છે

પ્રતિવર્ષ 'કુમાર'પ્રેમી વાચકો તરફથી નવા વર્ષ નિમિત્તે અનેક શુભેચ્છાઓ આવે છે. તેમાં કલાકાર મિત્રો ખાસ 'કુમાર' માટે ચિત્રો કરીને મોકલે છે. અહીં નીચે એવાં કેટલાંક ચિત્રો આપ્યાં છે. (અનુક્રમે ૧. પી.જી. કડીવાર, ૨. હરિભાઈ દા. ટેલ, ૩. યશવંત ભાડદિયા, ૪. હરિકૃષ્ણ પાઠક, ૫. બળવંત વ્યાસ) અત્રે સહુ શુભેચ્છકોનો આભાર વ્યક્ત કરીએ છીએ. - તંત્રી

'કુમાર'ના છેલ્લા થોડા અંકોમાં ઈ.૧૯૯૮ સંબંધિત અંકયંત્રો પ્રકાશિત થતાં રહ્યાં છે. ઑગસ્ટ ૧૯૯૮ના અંકમાં યંત્ર ક્રમાંક ૬-૭માં આપેલ યંત્રોમાં કંઈક ખૂબીઓ હશે જ અને તેથી શ્રી માધવજી દેવળીઆએ 'કુમાર'ના વાચકો પણ એ માણી શકે તેવા હેતુથી એ રચનાઓ મોકલી હશે. પરંતુ ગણિતમાં જેમની ચાંચ ખૂંચતી ન હોય તેવી, મારા જેવી વ્યક્તિઓના ધ્યાનમાં તે ખૂબીઓ આવી શકે તેવો કોઈ પ્રયત્ન એમાં, હું જોઈ શક્યો નથી. જુદી જુદી સાત નાની સંખ્યાઓનો સરવાળો '૧૯૯૮' જેવી મોટી સંખ્યામાં પરિણમે તેવી સેંકડો જ નહીં બલકે હજારો ગોઠવણીઓ થઈ શકતી હશે. યંત્ર ક્ર.૭ (મોટું વર્તુલ)માં સમાવાયેલ ૪૯ અંક સંખ્યાઓમાં પરસ્પર કોઈ અગત્યનો સંબંધ જળવાયો હોય તેવું પણ જણાતું નથી. સામાન્ય રીતે આવાં યંત્રોમાં કોઈ એક ખાસ સંખ્યાથી શરૂ કરીને બીજી એક ખાસ સંખ્યા સુધીના ક્રમબદ્ધ અંકો હોય (જેમ ચૌતીસા જેવા, તાવીજમાં મુકાતા યંત્રમાં ૧ થી ૧૬ સુધીની સંખ્યા હોય છે.), દરેક સંખ્યા બે કે ત્રણ અંકોની બનેલી હોય, દરેક સંખ્યા બે, ત્રણ, પાંચ તથા સાતથી ભાગી શકાતી હોય, દરેકનો છેલ્લો અંક અમુક જ (દા.ત. ૯) હોય એવું, અન્યોન્ય સાથેનું, કોઈ પ્રકારનું ગાણિતિક સગપણ જોવા મળતું હોય છે. ત્રિજ્યાઓનો પણ કોઈ ખાસ - વિશિષ્ટ ઉપયોગ નથી. વર્તુળાકારને બદલે ઊભી હરોળની ગોઠવણી પણ કરી શકાય. માત્ર દૃશ્ય સ્વરૂપ જ એથી બદલાય, ગાણિતિક સ્વરૂપ બદલાતું નથી. એની સાથે જ આપેલ બીજું યંત્ર (નાનું વર્તુળ) તો વળી વધુ મૂંઝવણ ઊભી કરાવે છે. તેમાં વાત તો 'સાત' સંખ્યાની કરી છે પરંતુ ત્રણેય વર્તુળના પરીઘને સમાંતર 'આઠ' સંખ્યાઓ આપ[ી] છે. અને તેના સરવાળા પણ ૧૯૯૮ [થતા] થતા જ નથી (૨૨૮૦, ૨૨૮૦ ત[થા] ૨૨૮૨ થાય છે). વળી, મધ્યમાં આપેલ સંખ્યા '૨૮૮'નો કશોય ઉપયોગ હોય ત[ો] તે અંગે ઉલ્લેખ થયો નથી. ઉપરાંત, ચા

(અનુસંધાન પૃ. - ૭૭૭)

(૧)




(૨)



(૩)



(૪)



(૫)



અમને કોનો ભય ? / રાજેન્દ્ર શાહ

[ગાન]

અમને કોનો ભય?
અમે સૌ સૂર્યપુત્ર રણશૂર,
પ્રાણ અમારા શત વાજી - શા
વેગ જોમ ભરપૂર.

મ્હેરામણના નાગફણાશા
હજાર માથે રમીએ;
એના છીંકોટાની સામે
બુલન્દ ઘોષ જય કરીએ.

પવન પલાણી લઈએ,
અમને જેવી જરૂર લાગે;
અમે ખેલતા ઘેરૈયા
કેસરિયા-પલાશ ફાગે.

ધરતી ઉપર ઠેક અમારી
કલગી-કલા ગગનમાં;
નહીં બન્ધ, નહિ આડ અમોને
રહીએ સદા મગનમાં.

સ્વ-શોધ ! / વીરુ પુરોહિત

[ગાન]

કૂણી ડાળખી મેં ઝાડવાની તોડી
તો લાગ્યું કે તૂટી મારી મનગમતી આંગળી !

હું જો સૈનિક હોઉં તો આંખ થોરનું હો' જીંડવું
ને ભિક્ષુક હોઉં તો હાથ બસ છે !
ઘણાં વરસોની મહેનતથી સાબિત કર્યું'તું
હું છું મધપૂડો, મારામાં રસ છે !

અસમંજસ ઘોળવાના વ્રતમાં ને વ્રતમાં
મેં ઓગાળ્યાં હાડ-માંસ-પાંસળી!
કૂણી ડાળખી મેં ઝાડવાની તોડી
તો લાગ્યું કે તૂટી મારી મનગમતી આંગળી !

શું હું સરકી રહ્યો છું કોઈ ઇયળની જેમ
એક લીલેરા ઘાસ તણી સળીએ?
મને ફૂટતા પરપોટાની ઉપમા ન આપ
હું છું વૃક્ષ મારા પોતાના ફળીએ!

ધાંય ધાંય એકધારો વરસે વરસાદ
અને પીતો હું ભરી ભરી તાંસળી!
કૂણી ડાળખી મેં ઝાડવાની તોડી
તો લાગ્યું કે તૂટી મારી મનગમતી આંગળી !

ત્રિભેટો / રામચન્દ્ર પટેલ

[શિખરિણી-સૉનેટ]

મળ્યા એવા ચાલ્યા ત્રણ પથ, બન્યો સંગમ તટ,
ઊગી આવ્યો આંબો, ભરભર ઢળે છાંય મધુરી
વિસામો બંધાયો દશ દશ દિશાઓ રૂમઝૂમ
મળે. બેસે ઘેટાં, વળી ધણ ચડે ધેનુનું, ખગ
ઊડે પાડી ટૌકા, મશરૂ સરીખો વાયુ ઊમટે...

રમે રેતી, વૃક્ષો પથિક સમ હંમેશ ઢળતાં.
વળે અંધારું તો નભ સહજ તેડી લઈ, પછી
જુએ તારા : માથે શમણું થઈને શુક્ર સરતો..
કદી આવે ભૂખ્યું-તરસ્યું વળી કોઈ રખડતું
ચડ્યા ઘોડે ડાકૂ, કદી પથ ભૂલ્યા સાધુ - ફકીરા-
બધાંની વચ્ચે એ જળજળ પવાલું બની જઈ
અડે : જો જાગે તો છમકલું પતાવે ઘડીકમાં.

નથી માળો, રે'વા નહિ ઘર, નથી ઠામ વસવા;
ત્રિભેટો બેઠો કો કવિ, બસ ફિરસ્તો થઈ જવા.

શોધી આપો સાંઈ ! / ધીરેન્દ્ર મહેતા

[દોહરા]

રોકી રાખે તેજને, ઘેરે થઈ પરછાંઈ,
કોણ પ્રવેશ્યું પંડમાં, શોધી આપો સાંઈ !

આ સામે મેળો મચ્યો, મેળામાં તનહાઈ,
ખબર મળી છે આટલી, શોધી આપો સાંઈ !

આમ અચાનક કાં અરે, આ ચલ પડી પુરવાઈ!
કોના સૂરો સાંભળ્યા, શોધી આપો સાંઈ !

જ્યાં ધખધખતા ધોમ છે, ત્યાં પણ છે વનરાઈ,
ભર વરસાદે શું જલે, શોધી આપો સાંઈ !

સપનાં સરખા ડુંગરા, ચીસ સમાણી ખાઈ,
ખોવાઈ વસ્તુ ઝીણી, શોધી આપો સાંઈ !

સમરું, અંગેઅંગમાં બજી ઊઠે શરણાઈ,
એ તે કોનું નામ છે, શોધી આપો સાંઈ !

કટકા કરું તો કેટલા? કર્યા જેટલી રાઈ,
તોય કશુંક તૂટ્યું નહિ, શોધી આપો સાંઈ !

કસ્તર ગણીને કાઢિયું, કેમ ગયું કંતાઈ!
ખટક ખટક ખટકે હવે, શોધી આપો સાંઈ !

દેખી બિજલી-ચમકમાં એક જ બસ અંગડાઈ,
રિમઝિમમેં અબ દેખકર, શોધી આપો સાંઈ !

પ્યાલો ભેજ્યો એમણે, પલમાં ગયો પિવાઈ,
શું ઘોળ્યું'તું એ મહીં, શોધી આપો સાંઈ !

[શ્રી મકરંદ દવેને અર્પણ]

માનવ થાઉં તો ઘણું

ઉત્તમ વાતો શીખવી કે શીખવવી અઘરી નથી

સુધીર દેસાઈ

નાના બાળકથી માંડીને બધાં જ લોકો તમને એવાં જ મળશે જેમને મોટા થવું છે, જેમને સાહેબ થવું છે, બૉસ થવું છે, ઉપરી થવું છે.

કોઈને નાના માનવી થવું નથી. બધાં જિંદગીભર આ જ પ્રયત્નમાં રચ્યાંપચ્યાં રહે છે. સાહેબ થવું એટલે? બધા ઉપર હુકમ છોડવાના અને પોતાને બેસી રહેવાનું, બીજાની પાસે કામ કરાવે અને પોતે બેસી રહે એ બૉસ. આ આપણી એક સામાન્ય માન્યતા.

આપણે ક્યારેય બૉસ વિશે વિચાર્યું નથી. આપણે માત્ર એવું સમજીએ છીએ કે બૉસ થયા એટલે લહેર-પાણી. બૉસને જીવનમાં મજા જ મજા.

પણ આ વ્યાખ્યા કદાચ સારા બૉસની, સારા સાહેબની નથી. આપણે ત્યાં રાજા વિક્રમની વાતો લોકોમાં બહુ પ્રચલિત છે. રાજા એટલે એ જમાનાનો બૉસ - સાહેબ. એ એવો સાહેબ હતો જેનાં કાર્યોને કારણે આજે પણ આપણે એને યાદ કરીએ છીએ. માનવતાનો એ આદર્શ.

એક જમાનામાં રાજાના છોકરાઓને, જમીનદારના છોકરાઓને વિક્રમની વાતો કહેવામાં આવતી. પંચતંત્રની વાતો કે હિતોપદેશની વાર્તાઓ આ માટે જ હતી, જેથી આ છોકરાઓમાંથી પશુતા દૂર થાય અને માનવતા મહોરી ઊઠે.

વિક્રમ રાજા વેશ બદલીને, અંધારપછેડી ઓઢીને, માનવીનો વેશ ધારણ કરીને એના રાજ્યમાં ફરવા નીકળી પડતો અને લોકોની વચ્ચે ચાલ્યો જતો. લોકોમાં બેસી એમની વાતો સાંભળતો, જેને લીધે એને લોકોનાં સુખદુ:ખની જાણકારી મળતી. સારા-ખરાબ અધિકારીઓ વિષેની માહિતી મળતી. અને આ માહિતી દ્વારા એને લોકોનાં દુ:ખ દૂર કરવાના મોકા મળતા. સારા અધિકારીની કદર કરી શકતો અને ખરાબ અધિકારીને શિક્ષા કરી શકતો. સારા માનવી બનવા માટે માનવીએ સતત સજાગ રહેવું જરૂરી છે.

આ વિક્રમ રાજાને લોકો આજે પણ આદર્શ રાજા માને છે. આજે આપણે ત્યાં આ વાતો ઓછી થઈ ગઈ છે, પરિણામે સમાજમાં આદર્શની વાતો ચર્ચાતી નથી. અને જેની ચર્ચા થાય, જે વિચાર સતત મનમાં રમે એના પ્રમાણે વર્તન થાય.

આપણે ત્યાં વર્તમાનપત્રોમાં અને ટી.વી. કે સિનેમા જે વિચારોનો સતત મારો આપણા મગજ ઉપર કરે છે તેવો સમાજ આપણી સામે પ્રકટ થાય છે. આ સત્ય આપણા પૂર્વજો જાણતા હતા એટલે એ કહેતા કે દુષ્ટ માણસનો સંપર્ક આપણને દુષ્ટતા તરફ લઈ જાય અને ઉત્તમ માનવીનો સંપર્ક ઉત્તમતા તરફ લઈ જાય. માટે ક્યારેય ખરાબ વાતમાં રસ ન લેવો. જેવા થવું છે એવી વાતોમાં રસ લેવો જોઈએ.

આપણે ત્યાં જ આવી વાતો થતી હતી એવું નથી, આ વાત દુનિયાભરમાં સ્વીકારાએલી છે. એટલે દુનિયાભરમાં શોધીશું તો ઉત્તમ માનવીઓ મળી જ આવશે. અને એમના જીવનના પ્રસંગો સારા લોકો યાદ રાખે જ છે.

આ પ્રસંગ ત્યારનો છે જ્યારે અમેરિકા સ્વતંત્રતા મેળવવા માટે યુદ્ધ કરી રહ્યું હતું. તે વખતે મિલિટરીના સર્વોપરિ હતા જનરલ જ્યોર્જ વૉશિંગ્ટન.

એક વખત એ સાદા પોષાકમાં ફરવા નીકળ્યા. એક જગ્યાએ એમણે જોયું કે એક કૉર્પોરલ-અધિકારી (ટુકડી-નાયક) એની પ્લૅટૂન(લગભગ ૬૦ માણસની ટુકડી) ને બહુ જ તોછડાઈ સાથે હુકમો આપતો હતો. પ્લૅટૂનના માણસો બહુ જ વજનદાર વસ્તુને એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડી રહ્યા હતા. કૉર્પોરલ એમને મદદ કરવાને બદલે બૂમાબૂમ કરીને એમને અસ્વસ્થ કરી રહ્યો હતો.

વૉશિંગ્ટન સાદા પોષાકમાં હતો એટલે એને કોઈએ ઓળખ્યો નહીં. વૉશિંગ્ટને પેલા કૉર્પોરલને કહ્યું, 'તમે લોકોને સ્હેજ ટેકો આપશો તો આ લોકોને સરળતા થશે અને આ વજનદાર વસ્તુ ખસી શકશે.'

પેલાએ કહ્યું, 'તમને ખબર છે હું કૉર્પોરલ છું. એ લોકો મારા હાથ નીચે કામ કરે છે. મારાથી તમે કહો છો તેવું ન થાય.'

'કાંઈ વાંધો નહીં, સાહેબ!' ચીફ કમાન્ડરે લશ્કરના સૌથી નાના અધિકારીને કહ્યું. અને ઉમેર્યું, 'હું એમને મદદ કરીશ.'

જ્યોર્જ વૉશિંગ્ટને પોતાનો ઓવરકોટ બાજુ પર મૂકીને સૈનિકોને મદદ કરવા માંડી.

કામ પૂરું થયું એટલે જ્યોર્જ વૉશિંગ્ટને પેલા અવિવેકી અધિકારીને કહ્યું, 'જ્યારે જ્યારે તમને આ પ્રમાણે કામ માટે માણસ ઓછા પડે ત્યારે ત્યારે લશ્કરના ચીફ કમાન્ડરને સંદેશો મોકલજો. એ આનંદથી આવીને તમને મદદ કરશે.'

કૉર્પોરલ તો અવાક્ જ થઈ ગયો. થોડી વાર પછી એને સમજ પડી કે એની સામે સામાન્ય પોષાકમાં ઊભેલો માનવી લશ્કરનો ચીફ કમાન્ડર છે.

આખાયે લશ્કરના ચીફ કમાન્ડરને ઓવરકોટ કાઢીને સામાન્ય સૈનિકોને હાથથી ટેકો દેવામાં શરમ ન આવી; પણ લશ્કરમાં સૌથી નાનામાં નાના અધિકારીને સૈનિકોની જોડે કામ કરવામાં શરમ આવી.

માણસાઈ ક્યાં ઓછી પડે છે અને ક્યાં માણસાઈનો પ્રકાશ ઝળહળી ઊઠે છે એનો આ એક ઉત્તમ દાખલો છે.

આજે આપણે ત્યાં આ કૉર્પોરલ જેવા જ મોટા ભાગના અધિકારીઓ જોવા મળે છે. જ્યોર્જ વૉશિંગ્ટન દેખાતા નથી કેમ ? આપણે આવા ઉત્તમ પુરુષોની વાતો કરવી જ બંધ કરી દીધી છે.

ઉત્તમ શેઠ અને ઉત્તમ સેવક કેવા હોય? આપણા પૂર્વજોએ આને માટે પણ વિચાર્યું છે. સંસ્કૃતમાં આને માટે એક સુભાષિત છે :

दाता, क्षमी, गुणग्राही स्वामी दुःखेन लभ्यते ।
शुचिर्दक्षोऽनुरक्तश्च जाने भृत्योऽपि दुर्लभः ॥

ઉદાર, ક્ષમાશીલ, ગુણગ્રાહી સ્વામી મળવો કઠણ છે, તે જ પ્રમાણે સ્વચ્છ, તત્પર અને નિષ્ઠાવાન સેવક મેળવવો પણ કઠણ છે.

આપણે ત્યાં આવાં સુભાષિતો મોઢે કરાવાતાં હતાં અને એટલે આ સુભાષિતો મોઢે કરનાર માનવી જ્યારે સ્વામી તરીકેનો પાઠ ભજવતો હોય ત્યારે એની પાસેથી કઈ કઈ અપેક્ષા રાખવામાં આવશે એની એને ખબર હોવાને કારણે એ હંમેશાં ઉદાર રહેવા પ્રયત્ન કરશે. નોકરો તરફ ક્ષમાશીલ રહેશે અને ગુણોની કદર કરશે તથા એ ગુણોને પોતાનામાં ઉતારવા કટિબદ્ધ થશે.

જ્યારે એ કોઈને ત્યાં નોકરી કરતો હશે ત્યારે સ્વચ્છ થઈને કામ ઉપર જશે. જે કંઈ કામ સોંપવામાં આવશે એ તરત જ પૂરું કરશે અને દરેક કાર્ય નિષ્ઠાપૂર્વક કરશે.

સારા મનુષ્ય થવું અઘરું નથી. એ તરફ આપણું કોઈએ ધ્યાન જ દોર્યું નથી. મોટા માનવીઓના દાખલાઓ વાંચવાથી - જાણવાથી કેમ વર્તવું એ તરત જ સ્પષ્ટ થઈ જાય છે.

નોકરને એના કામમાં મદદરૂપ થવાથી નાના માણસ નથી બની જવાતું. નોકરને મદદરૂપ નહીં થવાથી અને પેલા કૉર્પોરલની જેમ દૂર ઊભા રહીને માત્ર બૂમબરાડા પાડીને એમને અસ્વસ્થ કરવાથી જ નાના માણસ બની જવાય છે.

મોટા માણસ થવું હોય તો જ્યોર્જ વૉશિંગ્ટનની જેમ ઓવરકોટ બાજુ ઉપર મૂકીને પોતે લશ્કરનો ચીફ કમાન્ડર હોવા છતાં નાના માણસને હાથ દઈને મદદરૂપ થવું જોઈએ.

આવા પ્રસંગો શોધી-શોધીને જાણવાથી આપણે વર્તનમાં મૂકી શકીએ છીએ, અને કોઈને કહેવાથી આપણામાં અને સાંભળનારમાં આ સંસ્કાર દૃઢ થાય છે. આવા પ્રસંગોની પાસે જવાથી ફાયદો જ ફાયદો છે એવું આપણાં શાસ્ત્રો કહે છે. વૉશિંગ્ટને કંઈ પણ ઠપકો આપ્યા વગર કૉર્પોરલને આ વાત કેવી સરળ રીતે સમજાવી દીધી! ઉત્તમ વાત શીખવી કે શીખવવી અઘરી નથી. શેર ઉપદેશ કરતાં અધોળ આચરણ કેટલું મહત્ત્વનું છે! □

ચયનિકા

સાચો દાવ

— બહાદુરભાઈ જ. વાંક —

ગુરુ બજુવા પાસે કેટલાંક માણસો આવ્યાં, અને દરેકે પોતપોતાની તકલીફો ગુરુ પાસે રજૂ કરવા માંડી : 'મને નોકરીમાં ખૂબ જ અન્યાય થઈ રહ્યો છે, ઉપરી અધિકારીની કિન્નાખોરીનો હું ભોગ થઈ પડ્યો છું.. મને મારા પડોશીઓએ ત્રાસ આપવામાં કંઈ જ બાકી રાખ્યું નથી. હું અનેક પ્રકારના રોગોથી ઘેરાઈ ગયો છું. હવે તો મોત આવે તો સારું...' દરેકની તકલીફો શાંતિથી સાંભળીને બજુવા બોલ્યા, 'મૂળભૂત તકલીફો અંગેની તમે જે પ્રતિક્રિયા કરો છો, એ જ તો તમારી મોટામાં મોટી તકલીફ છે.' 'હા, એ સાચું પણ બીજું અમે કરી પણ શું શકીએ?' દરેકે પોતાની લાચારી દર્શાવી.

'તમે પણ ઘણું કરી શકો એમ છો. પણ પ્રતિક્રિયા તમારા ચિત્તને દડાની જેમ ફંગોળતી-ઉછાળતી રહે છે.એટલે જ તમે કશું ન કરી શકતાં માત્ર દાવ દીધે રાખો છો. તમારે એ સમજી લેવાની જરૂર છે - પ્રત્યેક પ્રતિક્રિયા એ દાવ દેવાની રમત છે.'

'તો દાવ લેવાની રમત અમે કેમ રમી શકીએ?' કેટલાકે પૂછ્યું, 'દાવ લેવાની અપેક્ષાને કારણે તો તમે દાવ દઈ રહ્યા હો એમ તમને શું નથી લાગતું?' ગુરુએ પૂછ્યું. 'હા, છે તો એવું જ, પણ હવે અમારે અમારી તકલીફોમાંથી મુક્ત કઈ રીતે થવું?' 'તકલીફોમાંથી મુક્ત થવા માટે જ કહું છું - નથી તમારે કોઈ દાવ દેવાનો કે નથી કોઈ દાવ લેવાનો...'

'તો પછી અમારે કરવું શું?'

બજુવા બોલ્યા : 'તમારે કંઈ જ કરવાનું નથી. માત્ર પ્રતિક્રિયાને રમતક્રિયામાં ફેરવી નાખવાની છે' ને હસતાં હસતાં બજુવાએ ઉમેર્યું : 'આ જ તો સાચો દાવ છે!' □



ગાંધી મૂલ્યોને વરેલા એક અદના સેવક
કીકુભાઈ નાયક

— ડૉ. ઈશ્વરચંદ્ર દેસાઈ —

સમાજનાં શોષિતોનાં આંસુ લૂછવા કરુણાસભર આર્દ્ર હૈયુ જોઈએ. એ સાથે એમને મજબૂત ટેકો આપીને બેઠા કરવાં અને મક્કમપણે ટટ્ટાર ઊભાં રહેતાં કરવા માટે વજ્ર જેવું મનોબળ જોઈએ. આવા ફૂલથી મૃદુ અને વજ્રથીએ કઠણ હૃદયવાળા કીકુભાઈ એક સાધારણ કુટુંબના સામાન્ય બાળકરૂપે તા. ૯ - ૧૧ - ૧૯૦૩ના રોજ જન્મ્યા. બહારથી સામાન્ય જણાતા આ બાળકનો આંતરપિંડ અસામાન્ય હતો એ વાત સંજોગોએ પુરવાર કરી. બલકે સંજોગો જ એ અસાધારણતા કંડારતા ગયા.

સામાન્ય બાળકોની પેઠે પ્રાથમિક કેળવણી લીધી અને માધ્યમિક તરફ વળ્યા. ત્યાં ગાંધીજીએ સરકારી શાળા છોડવા હાકલ કરી અને કીકુભાઈ સરકારી શાળા છોડી અને રાષ્ટ્રિય શાળામાં જોડાયા. એમનો આંતરપિંડ હવે ગાંધીરંગે બલકે રાષ્ટ્રિય રંગે રંગાતો ગયો. સ્વાર્થનાં પડળો શોષાતાં ગયાં અને સ્વદેશ અંતરમાં છવાતો ગયો. કંઈક કરી બતાવવાના તરવરાટે એક વિદ્યાર્થી મંડળ રચાવ્યું. ત્યાં તો વ્યવસાયાર્થે આફ્રિકા જવાનું થયું. પરંતુ કુદરતે કંઈ જુદું જ ધાર્યું હતું. સ્વદેશ અને સ્વરાજ્યની ચળવળ સતત પડઘાયા કરતી હતી. દૂર દેશાવરમાં આ પડઘા વિશેષ પ્રબળ બનતા જતા હતા. મનની બેચેની તનની નાદુરસ્તી સાથે ભળી. પરિણામે ત્યાં કાયમી ન થતાં સ્વદેશની સ્ટીમર પકડી લીધી.

વતનમાં આવી સ્વસ્થ થતાં યુવક મંડળ રચી રચનાત્મક સેવાકાર્યો શરૂ કર્યાં. ગ્રામસેવાને જ જીવનમંત્ર બનાવી ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત ગ્રામસેવા તાલીમ વર્ગમાં જોડાયા. અહીં પ્રખર ગાંધીવાદી કાર્યકરોના માર્ગદર્શને એમના આંતરપિંડને નૂતન રૂપાકાર અર્પ્યો. શ્રી જે.સી. કુમારપ્પાની દોરવણી હેઠળ માતર તાલુકાની આર્થિક મોજણી થઈ. એ દરમ્યાન ધર્માન્તરિત હરિજનોની વ્યથા, વેદના અને વ્યંગનો વિશિષ્ટ અનુભવ થયો. ધર્માન્તર કરનાર હરિજન આદરપાત્ર અને ન કરનાર અસ્પૃશ્ય? સમાજની આ વિટંબણાએ કીકુભાઈની મુઠ્ઠી ભિડાઈ અને હોઠ ભીંસાયા. હવેનો જીવનાદર્શ બન્યો 'પછાત વર્ગનો વિકાસ અને અસ્પૃશ્યતાનિવારણ!'

આ સાથે આંદોલનોમાં સક્રિય ભાગ લેતા રહ્યા. સને ૧૯૩૦ની દાંડીકૂચની ભૂમિકા માંડતા શ્રી મગનભાઈ દેસાઈ સાથે ખેડા, ભરૂચ અને સુરત જિલ્લાઓને જગાડતા-સંકોરતા ઘૂમતા રહ્યા. અબ્બાસ સાહેબની આગેવાની હેઠળ ધરાસણા તરફ કૂચ માંડી અને કરાડીમાં જ ધરપકડ વહોરી લીધી. જેલમાંથી છૂટ્યા બાદ સમાજસેવક દળની સ્થાપના કરી. કછોલીમાં મીઠું પકવી નમકનો કાનૂન તોડી ફરીથી ધરપકડ વહોરી પરંતુ ગાંધી-અરવિન કરાર થતાં ફરીથી છૂટ્યા. ગૂજરાત વિદ્યાપીઠમાં ગાંધીજીના હસ્તે ગ્રામસેવા દીક્ષિતનો ડિપ્લોમા મેળવી દારૂતાડીની દુકાનોએ પિકેટિંગ કરી ધરપકડ વહોરી અને છૂટ્યા. શ્રી મોરારજીની નેતાગીરી હેઠળ સેવાદળની તાલીમ લીધી. કતારગામની સેવાદળની શિબિરમાં જોડાયા ત્યાં ૧૯૩૨ની લડત શરૂ થઈ. જલાલપુર તાલુકાના પ્રથમ સરમુખત્યાર તરીકે કીકુભાઈની ધરપકડ થઈ. એ સાથે એમનો દંડ પણ થયો અને તે દંડ એમના પિતા પાસેથી વસૂલ લેવાયો. આંદોલન છોડાવવા સરકાર દબાણ કરતી રહી. હવે કીકુભાઈએ માર્ગ પસંદ કરવાનો સમય પાકી ગયો હતો - કાં તો કુટુંબ અને પિતા સાથે રહેવું યા સ્વાતંત્ર્ય સેનાની તરીકે ઘરકુટુંબ છોડવું. પિતાએ એમના કામની સામે સ્પષ્ટ વિરોધ નોંધાવ્યો, અને ગાંધીરંગ કસોટીએ ચઢ્યો. કીકુભાઈએ પત્ની ગજરાબેન સાથે દેશહિત કાજે પહેરેલે કપડે ઘરકુટુંબ ત્યજી દેશને ચરણે જાત સમર્પી દીધી. આજ પર્યન્ત એ સમર્પણ સુરક્ષિત થઈને મઘમઘી રહ્યું છે.

થોડો સમય કસ્તુરબા સેવાશ્રમ મરોલીમાં રહી ગોધરામાં હરિજન આશ્રમનું કામ સંભાળ્યું. પછી વતન કછોલીને જ કાર્યક્ષેત્ર બનાવી ત્યાં મુખ્યત્વે અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃત્તિ શરૂ કરી. અસ્પૃશ્યતાના કલંકને આંચકો આપવા સાથે હરિજનોને ચામડાં કમાવવાની નવી પદ્ધતિ શીખવવાના હેતુથી જન્મે અનાવિલ બ્રાહ્મણ એવા કીકુભાઈએ મરેલાં ઢોરનાં ચામડાં ઉતારી તે પકવવાનું કામ કરીને સવર્ણ સમાજમાં હોબાળો

મચાવી દીધો. પરંતુ એ વાવંટોળ સામે ઝીંક ઝીલી અડગતાથી ઊભા રહેવાની દઢતા એમણે કેળવી લીધી હતી. અને વિજયશ્રી એમને વરી. ગામમાં સમૂહ-ભોજનનો સમારંભ યોજાયો. હરિજનોએ પીરસ્યું. સવર્ણોએ વિના સંકોચે પતરાળાં ઉપાડ્યાં.

સને ૧૯૩૪ થી ૧૯૪૨ દરમ્યાન તેઓ કૉન્ગ્રેસ સંગઠન-કાર્યમાં, જિલ્લા સેવાદળ વ્યવસ્થાપક, તાલુકા જિલ્લા સમિતિના મંત્રી, પ્રાંતિક સમિતિના સદ્દસ્ય બની સેવા આપતા રહ્યા. આ ગાળામાં સને ૧૯૪૦માં હાથની ગંભીર બીમારીમાં સપડાયા. પરંતુ ૧૯૪૨ની લોકક્રાંતિ આવતાંવેંત તેમાં એમણે ઝંપલાવ્યું. અમલસાડમાં એમની અને અન્ય સત્યાગ્રહીઓની ધરપકડે લોકો ઉશ્કેરાયા. ત્યાં જાનનું જોખમ વહોરી તેમણે પોલીસોને બચાવી સત્યાગ્રહને ખરા અર્થમાં દીપાવ્યો. પોતે જેલવાસ ભોગવ્યો. ક્ષયની બીમારી તે જમાનામાં જીવલેણ ગણાતી. એણે પિતા તથા કુટુંબીઓ સાથે કીકુભાઈને જોડી આપવાનું એક મહત્ત્વનું જમાપાસું અર્પ્યું.

૧૯૪૩ થી ૧૯૫૧ દરમ્યાન કૉન્ગ્રેસ સંગઠન હળપતિ-હરિજન ઉત્કર્ષ મંડળીઓની સ્થાપના, વિદ્યાર્થી સહાયક સમિતિ જેવી પ્રવૃત્તિઓ દ્વારા એઓ સેવાકાર્ય કરતા રહ્યા. આ ગાળામાં કછોલીમાં ગ્રામસેવા સમિતિની સ્થાપના કરી છૂટીછવાયી ઢબે ચાલતી પ્રવૃત્તિઓને એકછત્ર નીચે આણી તેને સંગઠિત કરવાની દિશામાં પગરણ માંડ્યાં. આમ, ૧૯૨૯માં ગ્રામસેવા મંદિરમાં દાખલ થઈ લીધેલ દીક્ષા ફળવતી થવા માંડી. લોક-જાગૃતિ અને લોકશિક્ષણ ગાંધીમાર્ગનાં અવિભાજ્ય અને અનિવાર્ય અંગ ગણાય. સમાજ-સુધારો, અસ્પૃશ્યતા-નિવારણ, દલિતોદ્ધાર ભાવનામાં સત્યાગ્રહના વિવિધ તબક્કાઓએ બળ પૂર્યું. પૂર્ણા અને અંબિકાની વચ્ચેના આવા અનેક સેવક-સાથીઓનો એમને સહયોગ સાંપડ્યો. એથી સંગઠિત સેવાના દીપ પ્રગટ્યા.

૧૯૫૨ થી ૧૯૫૭ એઓ મુંબઈ રાજ્યના ધારાસભ્યપદે ચૂંટાયા. આ પદ એમને અનેક ઊંચા આસનો પ્રતિ લઈ જઈ શક્યું હોત, પરંતુ રાજનીતિના આકાશમાં ઊડવાને બદલે એમણે પોતાના સેવાક્ષેત્રની નક્કર ધરતી પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું. એ ગાળામાં કન્યા છાત્રાલય, દવાખાનું, શ્રમશિબિરોની પ્રવૃત્તિઓ વિકસતી રહી. ધમડાછા પુલ, ગણદેવી તાલુકા ખાંડઉદ્યોગનાં મૂળ રોપાયાં. ગાંધી-સ્મારક નિધિએ ગાંધી-વિચારના પ્રચારાર્થે પ્રવૃત્ત થવાના હેતુથી દેશમાં સો જેટલાં ગાંધીઘર સ્થાપવા નિર્ણય કર્યો. તેમાંનું એક કેન્દ્ર ગ્રામસેવા સમિતિના પ્રયાસથી કછોલીને મળ્યું. પાછળથી ગ્રામસેવા સમિતિ ગાંધીઘરમાં વિલીન થઈ ગઈ. કીકુભાઈ હવે ગાંધીઘરના ઘડવૈયા બન્યા. ગાંધીઘરના આશ્રયે એમની ગાંધીભાવના વિસ્તરતી ગઈ. ધીમે ધીમે એ વિકસતી અને ગાજતી થઈ અને આ વિભાગમાં જ નહીં, રાજ્યભરમાં તેમજ દેશ અને પરદેશમાં એનો પ્રકાશ પાથરતી થઈ. એના આ વિકાસ અને પ્રકાશનું કેન્દ્રબિંદુ કીકુભાઈ.

સને ૧૯૫૬માં ગાંધીઘરનું ખાતમુહૂર્ત થયું. અને શ્રી મોરારજી દેસાઈએ ૧૯૫૮માં ગાંધીઘરનું ઉદ્ઘાટન કર્યું. એક કુટીર જેવું મકાન, સાથે પુસ્તકાલય, ગાંધી-જીવનનાં ચિત્રો અને નાનકડો સભાખંડ - આ ગાંધીઘરનાં બાહ્ય રૂપાકાર! પરંતુ એ તો સતત ધબકતું જીવન-પ્રતીક છે. અસ્પૃશ્યતા, અજ્ઞાન, અંધશ્રદ્ધા, નિરક્ષરતા, વહેમ જેવાં દૂષણો સામે સતત જંગ માંડનાર કીકુભાઈનું એ પ્રવૃત્તિ-કેન્દ્ર છે. આથી જ અહીં પછાત વર્ગ કન્યા છાત્રાલય, દવાખાનાની સાથે પ્રસૂતિગૃહની પ્રવૃત્તિઓ વિકસતી રહી.

૧૯૬૨માં સમાજના વિકલાંગ મૂક-બધિરો માટેની શાળા શરૂ થતાં ગાંધીઘરની પ્રવૃત્તિઓમાં નૂતન પ્રકરણ ઉમેરાયાં. સમાજના દબાયેલા, કચડાયેલા વર્ગોની સાથે આ એક ઉપેક્ષિત અંગે ધ્યાન ખેંચ્યું. જાણે કીકુભાઈને એક નૂતન સેવાક્ષેત્ર સાંપડી ગયું. સમાજમાં અને કુટુંબમાં અળગાં રહીને બોજારૂપ બનતાં આ બાળકોની લાચારી જોઈને કીકુભાઈનું હૈયું દ્રવી ઊઠ્યું. એમને તાલીમ આપી, હિંમતવાન બનાવી, પગભર કરીને સારાં બાળકોની હરોળમાં મૂકવાનું ભગીરથ કાર્ય એમણે પડકારરૂપે અપનાવી લીધું. પ્રભુના પયગમ્બર સમાં આ ભોળાં અબુધ બાળકોને દેવના સ્થાને સ્થાપી એમને વાત્સલ્ય, કરુણા અને આત્મીયતાનાં અમી પાઈને એમનાં અંધારઘેર્યાં જીવનમાં દીપ પ્રગટાવવાનું અતિ ઉમદા તર્પણ આ ગાંધીજને માંડ્યું.

આ મૂક-બધિર શાળામાં સંખ્યા ઝડપભેર વધતી ગઈ. બાલિકાઓની સંખ્યા પણ વધવા લાગી. પરંતુ ઉંમરવાન થતી કન્યાઓની આગવી સમસ્યાઓ જણાતાં ૧૯૮૩થી બહેરાં-મૂંગાંની કન્યા-શાળા પણ શરૂ થઈ. આ અબોધ બાળકોની મમતાભરી માવજત ગાંધીઘરને આવી સંસ્થાઓમાં અનોખાપણું અર્પે છે. બાળકના નખ કાપવાથી માંડીને અંગ-સફાઈ સુધીનું ઝીણવટભર્યું ધ્યાન અહીં રખાય છે. એમના આંતરિક આવેગ તથા ગૂંગળામણને રમત-ગમત, નાચકૂદ દ્વારા વિરેચન અપાય છે. પરિણામે એ અબોધોએ ગાંધીઘરને રાજ્ય, પરરાજ્ય અને દેશપરદેશમાં પ્રસિદ્ધિ અપાવી છે. આ પ્રવૃત્તિઓ અને પ્રસિદ્ધિઓના પરિઘનું કેન્દ્ર એટલે કીકુભાઈ.

આ બાળકોને ધોરણ દશ સુધીનું શિક્ષણ એ માટેની વિશેષ તાલીમ પામેલા શિક્ષકો દ્વારા અપાય છે. શિક્ષણ ઉપરાંત વ્યાવસાયિક તાલીમ માટે સિવણ વર્ગ, સ્ક્રીન પ્રિન્ટિંગ, નિટિંગ વર્ગ, છાપશાળા, ખોખા-ઉદ્યોગ આદિ સંસ્થાની સીધી દેખરેખ હેઠળ ચાલે છે. એ મારફતે આ મૂક-બધિર બાળકોને રોજી રળીને પોતાના પગ પર ઊભાં રહેતાં કરવાની તાલીમ અપાય છે. એનાં વિધાયક પરિણામો મળતાં થયાં છે.

સને ૧૯૮૧ના વિકલાંગ વર્ષમાં બહેરાં-મૂંગાં બાળકોને સંસ્થાએ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે તૈયાર કર્યાં. તેમનો કાર્યક્રમ ભારતનાં ઘણાં શહેરોમાં રજૂ થયો. એમણે હજારો લોકોની મુક્તકંઠે પ્રશંસા મેળવી. એ જ રીતે ગુજરાત બધિર સંઘ યોજિત રમતોત્સવમાં ગાંધીઘરનાં આ બાળકો સતત ચૅમ્પિયનશિપ જાળવતાં રહ્યાં છે. રાષ્ટ્રકક્ષાએ પણ એમણે ઘણા ચંદ્રકો મેળવીને ગુજરાતને ગૌરવ અપાવ્યું છે.

કંઈક બૃહદ્ સમાજની સેવાના હેતુથી શ્રી કીકુભાઈ નાયકે સને ૧૯૭૫માં સરદાર સ્મારક ટ્રસ્ટની સ્થાપના કરી. ગણદેવી તાલુકાના મુખ્ય મથક સરદાર ભવનનું ભવ્ય મકાન બંધાવી રચનાત્મક પ્રવૃત્તિઓને નવપલ્લવિત કરી. સરદાર સ્મારક ટ્રસ્ટ દ્વારા સાઈકલ સ્પર્ધા, મહિલા સિવણ વર્ગ, ગરબા હરીફાઈ, નિબંધ-સ્પર્ધા, વકતૃત્વ-સ્પર્ધાઓ યોજાય છે. ઉપરાંત જાણીતા વિદ્વાનોનાં વક્તવ્યો યોજાય છે. આ સાથે બાળક બચાવ અભિયાન, સજીવ ખેતી પિરામીડ શિબિરો યોજી સ્વસ્થ સમાજની દિશા પ્રવૃત્ત કરતા રહે છે.

સમાજમાં પેઠેલો સડો દૂર કરવા, સમાજમાં પ્રવેશેલાં દૂષણો કાઢવા કે પ્રચલિત બદીઓને કાઢવા માટેની શરૂઆત બાળકોથી કરવી જરૂરી છે. જો બાળકોને આ બદીઓ કે દૂષણોથી બચાવી લઈએ તો સ્વસ્થ સમાજની રચના થઈ શકે - એ હેતુથી તાલુકાની પ્રાથમિક શાળાઓમાં અત્રેના જાણીતા કથાકાર નીલેશબાપુના સહયોગથી એક અભિયાન ચલાવાયું. અનેક બાળકો ગુટખા, બીડી, દારૂ છોડવાની અને મોટા ભાગનાએ એને ન અડવાની પ્રતિજ્ઞા લીધી.

મોરારજી દેસાઈ જન્મ મહોત્સવ પ્રસંગે તેમના વિચારો, આદર્શો અને મૂલ્યો પરત્વે જાગૃતિ લાવવાના હેતુથી ગણદેવી તાલુકામાં પદયાત્રા યોજવામાં આવી. એ દ્વારા વ્યસનમુક્તિ, 'સ્વદેશી અપનાવો'ની ભાવના, મહિલા ઉત્કર્ષ, બાળવિકાસ તથા ગ્રામોદ્યોગ પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવાનો ધ્યેય સેવાયો.

શ્રી મોરારજી દેસાઈ કુદરતી ઉપચાર અને સંશોધન કેન્દ્રના આશ્રયે ઉપરોક્ત પરિસંવાદો યોજાયા. એમાં શારીરિક ચિકિત્સામાં પિરામીડ થૅરપિ, માનવ સ્વાસ્થ્ય પિરામીડ અને સજીવ ખેતી જેવા વિષય પર સઘન ચર્ચાવિચારણા થઈ. ગરીબ માણસ પણ પિરામીડ થૅરપિ દ્વારા રોગ-નિવારણ કરી શકે એવી માહિતી અપાઈ.

રસાયણોના અસંયમી ઉપયોગને કારણે જમીનની પ્રત, પાકો તથા માનવ સ્વાસ્થ્ય પર થતી વિપરીત અસરોની ચર્ચા થઈ. સજીવ ખેતી આ બધાંનો તરણોપાય છે, એવી દઢ સ્થાપના આ દ્વારા કરી શકાઈ. આમ, આ પરિસંવાદ દૂરગામી અસરકર્તા નીવડી શકે એમ છે.

મૂક-બધિર બાળકો તાલીમ મેળવી લે એટલા માત્રથી આ ગાંધીજનને સંતૃપ્તિ કેવી રીતે થાય? એમનો હેતુ તો સમાજના આ અપંગો ભાર રૂપ ન રહે તેમ કરી કામ કરવાનો છે. ઉપરાંત પુખ્ત વયનાં યુવક-યુવતીઓ પરસ્પર મળી, પોતાના પ્રશ્નો, પોતાની મૂંઝવણ ઉકેલે, એકબીજાંને સહાયરૂપ થાય તે માટે 'ગાંધીઘર કછોલી મિત્રમંડળ'ની સ્થાપના થઈ. શ્રી કીકુભાઈની હૈયાઉકલતથી બધિર યુવક-યુવતીઓનાં લગ્ન પણ ગોઠવાઈ શક્યાં. બધિરોની મર્યાદા અને કાર્યદક્ષતાને અનુકૂળ કામ ન મળતાં આ તાલીમ પામેલ યુવાનો હતાશા અનુભવે છે. એમને માટે શ્રી કીકુભાઈએ એક 'બધિર વસાહત' તથા એ કુટુંબોને રોજી આપવા માટે 'બહુહેતુક ઉદ્યોગ શાળા'ની યોજના એમણે ઘડી છે. આ દ્વારા જ એમને પગભર બનાવી સ્વસ્થ સમાજની રચના કરી શકાશે, એવો એમનો દઢ મત છે.

અપંગ કલ્યાણ ક્ષેત્રે શ્રી કીકુભાઈની વિશિષ્ટ કામગીરીની સરકાર તથા જાહેર સંસ્થાઓ દ્વારા વારંવાર કદર થતી રહી છે. અને એમની સિદ્ધિ પુરસ્કૃત થતી રહી છે. એમને નીચે મુજબ ઍવૉર્ડ્સ પણ મળેલા છે :

૧. સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેવા બદલ તામ્રપત્ર મળ્યું, તા. ૧૫-૮-૧૯૭૨. ૨. અપંગ કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ વિશ્વ અપંગ વર્ષમાં રાજ્યપાલશ્રી બી.કે. નેહરુના હસ્તે રાજ્ય પારિતોષિક, તા. ૨૬-૧૨-૧૯૮૧. ૩. બાલકલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃત્તિ કરતી વ્યક્તિ તરીકે રાજ્યપાલશ્રી બી.કે. નેહરુના હસ્તે પારિતોષિક એનાયત, તા. ૨૧-૯-૧૯૮૪. ૪. બાલકલ્યાણ ક્ષેત્રે રાષ્ટ્રિય પારિતોષિક રાષ્ટપતિ શ્રી જ્ઞાની જૈલસિંગના હસ્તે, તા. ૬-૪-૧૯૮૫. ૫. અપંગ કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃત્તિ કરતી વ્યક્તિ તરીકે રાષ્ટપતિ શ્રી વેંકટરામનના હસ્તે રાષ્ટ્રિય પારિતોષિક, તા. ૧૯-૩-૧૯૮૯. ૬. વિકલાંગોને વધુમાં વધુ રોજગારી આપનાર સંસ્થા તરીકે ટ્રસ્ટ સંચાલિત દેવબાળ છાપશાળાને રાજ્યપાલશ્રી સ્વરૂપસિંહના હસ્તે રાજ્યકક્ષાનું પારિતોષિક 'શ્રેષ્ઠ નોકરી દાતા', તા. ૧૪-૯-૧૯૯૨. ૭. વિકલાંગોને વધુમાં વધુ રોજગારી આપનાર સંસ્થા દેવબાળ છાપશાળાને રાષ્ટ્રપતિશ્રી શંકરદયાલ શર્માના હસ્તે પારિતોષિક, તા. ૨૦-૩-૧૯૯૪. ૮. બાલકલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃત્તિ કરવા બદલ ૧૯૯૩ના રાજ્યકક્ષાના પારિતોષિક માટે પસંદગી થઈ છે.

સંસ્થા (ગાંધીઘર)નાં બાળકોની સિદ્ધિ : (૧) વૉલિબૉલ જેવી વિવિધ રમતોમાં ૧૨ મેડલ, (૨) રમતોત્સવ (રાજ્ય કક્ષાએ)માં સતત ૯મી વાર ચૅમ્પિઅન, (૩) ૧૯૭૫થી ૧૯૯૪ સુધીમાં, રાષ્ટ્રિય કક્ષાએ : ૧૦૧ સુવર્ણ, ૧૬૬ રૌપ્ય, ૧૭૭ કાંસ્ય ચંદ્રક; રાજ્ય કક્ષાએ : કુલ ૧૫૭૫ ચંદ્રકો. (૪) મયૂર નૃત્ય, ડાંગી નૃત્ય, રાજસ્થાની નૃત્ય, રાસ-ગરબા અને મૂક અભિનય.

આમ, શ્રી કીકુભાઈએ સત્તાની લોલુપતાને કોરાણે મૂકી, ગાંધી-પ્રેરિત સેવાની મૂડી અકબંધ રાખી, પોતાની જાતને સમર્પી દઈને ઋષિપરંપરાને જીવંત રાખી છે. એઓ સ્વપ્નદ્રષ્ટા જ નથી સ્વપ્નોને મૂર્તરૂપ આપનાર અઠંગ કર્મયોગી છે. કલ્યાણકારી રચનાત્મક સેવા પ્રવૃત્તિની સુવાસ પ્રસરાવનાર અણનમ યોદ્ધા છે. ઊંચેરા ભેખ અને કર્મપરાયણતા દ્વારા ગાંધી મૂલ્યોના સંરક્ષણ સહિત પ્રાણવંત સંસ્થાઓના ધબકાર છે. અપંગ કલ્યાણ, બાળકલ્યાણ, સ્ત્રી કલ્યાણની રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા ગાંધીજીનું આથી ઉત્તમ તર્પણ બીજું કયું હોઈ શકે? □

ઉમા

મૂળશંકર પ્રા. ભટ્ટ

બારી પાસે બેસી તે બહાર જોઈ રહી હતી. સંધ્યાનો પ્રકાશ રસ્તાની તરુપંક્તિ પર ફેલાતો હતો. બારીના પડદા પર તેણે મસ્તક ટેકવ્યું હતું. પડદામાં રહેલી બારીક ધૂળની વિચિત્ર વાસ આવતી હતી. તે થાકેલી લાગતી હતી.

માર્ગ પર બહુ થોડાં લોકો હરફર કરતાં હતાં. અંતિમ મકાનમાંથી એક માણસ ઘેર જવા માટે પસાર થયો. પાકા રસ્તા પર તેનો પગરવ સંભળાયો. પછી લાલ ઈંટનાં બાંધેલાં નવાં મકાનો પાસેના કાચા માર્ગ પર પગલાંનો અવાજ કાને પડ્યો.

એક દિવસ અહીં ખેતર હતું. રોજ સાંજે છોકરાંઓના સાથમાં સૌ ત્યાં રમતાં. શહેરમાં વસતા એક વેપારીએ જમીન ખરીદી અને મકાન બાંધ્યાં - એક રૂમનાં નહિ, ઈંટનાં મજબૂત અને ચકચકાટ કરતી દીવાલોવાળાં. પડોશનાં બાળકો ખેતરમાં રમતાં - દામજીભાઈનાં, વસંતકાકીનાં, લંગડો કાકુ, પોતે અને તેનાં ભાંડરડાં. અરુણ ક્યારેય રમતો નહિ. તે મોટો હતો ને! ઘણી વખત હાથમાં ડંગોરો લઈ પિતા સૌને ખેતર બહાર હાંકી કાઢતા. સામાન્ય રીતે કાકુ નજર રાખતો. પિતાને આવતા જોતો એટલે ચેતવી દેતો. એ સમયે સૌ ઠીક-ઠીક સુખી હતાં. પિતાજી ત્યારે એવા ખરાબ નહોતા. વધુમાં, મા જીવતી હતી.

ઘણા સમય પહેલાંની આ વાત છે. પોતે અને બીજાં ભાઈ-બહેનો હવે તો મોટાં થયાં હતાં. માતા અવસાન પામી હતી. વસંતકાકી પણ પરલોક સીધાવ્યાં અને દામજીભાઈનું કુટુંબ મુંબઈ ચાલ્યું ગયું. બધું બદલાઈ ગયું. કેટલીક છોકરીઓની માફક તે પણ ઘર છોડીને ભાગી જવા માગતી હતી.

ઘર! રૂમમાં ચારે તરફ તેણે નજર ઘુમાવી. ત્યાં પડેલી ચીજવસ્તુઓ અઠવાડિયે એક વાર તે વરસોથી ઝાટકતી આવી છે. આટલી બધી ધૂળ ક્યાંથી આવે છે તે તેને ક્યારેય સમજાતું નહિ. આ ઘરથી વિખૂટા પડવાનું તેણે સ્વપ્નેય વિચાર્યું નહોતું. આ પરિચિત વસ્તુઓ હવે ફરીથી કદાપિ જોવા નહિ મળે. ભીંત પર એક છબી લટકતી હતી. છબીમાં કેસરી પાઘડી બાંધેલા, કપાળે મોટું તિલક કરેલા એક પંડિત દેખાતા હતા. આજ સુધીમાં તેમના નામની તેને ખબર પડી નહોતી. પિતા સાથે તે સ્કૂલમાં ભણતા. કોઈ પણ મહેમાનને પિતા તે છબી બતાવતા ત્યારે સહજભાવે કહેતા : 'તે હવે માંગરોળમાં વસે છે.'

નાસી જવાનું તેણે કબૂલ કર્યું હતું. ઘર છોડીને ભાગી જવાની હતી. આ પગલું બરાબર હતું ? સવાલની એકેએક બાજુને તેણે જોખી જોઈ. અહીં ઘરમાં તેને આશરો મળતો, ખોરાક મળતો અને વરસોથી જે લોકોને ઓળખતી તે લોકોનો સાથ-સહારો સાંપડતો. અલબત્ત, ઘર આગળ અને નોકરીને સ્થળે તેને કઠોર પરિશ્રમ કરવો પડતો. એક યુવાન સાથે પોતે નાસી ગઈ છે તેની જાણ સ્ટૉર્સમાં થશે ત્યારે તે લોકો શું કહેશે? કદાચ કહેશે, 'મૂરખ!' જાહેરખબર આપી પોતાની જગ્યાએ બીજી છોકરીને રાખી લેશે. સ્ટૉર્સની દયાબહેન ખૂબ રાજી થશે. દયાબહેન ખાસ વંકાયેલી રહેતી - ઘરાકોનો ભરાવો થતો ત્યારે તો ખાસ.

'ઉમા, પેલાં બહેનો રાહ જુએ છે તે નથી દેખાતું?'

'થોડો તરવરાટ દેખાડો, ઉમા!'

ક્યાંક દૂરદૂર અજાણ્યા મુલકમાં, પોતાના નવા ઘરમાં બધું આમ નહિ હોય. ત્યારે પોતે પરણી ગઈ હશે. તેની સાથે લોકો સન્માનપૂર્વક વ્યવહાર રાખતા હશે. લોકો જેમ મા સાથે વર્તતા તેમ તેની સાથે નહિ વર્તે. અત્યારે પોતે ઓગણીસ ઉપરની થઈ તો પણ તેને પિતાનો ડર લાગતો. આથી તે ફફડાટમાં રહેતી. એમ તો સૌ ભાંડુ મોટાં થઈ રહ્યાં હતાં. પોતે છોકરી હતી તેથી ધીમંત કે અરુણને પિતા જેમ ઢીબતા તેમ તેને કદી ઢીબતા નહિ, પરંતુ હમણાં હમણાં તેની બીક લાગતી હતી. પિતા કહેતા કે માતા મરી ગઈ છે, એટલે તારી જરૂર પડશે. પોતાની પડખે ઊભું રહે તેવું હવે ઘરમાં કોઈ નહોતું. અરુણનું અવસાન થયું હતું. ધીમંત કામધંધા અંગે લગભગ બહાર જ વસતો. વધુમાં પહેલી તારીખની રાત્રે પૈસા માટે થતો કલહ વર્ણવી ન શકાય તેમ થકવી નાખતો. પોતાનો બધો પગાર તે આપી દેતી. ધીમંત પણ શક્ય એટલાં નાણાં મોકલતો. પણ પિતા પાસેથી પૈસોયે પાછો મેળવવો એ આભના તારા નીચે ઉતારવા બરાબર હતું. પિતા કહેતા - 'તું પૈસા બહુ ઉડાવે છે. તને ભેજું જ નથી. ગમે તેમ વેડફી નાખવા તારી કમાણીની એક પાઈ પણ હવે હું તને આપવાનો નથી.' તે રાત્રે તેની મતિ સાવ બગડી જતી. અંતે પૈસા આપતા ખરા પણ પૂછી લેતા, 'કાલનું ખાણું તારા તરફથી ને?' ઉમા ઝપાટાબંધ બજારમાં દોડતી, કસીને પર્સ પકડતી, કોણી મારી ટોળામાંથી માર્ગ કાઢતી અને ખરીદી પતાવી મોડેથી ઘેર આવતી. ઘરમાં બધું સમુંસૂતરું રાખવું તેને માટે લોઢાના ચણા ચાવવા બરાબર હતું. બે નાનાં ભાઈ-બહેન નિયમિત સ્કૂલે જાય અને પેટ ભરીને જમે તે પણ તેણે જોવું પડતું, સખત મહેનત હતી- કઠણ જિંદગી વીતાવવી પડતી હતી. પણ હવે બધું છોડીને જવાનું નજીક આવ્યું છે ત્યારે વર્તમાન જીવન એટલું કઠોર નથી લાગતું.

દિલીપ સાથે હવે નવું જીવન શરૂ થવામાં હતું. દિલીપ ખૂબ માયાળુ, ખુલ્લા દિલનો અને મર્દ હતો. લગ્ન કરવા માટે રાતની બસમાં ઊપડી જવાનું હતું. દિલીપે જામનગરમાં વસાવેલા ઘરમાં રહેવાનું હતું. પહેલી વખત તે દિલીપને મળી એ પ્રસંગ દિલમાં કેટલો તાજો સચવાઈ રહ્યો છે! - જાહેર રસ્તા પર આવેલા મકાનમાં તે રહેતો. પોતે તેને મળતી. જાણે થોડાં અઠવાડિયાંમાં ઘર બન્યું ન હોય તેવું લાગે છે. દરવાજા પાસે તે ઊભતો. રતૂમડા ચહેરા પર વાળના ગુચ્છા પથરાયેલા રહેતા. માથે પી-કેપ પહેરી હોય. બંને વચ્ચે પરિચય થયો. રોજ સાંજે તે સ્ટૉર્સ પાસે આવતો અને ઘેર

મૂકી જતો. એક વાર ફિલ્મ જોવા પણ લઈ ગયો હતો. સિનેમા થિએટરના જે ક્લાસમાં પોતે ક્યારેય બેઠી ન હતી તે ક્લાસની ખુરશી પર બેસતાં તેણે મગરૂરી અનુભવી હતી. સંગીતનો તો તેને ઘણો શૉખ. થોડું ગાતો પણ ખરો. બંને વચ્ચે પ્રેમ પાંગરી રહ્યો છે તેની આસપાસનાંઓને જાણ હતી. ખલાસીને પ્રેમ કરતી એક કન્યા વિષે તે ગાતો ત્યારે ઉમાને મધુર મૂંઝવણ થતી. દિલીપ મજાકમાં તેને મીનાકુમારી કહેતો. એક યુવકનો સાથ સાંપડ્યો છે એ વિચારે શરૂઆતમાં તેને રોમાંચ થયો. ધીરે - ધીરે દિલીપ તેને ગમવા માંડ્યો. તે દૂરના મુલકની વાર્તાઓ કહેતો. એક સ્ટીમરમાં તેને નોકરી મળી હતી. ઠીક પગાર મળતો. કેટલીય સ્ટીમરોનાં નામ બોલતો અને બીજે જ્યાં જ્યાં નોકરી કરી હતી તેનું વર્ણન કરતો. છેક માડાગાસ્કર સુધી ગયો હતો. જામનગરમાં પડી ગયો તેથી થોડા આરામ માટે અહીં વતનમાં આવ્યો હતો. ઉમાના પિતાને આ લફરાની જાણ થઈ ગઈ અને દિલીપ સાથે એક શબ્દ પણ બોલવાની તેણે મનાઈ ફરમાવી.

'સ્ટીમર પર કામ કરતા આવા છોકરાઓને હું બરોબરના જાણું છું', પિતાએ કહ્યું હતું.

એક દિવસ દિલીપ અને પિતાને ઠેરી ગઈ હતી. ત્યાર પછી ઉમાએ દિલીપને ગુપ્તપણે મળવું પડતું.

સાંજનો અંધકાર ગાઢ થવા લાગ્યો. ખૉળામાં પડેલા બે પત્રો ઝાંખા થવા લાગ્યા, એક પત્ર ધીમંતને લખ્યો હતો અને બીજો પિતાને. ધીમંત માટે તેને સદ્ભાવ હતો. તે જોતી કે પિતા હવે વૃદ્ધ થવા લાગ્યા છે. પોતાની ખોટ તેમને સાલશે. ક્યારેક તે ખૂબ જ ભલા જણાતા. થોડા જ દિવસો પહેલાં પોતે તાવથી પથારીવશ બની ત્યારે પિતાએ વાર્તાઓ વાંચી સંભળાવી હતી અને ખાવાનું બનાવી આપ્યું હતું. એક વખત જ્યારે મા જીવિત હતી ત્યારે બધાં દરિયાકિનારે ફરવા ગયાં હતાં. માનો સ્કાર્ફ પોતાને માથે બાંધી પિતાએ સૌને હસાવ્યાં હતાં.

સમય થવા આવ્યો હતો પરંતુ તે બારી પાસે બેઠી રહી. પડદા પર માથું ટેકવેલું રહ્યું. પડદાની ધૂળની વાસ નાકમાં ફેલાતી રહી. ક્યાંક દૂરથી મધુર ગીત સંભળાયું. આવી જ એક રાત્રિએ તેણે માને જે વચન આપ્યું હતું તે સ્મરણપટ પર કેવી વિચિત્ર રીતે ચઢી આવ્યું? ઘરને હંમેશાં એકસૂત્રમાં રાખવાનું વચન. માના જીવનની આખરી રાત તેને યાદ આવી. ત્યારે આ જ ગીત સંભળાયું હતું.

જેમ જેમ તે વિચારતી ગઈ તેમ તેમ જિંદગીની માયા તેની વૃત્તિ પર કરુણાભરી રીતે જાદુ ફેલાવવા લાગી. એ માયા હતી માતાની ત્યાગભાવનાની ધૂનની. એકની એક વાત ફરીફરી કરતી માતાનો અવાજ તેને સંભળાયો :

'શ્રીકૃષ્ણં શરણં મમ! શ્રીકૃષ્ણં શરણં મમ! '

તે ધ્રૂજી ઊઠી.

ભયના અકલ્પિત આવેશમાં તે એકાએક ઊભી થઈ ગઈ. તેણે હવે ભાગવું જોઈએ! દિલીપ તેની રાહ જોતો હશે. નવું જીવન દિલીપ જ બક્ષશે. તેને નવજીવન જોઈતું હતું. શા માટે તે દુઃખી થાય છે? સુખ પ્રાપ્ત કરવાનો તેને હક છે. દિલીપ તેને આલિંગન દેશે, તે જ તેને સુખી કરશે.

બસ-સ્ટેશન પર ઊભરાતી મેદની વચ્ચે તે ઊભી હતી. દિલીપે તેનો હાથ પકડ્યો હતો. દિલીપ કંઈક વારંવાર કહી રહ્યો હતો એમ તેને લાગ્યું.

તે દિવસે કશોક તહેવાર હોવાથી સાધુ-બાવાઓ અને તેમના થેલા-થેલીઓથી બસ-સ્ટેશન ભરચક હતું. ત્યાં તો સ્ટૅન્ડ પર એક બસ આવી ઊભી. ઉમાએ દિલીપના પ્રશ્નોનો કશો ઉત્તર ન આપ્યો. તેનો ચહેરો નિસ્તેજ અને ટાઢોબોળ બન્યો. વ્યથાના જાળામાં ગૂંચવાયેલી તે માર્ગદર્શન માટે ભગવાનને પ્રાર્થના કરવા લાગી. સ્ટૅન્ડ પર ઊભેલી બસની ઘંટડી જોરથી વાગી. જો અત્યારે તે બસમાં બેસી જશે તો જામનગરનો માર્ગ ટૂંકો થતો જશે. બંનેની ટિકિટો તો લેવાઈ ગઈ હતી. દિલીપે પોતાને માટે આજ સુધી જે કંઈ કર્યું હતું તે વિસરી જઈ પીછેહઠ કરી શકાય ખરી? તેના દિલમાં ઘૃણા ઉત્પન્ન થઈ. અશબ્દ સ્તવન ઉચ્ચારતા તેના હોઠ ફફડવા લાગ્યા. તેના હૃદયમાં જાણે કે ઘંટડી વાગી. પોતાનો હાથ ખેંચાતો હોય તેમ લાગ્યું.

'ચાલ!'

વિશ્વના તમામ સમુદ્રો જાણે કે તેના પગ પાસે ઊમટી પડ્યા. દિલીપ તે સાગરોમાં તેને ખેંચી જતો હતો. તો તો તે ડૂબી જશે. હાથ છોડાવવા તેણે કોશિશ કરી.

'ચાલ!'

નહિ! નહિ! નહિ! આ અશક્ય હતું. તેણે જોરપૂર્વક પોતાનો હાથ છોડાવ્યો. ભરદરિયે તેણે વેદનાભરી ચીસ પાડી.

'ઉમા! ચાલ!' દિલીપે કહ્યું.

તે ટોળામાં ઘૂસ્યો અને ઉમાને પાછળ આવવા કહ્યું. કોઈકે બૂમ પાડીને દિલીપને બસમાં ચડી જવા કહ્યું. દિલીપે ઉમાને હાક પાડી ઉમાનો ફિક્કો ચહેરો દિલીપ તરફ ઘૂમ્યો. તેની આંખોમાં પ્રેમ, વિદાય કે અંગીકારની કસી નિસાની નહોતી.

[જેમ્સ જોય્સની નવલિકા 'ઈવલિન' પર આધારિત] □

અમેરિકામાં ભારતીયો : 'પોટેલ'-વ્યવસાયનાં સાંસ્કૃતિક પરિમાણો (૬)

પ્રા. પ્રવીણ ન. શેઠ

અમેરિકામાં ભારતીયોની દશ્યશ્રાવ્ય હસ્તી તો મોટેલ-હોટેલ આપે છે. વર્જિનિઆથી કેલિફોર્નીઆની ઇન્ટરસ્ટેટ હાઈવેની લાંબી પટ્ટી પર પટેલ-મોટેલો આવ્યા કરે છે. ટેલેસી, જ્યોર્જિયા, ફ્લોરીડા, ટેક્સાસ અને કેલિફોર્નીઆમાં આલાબામાં અને નૉર્થ કેરોલાઇનામાં પણ તેમનું પ્રભુત્વ છે. 'ધ ન્યૂ અમેરિકન્સ'માં જોએલ મિલમૅન તો કહે છે કે, 'પટેલ-મોટેલ મૉડેલ' એ બધા નવવસાહતીઓને પ્રગતિ કરવા માટેનો માર્ગ ચીંધે છે. થોડા અપવાદો સાથે, ભારતીયો સક્ષમ અને શક્તિશાળી સંસ્થાઓ ઊભી કરવા માટે જાણીતા નથી. સંસ્થાનું નિર્માણ કરવું, તેના સભ્યોની સંખ્યા વ્યાપક હોય, તેના સભ્યોને સંસ્થાની પ્રવૃત્તિઓમાં સારા પ્રમાણમાં સક્રિય ભાગીદારી નોંધાવતા હોય અને તેને સતત ગતિશીલ નેતૃત્વ મળી રહેતું હોય - તેવું ભારત માટે ઓછું બન્યું છે.

ભારતીય ઇતિહાસમાં હિન્દુ સમાજવ્યવસ્થા, આઇ.સી(એ). એસ. અને (૧૯૬૯ સુધીનો) કૉંગ્રેસ પક્ષ - એ ત્રણ જ દીર્ઘકાલીન અને દેશવ્યાપી સંસ્થાઓની રચના અને તેમનું લાંબા સમય સુધીનું સંચાલન કરી શકાયું હોય, તેવાં દૃષ્ટાંતો આપણી પાસે છે. વિદેશમાં ભારતીય વસાહતીઓએ જ્ઞાતિ, ધર્મ, પ્રદેશ જેવાને આધારે મંડળો સ્થાપ્યાં છે, પણ સુઘટ્ટ માળખા અને એકતાલક્ષી વર્તનનાં દૃષ્ટાંતો પૂરાં પાડી શક્યા નથી.

આ સંદર્ભમાં અમેરિકામાં બે સંગઠનો ધ્યાન ખેંચે તેવાં પ્રભાવશાળી બની શક્યાં છે. એક 'આહોઆ' (Asian American Hotel Owners Association)) અને 'આપી' (American Association of Physicians of Indian Origin).

અહીં 'આહોઆ'ની વાત કરીએ. આ વ્યવસાયી સંગઠન એશિયન અમેરિકનોનું છે. તેમાં કોરીઅનો અને ચાઇનીઝ મોટેલ - હોટેલ માલિકો સભ્યો છે. પણ ૯૦ ટકા ઉપરાંત તો ઇન્ડિયન-અમેરિકનો (ભારતીયો) છે ને તેમાં ય મોટા ભાગના તો ગુજરાતીઓ જ છે. ને વળી તેમાંના બહુ મોટા ભાગના તો પટેલો છે.

અમેરિકામાં ધંધા તેમજ પ્રવાસ-પર્યટન અંગે હોટેલનું ખૂબ મહત્ત્વ છે. આ દેશમાં કુલ હોટેલોમાં સ્વતંત્ર રીતે ચાલતી હોટેલોના ૩૫ ટકા અને ફ્રેન્ચાઇઝ્ડ થયેલી હોટેલોની ૬૫ ટકા હોટેલો ભારતીયોની માલિકીની છે. આ મિલકતોની કુલ કિંમત ૩૧.૨ બિલ્યન ડૉલર જેટલી થવા જાય છે. તેઓ અમેરિકન સરકારને ૯૨ મિલ્યન ડૉલર જેટલો ટેક્સ આપે છે. ફ્રેન્ચાઇઝ્ડ પ્રકારની હોટેલોમાં હોલીડે ઇન, હોવાર્ડ જહૉનસન, રમદા, સુપર ૮ મોટેલ જેટલી હોટલોનો સમાવેશ થાય છે. અને આહોવા સાથે સંકળાયેલ મોટેલ-હોટેલો કુલ ૬,૫૯,૯૨૫ લોકોને રોજી આપે છે. એશિયન અમેરિકનો ઇકોનૉમી લોજિંગ ક્ષેત્રની ૬૫ ટકા અને બધી મિલકતોની ૩૦ ટકા મિલકતો ધરાવે છે. આમ કુલ ૬,૪૦,૦૦૦ રૂમોની સુવિધા આપતો અતિથિ કે હોટેલ ઉદ્યોગમાં મોટેલ-હોટેલ ચલાવતા ભારતીયો મોખરાનું સ્થાન ધરાવે છે. અમેરિકન સરકાર કે પોતાના અપનાવેલા દેશની પાસે આવા ભારતીયો લે છે તેના કરતાં વિશેષ તો પ્રદાન કરે છે. તથા આ દેશના 'હૉસ્પિટાલિટી' ઉદ્યોગ એટલે કે પ્રવાસન અને અર્થકારણમાં તેના પ્રથમ પ્રમુખ જે.પી.રાણા (પટેલ જ્ઞાતિના) કહે છે તેમ, આ ઉદ્યોગની સંપત્તિ 'નૂતન અમેરિકન લૅન્ડસ્કેપ' તરીકે ધ્યાન ખેંચી રહ્યો છે.

'આહોઆ' ૧૯૮૯માં સ્થપાઈ. તે પહેલાંના દશકામાં મોટેલમાલિકો માટે સરકાર અને ગોરા હોટેલમાલિકો ભારતીય મોટેલમાલિકો સામે પૂર્વગ્રહ અને ભેદભાવભર્યું વલણ અપનાવતા હતા. તેમને મોટેલની મિલકત લેવા લોન મળતી નહિ. અમેરિકાનાં અગ્રિમ છાપાંઓમાં તેમને વિશે નકારાત્મક હેવાલો આવતા. પટેલો ખોટા અને બિનકાનૂની નીતિરીતિથી મોટેલ ચલાવતા, વેચતા તથા 'પટેલ' ને નામે એક જ મોટેલની માલિકીનાં નામો બદલીને પોતાનાં સગાંઓને અહીં વીસા અપાવવાનો પ્રયાસ કરે છે. જૂની મોટેલ જાણી જોઈને બાળી નાખી, તે બહાને વીમા કંપનીઓ પાસેથી વીમાની (આગ લાગવાથી થયેલ નુકસાન પેટે) મોટી રકમ પડાવે છે, તેવી ગોરાઓમાં વ્યાપક માન્યતા હતી. વળી આ 'દેશી' મોટેલોના રૂમો ચોખ્ખા રખાતા નથી, તેમાં 'કરીની' (રાંધેલી પ્રવાહી વાનગીની) વાસ આવે છે તેવું પણ છપાતું. (જો કે, આ લેખકે પણ ૧૯૮૮માં લૉસ એન્જલીસમાં રાંધેલી વાનગીની વાસ આવતી હોય અને પથારીની ચાદર બદલાયેલી નહિ હોય, તેવી ભારતીયોની મોટેલ જોઈ હતી. પણ તે પછી તો તેમની સેવાની ગુણવત્તા ઘણી જ સુધરી છે. તેથી પટેલોની મોટેલોની પસંદગી નહિ કરાય, ને પોતાનો હોટેલઉદ્યોગ ચાલુ રહે તે માટે ૧૯૮૦ના દશકામાં ગોરાઓ પોતાની મોટેલ પર 'અમેરિકન ઓઉન્ડ' ('American Owned') એવું બોર્ડ લગાવતા. આ સામે નેશવિલેના શંકર પટેલે ૧૯૮૫માં એક સંગઠન સ્થાપીને ભારતીય મોટેલો માટે પણ વીમો મળે તે માટે પ્રયાસ કર્યા હતા અને ઇન્ડોઅમેરિકન હૉસ્પિટાલિટી એસોશિયેશન સ્થાપ્યું હતું. ચાર વર્ષ પછી 'ડેઝ ઇન ઑફ અમેરિકા કં.'ના પ્રમુખ માઇકલ લેવનના ટેકાથી આહોઆ સ્થપાયું તેમાં આ સંગઠન પણ ભળી ગયું. લેવને આહોવાની રચનામાં બતાવેલા લગાવને કારણે તેઓ આહોવા પરિવારમાં 'બાપુ' તરીકે જાણીતા બન્યા છે. જોતજોતામાં તેની સભ્ય

સંખ્યા ૨૦૦થી ૧૯૯૭માં ૪,૫૦૦ જેટલી થઈ ગઈ છે. હવે તો અમેરિકાનાં ૪૫,૦૦૦ કરતાં વધારે લૉજિંગ એકમોમાં ૩૦ ટકા કરતાં વિશેષ આહોઆ સભ્યો પાસે છે. ૫,૦૦૦ માલિકો પાસે ૧૮,૦૦૦ કરતાં વધારે મિલકતો છે. અને આ સમગ્ર ઘટનામાં ગુજરાત અને પટેલો તેના આરંભબિંદુ, તેમજ તેના વિકાસના ગતિશીલ ચાલકો બની ગયા છે, તે ગુજરાત માટે ગૌરવ લેવા જેવું છે.

૧૯૨૩ના ઇમિગ્રેશન બિલનો લાભ લઈને આવેલા દક્ષિણ ગુજરાતના દિગાસના કાનજીભાઈ મંછુભાઈ દેસાઈ સાનફ્રાન્સિસ્કો આવ્યા. શરૂઆતમાં નજીકના બાગાયતી ક્ષેત્રમાં ફળ તોડવા જેવી મજૂરી કરીને, પછી તેમણે નાની મોટેલ સ્થાપી. આ ધંધામાં ક્રમશઃ એવી પ્રગતિ સાધી કે પછી તેમણે પોતાના જાતિભાંડુઓને આશરો આપીને, આ ધંધામાં તૈયાર કર્યાં. તે પછી સુરત પાસેના વતનના ભૂલાભાઈ વી. પટેલે ૧૯૪૯માં હોટેલ સ્થાપી. તેઓએ પણ શરૂઆત ઉત્તર કેલિફોર્નીઆમાં એપ્રિકોટ, કપાસ અને દ્રાક્ષ વીણવા જેવા શ્રમકાર્યથી કરી. પછી ૧૦૮ રૂમવાળી વિલિયમ પેન નામની પ્રથમ હોટેલ કહી શકાય તેવી મિલકત લીધી ને સફળતાપૂર્વક ચલાવી. આજે તો મોટેલ-હોટેલ ઉદ્યોગમાં પડેલ ૪,૫૦૦ સભ્યોમાંથી ૨,૩૦૦ કરતાં વધુ તો પટેલો છે. આહોવાના સભ્યો અને હોદ્દેદારોની યાદી વાંચીએ તો 'P' થી 'P' વાંચતા હોઈએ તેવું લાગે. અમેરિકનો પણ હોટેલ અને મોટેલ નામ સાથે તરત જ 'પટેલ' મૂકી દે છે. અને અહીં 'મોટેલ'ને ઘણાં 'પોટેલ' (Potel) તરીકે મજાકમાં યાદ કરે છે. અલબત્ત, હળવાશથી ઉચ્ચારાયેલાં ઘણાં વિધાનોમાં મહત્ત્વનાં તથ્યો સમાયેલાં હોય છે. અમેરિકાનો બીજા ક્રમે આવતો સૌથી મોટો ઉદ્યોગ જે કુલ રોજગારી આપે છે, તેમાં ૧૦ ટકા આહોઆનો ફાળો છે. ને તે અમેરિકાની વસતીના એક ટકા જેટલો થાય છે. મુંબઈના અમેરિકન વાઈસ-કોન્સલે એક દશકા પહેલાં અમદાવાદમાં એક મિલનમાં જણાવેલું કે એંશીના દસકામાં અમેરિકાના મિડ-વેસ્ટ પ્રદેશનું અર્થકારણ કટોકટીમાં આવી ગયેલું. ત્યારે પટેલોએ ત્યાં ઇન્ટરસ્ટેટ હાઈવે પર સસ્તા દરે રૂમ વગેરે રાતવાસો કરવા કે દિવસો પર્યન્ત ભાડે રહેવા માટે મોટેલો ઊભી કરી તેને કારણે તે અહીં ધંધા માટે આવતા સેલ્સમેનો, એજન્ટો, કંપનીઓના રિપ્રેઝન્ટેટિવોને મોટી અનુકૂળતા થઈ અને તે રીતે મિડવેસ્ટને ફરીથી બેઠું કરવા માટે ગુજરાતીઓનો - 'પોટેલો'નો મોટો ફાળો છે.

તેના ભૂતપૂર્વ અધ્યક્ષ નીતિન શાહના નેતૃત્વ નીચે આ બધી હકીકતો અને આંકડાઓ સાથે આહોઆએ વ્યવસાયી ઢબે પોતાનો 'પ્રોફાઇલ' તૈયાર કર્યો. લોન ઑફિસરે, હોટેલોના ફ્રેન્ચાઈઝરો, વીમા કંપનીઓ અને વેપારીઓ પર સારી અસર પડી. અમેરિકન કૉંગ્રેસ સમક્ષ પણ તેને આધારે રજૂઆત થઈ અને તેની કમિટી ઑફ સ્મોલ બિઝનેસે મોટેલ ઉદ્યોગને કાનૂની રીતે નાણાંકીય સવલત-સહાય મળે તેવી વૈધાનિક વ્યવસ્થા કરી આપી. તે જ પ્રમાણે આહોઆ સભ્યોને ફ્રેન્ચાઈઝ મેળવવા માટે પણ હક મળ્યો.

આમ, અહીંની રાજકીય નીતિઘડતરની પ્રક્રિયામાં આ બાળસંગઠન વ્યવસ્થિત રજૂઆત કરીને અસરકારક બની શક્યું છે. નીતિન શાહ અને હરીશ પટ્ટણી જેવાઓના પ્રયાસોથી ગ્રાસરૂટ્સ કક્ષાનાં સંગઠનો રાજ્ય અને રાષ્ટ્રિય (ફેડરલ) સ્તરે રાજકીય નીતિઘડતરમાં સક્રિય બનીને પોતાનાં વ્યાવસાયિક હિતો અંકે કરી શકે છે, તેનું દૃષ્ટાંત આહોઆના આ ગુજરાતી અગ્રણીઓએ પૂરું પાડ્યું છે. આહોઆએ હવે તેના વિકાસને લગતા જે બીજા મહત્ત્વના પ્રશ્નો છે, તેને સુલઝાવવા માટે રાજકીય પ્રવૃત્તિ સારું ગ્રાસરૂટ્સ કક્ષાએ પ્રયોજવા માટે અને વૉશિંગ્ટનમાં તેનો અવાજ સંભળાય તે માટે પીઢ અનુભવી ડેવિડ ટેલરની તેના આટલાન્ટા ખાતેના મુખ્ય મથકમાં ડિરેક્ટર તરીકે નિમણૂક કરી છે, આ બાબત અસરકારક પ્રવૃત્તિ થશે, તેવી આહોઆના વર્તમાન ગતિશીલ પ્રમુખ માઇક (મુકેશ) પટેલ સારી આશા ધરાવે છે.

મુખ્યત્વે ખેડૂતજ્ઞાતિના એવા પાટીદારો ગ્રામીણ પ્રદેશમાંથી આવે છે અને તત્ત્વતઃ ખેડૂત જ્ઞાતિના છે. ભારતમાં પંજાબીઓની જેમ ગુજરાતીઓ કાંઈ મોટી હોટેલ ચલાવવા માટે પંકાયેલા નથી, તો પણ ભારતથી દસ હજાર માઇલ દૂર મોટેલ-હોટેલ ઉદ્યોગમાં આટલા સફળ કેમ થયા છે ? જે ધંધામાં મુખ્યત્વે રાત્રે મોટેલ ચલાવવા કેશ-કાઉન્ટર પર જાગૃત રહેવાનું અનિવાર્ય બનતું હોય અને કંઈ કેટલાય મોટેલ-માલિકોની મધરાતે રોકડી રકમ ઉઠાવી જવા માટે હત્યા થઈ હોય, તેવા જોખમી ધંધામાં હળવા બાંધાના ગુજરાતીઓ - પટેલો કેમ પડ્યા હશે? આવા પ્રશ્નો સ્વાભાવિક રીતે થાય.

આનો ઉત્તર મોટેલ-ઉદ્યોગના અર્થકારણમાં શોધી શકાય. તેમ તેની પાછળ જે સાંસ્કૃતિક ચાલક બળો છે, તે પણ સમજવા જેવાં છે.

ગુજરાતીઓના નવવસાહતી (diasporic) પ્રવાહના બીજા તબક્કામાં ટેક્નિકલ-વ્યવસાયી ડિગ્રી ધરાવવા કરતાં લોહીના સંબંધથી ગ્રીનકાર્ડ મેળવીને આવનારા વિશેષ હતા. તેઓ પરચૂરણ કે 'ફેક્ટરી જૉબ' કહેવાય તેવી મહેનતકશ નોકરી કરતા, સ્વાશ્રયી ધંધામાં આવક આપે તેવો ધંધો કરવા પ્રતિ વધુ ઢળતા હતા. મોટેલ હોય, તો તેના ખૂણાના ભાગમાં બે-ત્રણ રૂમોમાં પોતે પોતાના કુટુંબ સાથે રહે, તેથી બહાર રહેવાનું ભાડું બચી જાય ને મોટેલનું પ્રત્યક્ષ ને સતત ધ્યાન અપાય. વળી પુરુષ દિવસે નોકરી કરે, અને તેનાં પત્ની સહિતનું કુટુંબ મોટેલ સાથે સંકળાયેલાં કામો ઘેરબેઠાં પતાવી શકે. ખાસ કરીને મોટેલના રૂમો, ટૉઈલેટને સાફ રાખવાનું, એક 'ભાડૂત' જાય ત્યારે તરત તેની પથારીની લિનેન બેડશીટ

વગેરે બદલવાની હોય; બધા રૂમોનાં બેડશીટ-ઓશિકાં, ટુવાલ વગેરેની લૉન્ડ્રી કરવાની હોય - આ બધું શરૂઆતમાં નાનાં મોટેલકુટુંબો કરતાં. અમેરિકામાં બહારના લોકો પાસે આવાં કામ કરાવવાનું વેતન આપવું એ નાના મોટેલમાલિકોને ન પોષાય, તેથી શરૂઆતમાં તો માલિક-કુટુંબના સભ્યો જ આવાં કામ કરીને સારી એવી રકમ બચાવતાં.

બીજું, ગોરાઓ કરતાં ગુજરાતીઓની - ભારતીઓની પોતાની આવકમાંથી ઠીક રીતે બચત કરવાની ટેવને કારણે તેઓ મોટેલ ચલાવવા જરૂરી આખા વર્ષની સાબુ-ટુવાલ, ટૉયલેટ પેપરથી માંડીને ચાદર વગેરે હોલસેલ ભાવે જથ્થાબંધ ખરીદે તેથી તેમને લાભ થાય. ગોરા મોટેલમાલિકોમાં આવી ત્રેવડ નથી હોતી, તે આ ક્ષેત્રનાં અનુભવી રશ્મિબેન મહેતાએ સમજાવ્યું. વળી, મધ્યમવર્ગના ગુજરાતીઓ તેલ, ઘઉં, ચોખા વગેરે આખા વર્ષ માટે સંગ્રહ કરે છે, તે પ્રણાલી પણ અમેરિકામાં તેમણે આ રીતે મોટેલ બાબત જારી રાખી છે.

મોટેલ-ઉદ્યોગ બાબત અર્થકારણ સાથે પટેલોની સાંસ્કૃતિક ખાસિયતના તાણાવાણા ઘટ્ટ રીતે ગૂંથાયેલા છે. એક પટેલને નવી મોટેલ ખરીદવી હોય, તો તેનાં સગાં-મિત્રોનું માર્ગદર્શન અને આર્થિક મદદ મળી રહે છે. કોઈ ગોરાને પોતાની મોટેલ વેચવી હોય તો તેના શરૂઆતના, પહેલા હપ્તા પેટે (ડાઉન પેમેન્ટમાં) લગભગ ૧૦ ટકા રોકડા માગે છે. કોઈ ગોરાને આવી રોકડ રકમ આપવી મુશ્કેલ પડે છે, કારણ તે અહીં 'હાયર પરચેઇઝ' પદ્ધતિથી, વીસા કાર્ડ વાપરીને ખુદ મોજશૉખની વસ્તુઓ કે મોંઘી કાર લેવાને ટેવાયેલો હોય છે, તેથી તેની પાસે એટલી બચત નથી હોતી. અને એનો સમાજ (એનાં સગાં-મિત્રો) તેને ઉદારભાવે જરૂરી રકમ ધીરે એવી અહીં પ્રણાલી નથી. પણ અરવિંદ પટેલ બતાવે છે કે, જ્યારે પટેલોમાં તો તેના ભાઈ-સાળા-બનેવી કે મિત્રોને ૧૦,૦૦૦ થી માંડીને ૩૦,૦૦૦ ડૉલરની રકમ આપે છે. ઘણી વાર તો તે પાછી માગવાનું યાદ પણ કરાવતા હોતા નથી. ને નાઇટ ફ્રેન્ચાઈઝ સિસ્ટમના પ્રમુખ રમેશ ગોકલ કહે છે તેમ, તે કોઈ વાર તો વ્યાજ પણ લેતા નથી! પેલા ગોરા મોટેલમાલિકને રોકડ રકમ (૧૦ ટકા જેટલી મળે), તો તે મોટેલની કુલ વેચાણ કિંમતમાં થોડો ઘટાડો પણ કરતા હોય છે. આથી પટેલો અને બીજા કેટલાક ગુજરાતી વણિકોએ સારા સ્થળે આવેલી મોટેલો આવી રીતે 'ડાઉન પેમેન્ટ' આપીને લાભકારી કે ઓછી કિંમતમાં ખરીદી લીધી છે. વળી, ઇન્ટરસ્ટેટ હાઈવેનાં સ્થળો વિકસેલાં નહિ હોય ત્યાં તેઓએ સસ્તે ભાવ જમીન મેળવીને પછી મોટેલ માટે તેનો વિકાસ કર્યો છે.

૧૯૮૦ના દશકાની શરૂઆતમાં અમેરિકામાં એક કાયદો હતો કે, અહીં ૪૦,૦૦૦ ડૉલરનું કોઈ ધંધામાં રોકાણ કરે, તો તેને 'કાયમી વસવાટ' કરવાનો હક મળી શકે. ઈદી અમીનના જોહુકમી શાસનમાંથી બચી આવેલાં ઘણાં ગુજરાતીઓ ત્યારે (ઘણા કિસ્સાઓમાં પહેલાં ઇંગ્લન્ડમાં રહી આવીને) અમેરિકામાં આ કાયદાનો લાભ લઈને આવેલા. તેઓ રેસ્તોરાં કે ભોજનાલયો વસાવીને પણ આવી રકમ રોકી શકત. પણ રેસ્તોરાં ચલાવવામાં તેમને ગોરા-કાળા વગેરે ગ્રાહકો સાથે વારંવાર મુખોમુખ સંપર્કમાં આવવું પડે. 'મેન્યુ'ની વાનગીઓના અંગ્રેજીમાં ઑર્ડર લેવાથી માંડીને, વાનગીઓ ટેબલ પર મૂકવી, ચેક અને ચેન્જ લેવા-મૂકવા વગેરે દરેક પગલે અંગ્રેજીમાં બરાબર બોલવું પડે છે. વળી માંસાહારી વાનગીઓ પીરસવાનું તેમને નહોતું ગમતું. આથી પણ તેઓ મહેમાનગૃહના કે મોટેલોના ધંધા તરફ વળ્યા. અહીં રેસ્તોરાંની જેમ એક જ ગ્રાહક વારંવાર આવે નહિ, કારણ મોટેલમાં તો પ્રવાસી આવ્યા, ને પછી ગયા તે ગયા!

બીજું, મોટેલ ચલાવવામાં તેમને કુટુંબ સહાયરૂપ બની શકે. અર્ધશિક્ષિત પત્ની પણ મોટેલ ચલાવવામાં ખાસ મુશ્કેલી અનુભવતી નહિ. મોટેલ ચલાવનારને રાત માટે રૂમ ભાડે લેનારને ભોજન આપવાની જવાબદારી પણ નહિ. કોઈ રૂમ-સર્વિસ આપવાની ઝંઝટ પણ નહિ. રિસેપ્શન કાઉન્ટર પર રૂમ આપવાનો ને 'કૅશ' લેવાની - બસ, આટલો જ સંપર્ક. તેથી ગોરાઓ કરતાં મોટેલ-સંચાલનનો 'એસ્ટાબ્લિશમેન્ટ' ખર્ચ ભારતીયોને ખૂબ ઓછો આવે. પત્નીની આગવી ઓળખ અને નિજી પ્રગતિ પર ભાર મૂકતી ગોરી સંસ્કૃતિમાં આવી કુટુંબઆધારિત કે કુટુંબસહાયિત વ્યવસ્થા ક્યાંથી સંભવે? આમ, અમેરિકન પ્લાન કે યૂરોપિયન પ્લાન કરતાં 'ભારતીય પ્લાને' નવી જ અને લાભકારી કેડી રચી છે.

વળી, પટેલ-મોટેલ મોડેલથી તેમની બીજી સાંસ્કૃતિક ભાવના પણ પ:ષાય છે. અહીં સ્થિર થયેલ મોટેલ-માલિક પોતાના નજીકનાં ગ્રીનકાર્ડધારી સગાં કે મિત્રને બોલાવે. તે તેની મોટેલમાં નોકરીએ રહે ને તરત આવક મેળવતો થઈ જાય. રિસેપ્શનના કાઉન્ટરથી રૂમો સાફ કરવાનો, લૉન્ડ્રીકામનો કે હિસાબ રાખવાનો ને એવો જરૂરી અનુભવ મેળવે. આવા અનુભવ પછી તેના સંપન્ન સગા કે મિત્રો બીજી, નાની મોટેલ ખરીદીને સ્વતંત્ર રીતે તેને ચલાવે તે માટે મદદ કરે.

ઘણાં પટેલોએ જૂની મોટેલો ખરીદીને, તેને નવો ઓપ સુવિધાયુક્ત કરીને તેને થોડો વખત ચલાવીને, તેને વધુ વકરો કરાવી આપે તેવી સ્થિતિમાં મૂકી છે. તે તેને પછી સારા એવા નફે વેચે છે. પછી આ રકમથી વધુ કિંમતવાળી, મોટી મોટેલો ખરીદે છે. આવી પ્રક્રિયામાં મજાની વાત તો એ છે કે, પહેલાં પટેલ નવવસાહતીએ મોટેલ લીધી હોય, પછી પોતાના ઓળખીતા, નવા વસાહતીને વેચી હોય. આમ ડઝનેક વાર લે-વેચનો હાથ-બદલો થયો હોય, પણ રહી હોય તો તે (પટેલ કે ગુજરાતી) સમાજના કુંડાળામાં જ ! મિલમેન માને છે

કે આ દશકના મધ્યભાગમાં આ રીતે ૫૦ કે તેથી ઓછી રૂમોની મોટેલો પર પટેલોએ લગભગ ઇજારો મેળવી લીધો છે. અને મોટેલના સંચાલનમાં પ્રગતિકારી પરિવર્તન પણ સાધ્યું છે. મોટા ભાગના ગુજરાતીઓ હવે જાતે રાતે જાગીને મોટેલોમાં ગ્રાહક આવે ત્યારે કાઉન્ટર સંભાળવાથી માંડીને, રૂમો સ્વચ્છ રાખવાનું કામ કે લૉન્ડ્રીકામ કરતા નથી, પણ લૅટિનો, શ્રીલંકાવાસીઓ કે ભારતીય વિદ્યાર્થીઓને રોજીએ રાખીને તેમના પર દેખરેખ રાખીને, તેમની પાસે કામ લેવાનું - એટલે કે સંચાલનનું કામ કરે છે. આલાબામાં અને જ્યોર્જિયામાં આ લેખકે ૧૯૯૫માં ૧૧ મોટેલના માલિકોની મુલાકાત લીધી, ત્યારે આવી ઘણી વિગતો નોંધી. એક માલિકે કહ્યું કે, શુક્રવારની કે શનિવારની સાંજે તેમની મોટેલમાં ગોરા ગ્રાહકો આવે, ત્યારે કાઉન્ટર પર સાંજે - તેમની સાથે વાત કરીને રજિસ્ટરમાં નોંધવા માટે તેઓ ગોરી, અમેરિકન અંગ્રેજી બોલતી છોકરીઓને માત્ર ચારેક કલાકના 'પિક-આવર' માટે વધુ પગાર આપીને રાખે છે! તે પછી તો કોઈ ભારતીય વિદ્યાર્થી કે પોતાના કુટુંબનો યુવાન સભ્ય જ રિસેપ્શન કાઉન્ટર પર બેસતો હોય!

બીજું, આ દસકામાં પટેલો મોટેલ ચલાવવા ઉપરથી વધુ ઊંચા સ્તરની મહેમાનગતિની સેવા અને સુવિધાઓ આપે છે તેવી હોલી ડે ઇન - ડેઝ ઇન, હેમ્પટન ઇન, રમદા, 'ક્લેરીઓન સ્યુટ્સ' (છેલ્લી લક્ઝુરિઅસ હોટેલના રોજના ચાર્જ ૮૫ થી ૧૦૦ ડૉલર) વગેરે હોટેલોના ફ્રેન્ચાઈઝ (તે ચલાવવાના હક) મેળવીને નવી સંપન્ન સ્થિતિ અને 'ઇમેજ'ને પ્રાપ્ત કરવા માંડ્યા છે. ૧૯૯૨ પછી બધા નવા ફ્રેન્ચાઈઝના ૫૦ ટકા કે તેથી વધુ ભારતીયો પાસે છે, એમ જહૉન ક્રો નામના સ્થાવર મિલકત (રીઆલ એસ્ટેટ)ના કન્સલ્ટન્ટ જણાવે છે. 'પટેલોના હાથમાં તો અનિમ્ન સેવાની હોટેલો હાયટ કે હિલ્ટન જેવી ઉચ્ચ કોટિની સંપૂર્ણ સેવા આપતી હોટેલોથી બમણો નફો રળી આપતી બની ગઈ છે.'

વળી પટેલો એટલે માત્ર ઓછા શિક્ષિત હોય એવા જ મોટેલ ઉદ્યોગમાં નથી પડ્યા. તેમાંના ઘણા તો ઇજનેરો છે, સારી ટેક્નિકલ જૉબ છોડીને, કે તે કરતાં કરતાં પણ મોટેલ ઉદ્યોગમાં પડ્યા છે. કેટલાક સારા વ્યવસાયની તક છોડીને આમાં પડ્યા છે. રે અમીન, હરીશ પટેલ, માઈક પટેલ, ચાર્લી અમીન, યુવાન પ્રમોદ પટેલ જેવાં આ મુદ્દે અનેક દૃષ્ટાંતો છે. રે અમીન કહે છે : "અમારામાં માન્યતા પ્રવર્તે છે કે, 'ઉત્તમ વેપાર, મધ્યમ ખેતી અને નોકરી કરવી એ તો આજીવિકાની પ્રવૃત્તિ છે;' આથી ઇજનેરી, બૅન્ક અને હૉસ્પિટલ તેમજ બીજા કનિષ્ઠ કૉર્પોરેશનમાં નોકરીઓ મળતી હોવા છતાં ઘણા ગુજરાતીઓ હોટેલ ખોલે છે (કે સ્ટોર ચલાવે છે)."

ગુજરાતીઓનું આ સાંસ્કૃતિક વલણ અહીં પણ વર્તાય છે. આમ, કુટુંબ માટેની લાગણી, પોતાના સમુદાયનો સહકાર અને કરકસર, પરિશ્રમ અને કૌશલ જેવી ગુજરાતીઓની વંશીય સાહજિક લાક્ષણિકતા - આ સાંસ્કૃતિક મૂળમાં અમેરિકા જેવાની સ્પર્ધાત્મક અર્થવ્યવસ્થામાં પટેલ-મોટેલ મોડેલની સફળતાનું રહસ્ય શોધી શકાય તેમ છે.

અલબત્ત, આ કક્ષાએ પહોંચતાં પહેલાં પટેલોની સારી એવી તાવણી થઈ છે. આહોઆના વર્તમાન પ્રમુખ માઈક પટેલ તથા તેમના ભાઈ રવિ પટેલ (ભૂતપૂર્વ પ્રમુખ) - એ બંને ભાઈઓની આંખમાં મોટેલના ફ્લોર પર સાફ કરતી વખતે (ક્લીનિંગનું) પ્રવાહી રસાયણ જતું. એક વાર મોટેલને આગ લાગી ત્યારે બંબાવાળા આવે તે પહેલાં પાણી છાંટીને તેને બુઝાવવા જતાં તેઓ દાઝી ગયા હતા. કેટલાક મોટેલ-માલિકોને રાત્રે મોટેલમાં ઘૂસનાર ગુંડાઓને હાથે પૈસા અને જાન ગુમાવવા પડ્યા છે.

૧૯૮૦ના દાયકામાં જેમના હાથમાં ફ્રેન્ચાઈઝ (સારી હોટેલોનું સંચાલન) આપવાનો ઇજારો હતો તે ગોરા માલિકો 'પટેલ એટલે નીચામાં નીચી પસંદગી' એમ ગણતા, તે આવી એક અગ્રિમ કંપનીના અધ્યક્ષ ગેરી પિટિટ યાદ કરાવે છે : 'પટેલ એટલે એક દાળ-કઢીના વાસણમાં રસોઈ કરનાર અને ખરાબ રીતે ચલાવાતી મોટેલના કાઉન્ટર પર બાળકની ડાયપર બદલતો ઇસમ' તેવી તેની છાપ ઊભી કરાઈ હતી. એંશીના દાયકાના મધ્યભાગમાં 'વૉશિંગ્ટન પોસ્ટે' ચોરાયેલા ચેકો ખોટી રીતે વટાવવા અને એક જ (પટેલ) અટકનો ખોટી રીતે ઇમિગ્રેશન મેળવવા મોટેલ ચલાવવાને મુદ્દે પટેલો એ ગુજરાતી ભારતીયોની ફેડરલ સરકારનું જ ડિપાર્ટમેન્ટ ઑફ જસ્ટિસ તપાસ કરી રહ્યું છે, તેવો હેવાલ આપ્યો હતો. બીજાં છાપાંઓએ ગમે તેવી (આડી) નીતિરીતિ આદરતી આવી પ્રજા માટે 'પટેલ વૉચ' - રાષ્ટ્રવ્યાપી ખબરદારી રાખવાની પ્રવૃત્તિ શરૂ કરી હતી. પણ આજે ગોરાઓ માને છે કે 'પટેલની સાથે ફ્રેન્ચાઈઝ આપવાનો કરાર કરવો એટલે લાભ જ લાભ.' એ જ ગોરાઓમાં આજે તો, ખખડી ગયેલી પોટેલ મોડેલ એટલે મોટેલ-હોટેલને ઊભી કરવાની 'આલ્કેમી' (જાદુઈ કરામત કે વ્યવસ્થા)એવું બોલાતું થઈ ગયું છે. આહોઆના ગતિશીલ અગ્રણી હસમુખ રામા સરસ રીતે બતાવે છે તેમ અમેરિકન ગ્રાહક એક સાદા વિચારને પણ સુરેખ રીતે મુકાય તો તે અપનાવી લે છે. પછી એ 'વેન્ડીઝ' અને 'મૅક્ડોનાલ્ડ્ઝ' હોય, 'બર્ગર કિંગ' કે 'હાર્ડીસ' (રેસ્તોરાં) હોય. પટેલ-મોટેલનું પણ એવું જ છે. નિક પટેલ જેવો બીજી પેઢીનો હોટેલઉદ્યોગનો ગ્રેજ્યુએટ તો એના પિતાની હોલીડે ઇનથી પણ આગળ વધીને મેરીઅટ અને હિલ્ટન જેવી ટોચની હોટેલો ચલાવવાની મહત્ત્વાકાંક્ષા રાખે છે.

અને આમ પોટેલોની શ્રેણીઓને કારણે સમગ્ર અમેરિકન ઉપખંડનાં રાજ્યોને જોડીને, તેમના પ્રદેશમાંથી જતા ઇન્ટરસ્ટેટ

(અનુસંધાન પૃ. ૭૫૯)

હું અને મારી દીવાલ

● પ્રફુલ્લ રાવલ ●

હું એકલો મારા ખંડમાં બેઠો છું. મારા ખંડમાં ચાર દીવાલો છે. ઉત્તર-દક્ષિણની દીવાલો આખી છે. પૂર્વની દીવાલમાં બે નાનાં જાળિયાં છે, જેમાંથી સવારે સૂર્ય ડોકિયું કરે છે. પશ્ચિમની દીવાલમાં બારણું છે. આ બારણામાંથી હું ખંડમાં દાખલ થાઉં છું. મારો ખંડ મોટો તો નથી પણ હું લગભગ એકલો બેસું છું એટલે ખંડ મોટો લાગે છે. હું દક્ષિણની દીવાલ તરફ મોં કરીને બેસું છું. મને દક્ષિણ દિશાનું આકર્ષણ છે. નરવાહનો દેવ એ જ દિશામાં બેઠો છે. કદાચ એ દિશા પ્રતિની ગતિ એ જ અંતિમ ગતિ છે. સૂઉં છું તોય દક્ષિણ બાજુએ મોં કરીને. મને અંતિમ ગતિની પ્રતીક્ષા નથી પણ એનાથી નિર્ભય થવાય એવું લક્ષ્ય તો છે જ. એ દીવાલ પર એક ચાકળો લટકે છે. એથી દીવાલનો એટલો ભાગ દેખાતો નથી. હું એ ચાકળો જોઉં છું. એમાં હીરનું ભરત છે. નાનાંનાનાં આભલાં છે. એમાં મારો ચહેરો જોવાની ચેષ્ટા કરું છું. બહુ કલાત્મક તો નથી છતાં ય મને એ ચાકળાની ભાતનું નમણું આકર્ષણ છે. એ ચાકળો રંગીન છે. હું એ રંગીન ચાકળાના સહારે રંગીન સ્વપ્નો જોઉં છું. સ્વપ્નમાં ક્યારેક સખીને જોવા મથું છું. આજકાલ એ મારાથી દૂર ભાગે છે. ફોનની ઘંટડી વાગે છે ત્યારે સખીના શ્રવણનું મારું દોહદ સળવળે છે. એનો અવાજ મારે મન મંગલ શબ્દ છે. ક્યારેક તો દૂરથી એ મંગલ શબ્દ આવશે જ ! પણ એક દીવાલ રચાઈ ગઈ છે અમારા વચ્ચે. આ વિચાર વચ્ચે મને ચાકળાને દૂર કરવાની ઇચ્છા થાય છે. પણ ચાકળાની પાછળ દીવાલ જ છે. એ દીવાલ પાછળ જ ક્યાંક સખી હશે! પણ એ દીવાલ તો અતૂટ છે.

વળી, હું એ ચાકળાના ચોરસ-લંબચોરસ, ગોળ, અર્ધગોળ આકાર જોઉં છું. એમાં સોળ ખાનાં છે. ભૌમિતિક આકારો છે. પરન્તુ એ આકારમાં રેખાની ચોક્કસતા નથી એટલે જ ચાકળાના એ ચોરસ મને ગમે છે. ક્યારેક દીવાલ એ ચાકળો ગળી જશે એવા બાલીસ વિચારે હું ધ્રૂજું છું. આ ચાકળો વર્ષોથી દીવાલ પર લટકે છે. પછી હું ઊભો થઈને એ ચાકળાને અડકું છું. પછી દીવાલને અડકું છું. મને એ દીવાલ ક્યારેક બરફ જેવી ઠંડી લાગે છે. તો ક્યારેક સગડીના તાપ જેવી ઉષ્ણ લાગે છે. હું દીવાલ પર હાથ ફેરવું છું તો ટાઢક કે ઉષ્ણતા મારા અંગમાં પ્રવેશે છે. મને ઠંડી દીવાલમાં સમાઈ જવાનું મન થાય છે. મને દીવાલ થવાનું મન થાય છે. ક્યારેક હું દીવાલ બની જાઉં છું. પછી મને કશું જ અનુભવાતું નથી, હું જોઈ શકતો નથી, બોલી શકતો નથી, હસી શકતો નથી, રડી શકતો નથી. દીવાલ મને જકડી રાખે છે. હું એનામાં લુપ્ત થઈ જાઉં છું. દીવાલના અંધકારમાં લપેટાઈ જાઉં છું. પછી દીવાલ એકાએક મને પોતાનામાંથી અળગો કરી દે છે. આમ જ એક વાર હું અળગો થઈ ગયો હતો અને ત્યારથી અળગો છું, એકલો છું.

હું દીવાલમાંથી બહાર ધકેલાઈને છેક ઉત્તરની દીવાલ પાસે પહોંચી જાઉં છું. એ દીવાલ મને વહાલ કરે છે. હું એને વહાલ કરું છું. પછી હું એ દીવાલને સામેની દીવાલની રાવ કરું છું. એ દીવાલ મને આશ્વાસન આપે છે. મને સ્પર્શે છે. એ તો જાણીતો સ્પર્શ છે. હું એ સ્પર્શની અનુભૂતિને મારામાં સંક્રાન્ત કરું છું. પછી બેસી જાઉં છું. પૂર્વની દીવાલ સામે જોઉં છું. એ દીવાલના જાળિયામાંથી કોઈક ડોકિયું કરનારને બોલાવાની ચેષ્ટા કરું છું. તો દક્ષિણની દીવાલ એને ધમકાવે છે, ડરાવે છે. હું ગાયત્રીમંત્ર ભણું છું. દક્ષિણની દીવાલ શાંત થઈ જાય છે. સાંજ પડે છે. હું હવે એ દીવાલને ચીડવું છું. એ દીવાલ તો ય શાંત છે. સંધ્યાકાળે ધીમે ધીમે ખંડમાં અંધકાર વ્યાપતો જાય છે. દીવાલ એ અંધકારે આંધળી થઈ જાય છે. હું હવે દીવાલને જોતો નથી. ચાકળાને જોતો નથી. હા, પૂર્વ દિશાની દીવાલના જાળિયામાંથી થોડો પ્રકાશ આવે છે. હું એ પ્રકાશથી દીવાલ જોવા તલસું છું. પણ દીવાલ મને દેખાતી નથી. હું અંધારામાં બધી દીવાલને સ્પર્શું છું. બધી દીવાલો રડે છે. એમને પોતાનું અસ્તિત્વ ભૂંસી નાખવું છે. પણ દીવાલના અસ્તિત્વને કોણ નાબૂદ કરે! કોણ તોડે! દીવાલ તોડવાની વર્ષોજૂની આકાંક્ષા મારામાં સડે છે. હું દીવાલ તોડવા મથું છું. પણ એકલો છું એટલે થાકી જાઉં છું, પરસેવે રેબઝેબ થઈ જાઉં છું, હારું છું. પછી હું યત્ન છોડી દઉં છું. મને સત્ય સમજાય છે કે એક દીવાલ તૂટે તો બીજી રચાય અને બીજી તૂટે તો ત્રીજી રચાય. એટલે તો હું દીવાલ વચ્ચે રહું છું. દીવાલ વચ્ચે રડું છું. દીવાલ વચ્ચે હસું છું. દીવાલ વચ્ચે ગોષ્ઠિ કરું છું. દીવાલ વચ્ચે ગાઉં છું. દીવાલ વચ્ચે વાંચું છું. દીવાલ વચ્ચે જ મારો પ્રણય પાંગરે છે. દીવાલ વચ્ચે સખીને સ્મરું છું. દીવાલ વચ્ચે જ ઉપનિષદનો પાઠ કરું છું. દીવાલ વચ્ચે લડું છું. દીવાલ વચ્ચે જીવું છું. હું દીવાલના ટેકે બેસું છું ત્યારે નિરાંત અનુભવું છું. મને થાય છે કે દીવાલ ન તૂટે તો સારું. કદાચ હું જ દીવાલને ઇચ્છું છું માણસ છું ને એટલે! □

અનુસંધાન] **અમેરિકામાં ભારતીયો** [પૃ. ૭૫૮થી

હાઈવેના ગમનમાર્ગો (exis) પણ કોઈ સુપરમાર્કેટમાં ચીજસામગ્રીના લાંબા મોટા ઘોડાઓ વચ્ચેના ફરવાના માર્ગ જેવા બની ગયા છે. આ ફરવાનો માર્ગ જેમ મોટો, તેમ તે વધુ કોર્નફ્લેક્સ જેવા સિરીઅલના બૉક્સ, વધુ બ્રેડકૂકીઓની વેરાઈટીઝની પસંદગીઓ સુલભ બનાવે છે. અને વધુ ને વધુ ગ્રાહકો, પ્રવાસીઓ તેમજ ધંધાદારી એજન્ટો ને વેપારીઓ પોષાય એવા ગેસ્ટ-ચાર્જ આપીને વધુ આનંદ, વધુ સગવડ મેળવવા કે પોતાના સેવાધંધામાં બરકત લાવવા ઈન્ટરસ્ટેટના માર્ગો પર અને અન્યત્ર પથરાતા જાય છે.

અને નિક પટેલ કે જય પટેલ જેવા ઘણા પ્રથમ પેઢીના મોટેલવાળા પટેલોના અહીં જન્મેલા બીજી પેઢીના પુત્રો મહેમાનગૃહો-હોટેલ મૅનેજમૅન્ટનો અહીંની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરીને તૈયાર થયેલા યુવાનોને બાપની મોટેલસંપત્તિ તથા કૌટુંબિક અનુભવ સાથે વિધિસરના અભ્યાસે જે ઓપ આપ્યો છે તેથી આવા સમૃદ્ધ આધારને પરિણામે તેઓ અહીંના સમગ્ર હોટેલઉદ્યોગમાં ક્યાંય આગળ નીકળી જાય, તેવો વિશ્વાસ રાખી શકાય.

પટેલ-મોટેલ મોડેલ એ ભારતનું અમેરિકાને સુવિધા અને અર્થકારણના ક્ષેત્રમાં અપાયેલ વિશિષ્ટ પ્રદાન બની રહેશે. □

હોમિયોપથીનું ઔષધશાસ્ત્ર.............. **ચાઈના (ચાઈના ઑફ / ચિનચોના)**.............. હેમેન્દ્ર એ. શાહ

પેરુમાં થતા એક વૃક્ષની છાલમાંથી આ ઔષધ બનાવાય છે. આપણે તેને ક્વિનાઈન તરીકે ઓળખીએ છીએ. હોમિયોપથીનાં ઔષધોનાં નામ ઘણાંને વિચિત્ર લાગે. ચાઈના, પેટ્રોલિયમ, બર્બેરીસ વલ્ગેરીસ, ડલ્કામારા, લેડમપાલ વગેરે વગેરે. આ દવાઓની અસરમાં અથવા કામગીરીમાં કોઈ વિચિત્રતા હોતી નથી; તે સંપૂર્ણ વૈજ્ઞાનિક અને ચોકસાઈવાળું ઔષધ-શાસ્ત્ર છે.

હોમિયોપથીના ઔષધ-શાસ્ત્રની ચાઈના પ્રથમ દવા છે. બસ્સો વર્ષ પહેલાં જર્મનીના ડૉ. હનિમાનને લાગ્યું કે, એલોપથીના ઔષધશાસ્ત્રમાં ઘણી-બધી મૂળભૂત ખામીઓ છે, અને ઘણી દવા શી અસર કરશે તેની કોઈને વૈજ્ઞાનિક માહિતી ન હતી. વળી ઘણી દવાઓ અંધશ્રદ્ધાથી વર્ષોથી અપાતી હતી તે ચાલુ રહી હતી. તે વખતની એલોપથીનું પૃથક્કરણ કરવાથી તેમનું મન ખિન્ન થઈ ગયું અને તેમણે ડૉક્ટરી છોડી દીધી. તેઓ તેમના જમાનાની સાથે રહ્યા હોત તો ઘણું કમાઈ શક્યા હોત.

પ્રવૃત્તિ તો કરવી જ જોઈએ અને રળવાની જરૂર તો હતી જ, તેથી તેમણે અનુવાદક તરીકે કામકાજ શરૂ કર્યું. તેઓ અનેક ભાષાઓ જાણતા હોવાથી આ વ્યવસાયમાં સફળ રહ્યા. અનુવાદ કરતાં કરતાં તેમની નજર ડૉ. કલેનના પુસ્તકની અમુક લીટીઓ પર પડી જેમાં પેરુના ઝાડની છાલના ગુણ ઉપર લખાણ હતું, અને તાવ મટાડવા માટે ક્યારે અને કેવી રીતે તેનો ઉપયોગ કરવો જોઈએ તેનું વિવરણ હતું.

ડૉ. હનિમાનને આ છાલ વિષે થોડું જ્ઞાન હતું જ તેથી કલેનના લખાણમાં તેમને ઊંડો રસ પેદા થયો. તેમણે આ છાલના રસનો પોતાની ઉપર પ્રયોગ કર્યો. તંદુરસ્ત માણસ જો આ છાલનો રસ લે તો તેને તાવ આવે છે, અશક્તિ આવે છે, શરીર ધ્રૂજવા માંડે છે. જે ચિહ્નો દર્દીમાં દેખાય છે અને જે ઔષધથી દર્દીને તંદુરસ્ત કરી શકાય છે, તે જ ઔષધ તંદુરસ્ત માનવીને આપવાથી દર્દીમાં દેખાતાં બધાં ચિહ્નો નજરે પડે છે તેમ તેમણે અનુભવ્યું. ત્યાર બાદ આ ઔષધ અને બીજાં ઔષધના પ્રયોગો તેમણે પોતાની ઉપર તથા કુટુંબની વ્યક્તિઓ ઉપર કર્યા. આમ, વિશ્વમાં એક નવા શાસ્ત્રની શોધ કરી, જેને આપણે હોમિયોપથી ઔષધ કહીએ છીએ.

ઝેરથી ઝેરનું મારણ, અથવા સિમિલિયા સિમિલિબસ ક્યુરેન્ટર-ની થિયરી પ્રસ્થાપિત કરી. આ પ્રમાણે ચાઈના અથવા ચિનચોના બાર્ક હોમિયોપથી ઔષધ-શાસ્ત્રનું પહેલું ઔષધ બન્યું. ટાઢિયા તાવની આ મુખ્ય દવા ગણાય છે. આ ઉપરાંત ઘણા બધા રોગોમાં ચાઈના ઉપયોગી દવા છે.

ઝાડા વાટે પચ્યા વગરનો ખોરાક નીકળતો હોય, ફળ તથા દૂધ માફક ન આવતાં હોય, ઊંઘ લીધા પછી પણ આરામ જેવું લાગતું ન હોય, આંખ ભારે લાગતી હોય, દિવસભર ઘેન જેવી અસર રહેતી હોય, પ્રકાશ સહન થતો ન હોય, અચાનક રડવાનું મન થતું હોય, ખાટું ખાવાની ઇચ્છા થતી હોય તેવાં બધાં ચિહ્નોમાં દર્દીને ચાઈના આપવાથી ઘણો બધો ફાયદો થાય છે.

જમ્યા પછી થોડી વારમાં સંડાશ જવું પડે, શારીરિક શ્રમ કસરત કરવાની આળસ આવતી હોય, સામાન્ય રીતે વધારે પરસેવો થતો હોય અને વધારે પડતી તરસ લાગતી હોય, ઓઢીને સૂવાથી પરસેવો વધતો હોય, ચહેરો સત્ત્વહીન, માંદલો દેખાતો હોય તો દર્દીને ચાઈના વિશેષ ઉપયોગી છે.

સ્વપ્નદોષની સતત બીમારીથી નબળા પડી ગયેલા યુવાન વર્ગને માટે આ દવા આશીર્વાદરૂપ સાબિત થઈ છે. ગાઢ નિદ્રા બિલકુલ ન આવવી, અચાનક અડધી રાત્રે જાગી જવું, લખતી વખતે હાથની ધ્રુજારી થવી વગેરે માટે પણ ચાઈના એક અસરકારક ઔષધ માલૂમ પડ્યું છે.

ઘણી વાર ચાઈનાનો દર્દી સામાન્ય સ્પર્શથી પણ ત્રાસી જાય છે અને તેના દર્દમાં વધારો થતો જોવા મળે છે. એટલે સુધી કે હવાથી વાળ ઊડવા માંડે તો પણ તેનું દર્દ વધવા માંડે છે. ચાઈનાના દર્દીને ઠંડીથી તકલીફો વધે છે. સહેજ ગરમ ઓરડો, હૂંફાળી ગરમીથી તે રાહત અનુભવે છે. ફાટુફાટુ થતા માથાના સખત દુઃખાવામાં હાથથી સખત દબાવવાથી રાહત જણાય તો ચાઈનાનો ઉપયોગ અવશ્ય કરવો.

ક્વિનાઈનના વધુ પડતા ઉપયોગને લીધે થયેલાં દર્દોને દૂર કરવા, વારંવાર જુલાબ લેવાની ટેવને લીધે ઊભી થયેલી આડ અસર દૂર કરવા ચાઈનાની ઉપયોગિતા ઘણીબધી સાબિત થયેલી છે. મલેરિયાના તાવ, માથાનો દુઃખાવો, દંતશૂળ વગેરે એકાંતરે ઉપાડો લેતા હોય તો ચાઈના અવશ્ય લેવી.

ખાધા પછી પેટમાં હવા એવી રીતે ભરાઈ જાય જાણે કે ફુગ્ગામાં દબાણ કરતી હવા ભરેલી હોય. ઓડકાર આવવાથી પણ તે હવા નીકળે નહીં અને ગૅસ પરેશાન કરતો રહે. આ ચિહ્ન માટે ચાઈના એક અકસીર દવા છે.

કાનમાં ઝણઝણાટી, આંખની આસપાસ કાળાં-વાદળી રંગનાં ચકામાં, કુંડાળાં, મોઢા ઉપર અત્યંત ફિક્કાસ, અત્યંત શારીરિક નબળાઈ, નાક-કાન અથવા શરીરના બીજા કોઈ ભાગમાંથી રક્ત-સ્ત્રાવની વારંવાર ફરિયાદ રહેતી હોય તેવા દર્દી માટે પણ ચાઈના એક સારું ઔષધ છે.

બાળકને વધુ પડતું સ્તનપાન કરાવવાને લીધે થયેલી તકલીફ માટે, હસ્તમૈથુન અને સ્ત્રી-સમાગમના અતિરેકથી આવી ગયેલી અત્યંત નબળાઈ માટે ચાઈના ઘણું સારું ઔષધ છે. ચાઈનાના દર્દીને પેટનો દુઃખાવો, તાવ વગેરે દિવસે જ થાય છે, રાત્રે નહીં. આ બધાં દર્દો નિયમિત સમયે ઉછાળો મારે છે અને દર્દીને પરેશાન કરે છે. ખાધા પછી ઉધરસ આવવી, સાંજના સમયે ઓછું દેખાવું, આંખ ઉપર પીળાશ આવવી, ઠંડી હવાથી આંખમાં દુઃખાવો થવો વગેરે ચિહ્નોમાં પણ ચાઈના અસરકારક ઔષધ છે. □

આવો, શીખીએ અંગ્રેજી (૧૫)

ધનુભાઈ મહેતા

Preposition (પ્રેપઝિશન) - નામયોગી અવ્યય

'at', 'on', 'above', 'over', 'by', with'.

સંસ્કૃતમાં આઠ, ગુજરાતીમાં સાત પણ અંગ્રેજીમાં ફક્ત ત્રણ જ વિભક્તિ છે એટલું શીખી ગયા. પદક્રમની મોકળાશ સંસ્કૃત ગુજરાતી વાક્યરચનામાં છે તેટલી અંગ્રેજીમાં નથી એ પણ સમજ્યા. સંસ્કૃત તેમજ ગુજરાતીમાં જે કામ વિભક્તિ-દર્શક પ્રત્યયો કરે છે તે કામ અંગ્રેજીમાં 'પ્રેપઝિશન' કરે છે. આમ 'પ્રેપઝિશન' એટલે વિભક્તિ-દર્શક પ્રત્યય. Pre-પ્રે-પહેલા, position - પઝિશન - સ્થાન, એટલે કે જે પદોનું સ્થાન નામ કે સર્વનામની પહેલાં આવે તે 'પ્રેપઝિશન'. ગુજરાતીમાં શબ્દયોગી અવ્યયનું સ્થાન, નામ કે સર્વનામ પછી આવે છે જ્યારે અંગ્રેજીમાં આગળ એટલે કે પહેલાં આવે છે. દા.ત.

સામયિકો વર્તમાનપત્રના ઘોડા પર છે.

The magazines are on the newspaper stand.

ગુજરાતીમાં નામયોગી અવ્યય 'પર' નામ 'ઘોડા' પછી જ્યારે અંગ્રેજીમાં નામ 'the newspaper stand' - ની આગળ આવ્યું છે. 'on' ગુજરાતી-અંગ્રેજી વાક્યરચનાના પદક્રમનો આ તફાવત ધ્યાનમાં રાખશો.

આ 'પ્રેપઝિશન્સ'ને પાંચ વિભાગમાં વહેંચી શકાય :

(૧) Simple Prepositions - સાદા પ્રેપઝિશન્સ - at, by, with, on, in, to, for, of, off, from, through, up, till, over, under, after, but.

(૨) Double Prepositions - ડબલ પ્રેપઝિશન્સ - બેવડા પ્રેપઝિશન્સ - into, from under, overagainst, from off, from within.

(૩) Compound Prepositions - કમ્પાઉન્ડ પ્રેપઝિશન્સ - સામાસિક પ્રેપઝિશન્સ. નામ, વિશેષણ કે ક્રિયાવિશેષણના પૂર્વગ રૂપે 'a-on' કે 'be - by' ભળીને બનતા પ્રેપઝિશન્સ તે સામાસિક પ્રેપઝિશન્સ. About, above, across, along, amidst, among, amongst, around, before, behind, below, beside, between, beyond, inside, outside, underneath, within, without.

(૪) Phrase Prepositions - ફ્રેઇઝ પ્રેપઝિશન્સ - શબ્દસમૂહ પ્રેપઝિશન્સ - because of, by means of, in front of, inspite of, on account of, for the sake of, on behalf of, instead of, in lieu of, in the place of, with a view to.

(૫) ક્રિયાપદ સંલગ્ન પ્રેપઝિશન્સ - આ વિભાગમાં કોઈ બીજાં વધારે પ્રેપઝિશન્સનો સમાવેશ થતો નથી પણ ઉપરનાં સાદાં પ્રેપઝિશન્સમાંનાં જ કોઈ અમુક ક્રિયાપદની સાથે વપરાયાં હોય છે અને તેમ થતાં મૂળ ક્રિયાપદનો અર્થ બદલાઈ જતો હોય છે. વળી એક જ ક્રિયાપદની સાથે પ્રેપઝિશન્સ બદલાતાં અર્થ પણ બદલાઈ જાય છે. દા.ત. to give - ગિવ - આપવું પણ to give in - શરણે જવું, to give up - ત્યજી દેવું, to give out - રહસ્ય છતું કરવું, to give away - વહેંચવું. આવાં કેટલાંક ક્રિયાપદોને આપણા અભ્યાસમાં આવરી લેશું.

અહીં આપેલી પ્રેપઝિશન્સની યાદી સંપૂર્ણ નથી. રોજબરોજના વ્યવહારમાં ખપ લાગે તેવાં પ્રેપઝિશન્સને સદૃષ્ટાંત સમજીશું વળી તેમ કરતાં ઉપરોક્ત વિભાગોના ક્રમને કે તેમાં આપેલ અનુક્રમને પણ જાળવવાના નથી - જાળવવાની કોઈ આવશ્યકતા પણ નથી. અંગ્રેજી ભાષાના વિશાળ વાચન અને મહાવરાથી જ પ્રેપઝિશનનો સુયોગ્ય અને ક્ષતિરહિત ઉપયોગ કરતાં આવડે.

અમે અંગ્રેજી ધોરણ બીજું એટલે હાલનું છઠ્ઠું ધોરણ ભણતા ત્યારે અંગ્રેજી વિષયમાં 'King's Reader' નું પાઠ્ય-પુસ્તક અભ્યાસમાં હતું. તેમાં નીચેની કાવ્યપંક્તિઓ આવતી :

Standing at the foot, boys,
gazing at the sky,
how can you get up, boys,
if you never climb.

ટેકરીની તળેટીમાં ઊભા રહીને આકાશ તરફ એકીટશે નિહાળતા રહો અને ઉપર કદી ચઢો જ નહિ તો હે છોકરાઓ, તમે ટોચ પર કેમ પહોંચો! (a foot - ફુટ - તળેટી, to gaze at - ગેઈઝ એટની તરફ તાકી રહેવું). તો ચાલો પ્રાપ્તિ માટે પરિશ્રમ અને પ્રગતિ માટે પ્રયાણનો બોધ આપતી કાવ્યપંક્તિમાં બે જુદા અર્થમાં વપરાયેલા 'at' પ્રેપઝિશનથી જ પ્રારંભ કરીએ :

તળેટીમાં ઊભા રહીને

Standing at the foot. (place - પ્લેસ - સ્થળ)

આકાશ તરફ મીટ માંડતા.

Gazing at the sky. (direction - ડિરેક્શન - તરફ - દિશા)

તે સવારે છ વાગે ઊઠે છે.

He gets up at six a.m. (time - સમય)

તે સ્વાદિષ્ટ વાનગીઓ બનાવવામાં કુશળ છે.

He is clever at preparing delicious dishes.

(a delicious dish. ડેલિસ્યશ ડિશ. સ્વાદિષ્ટ વાનગી.)

હું અમદાવાદમાં વસ્ત્રાપુરમાં રહું છું.

I live at Vastrapur in Ahmedabad.

(નાનું સ્થળ-લત્તો- at ; મોટું સ્થળ - શહેર - in)

તે મારા પ્રત્યે રંજિત થયો.

He was amused at me. (to amuse - અમ્યુઝ. to be surprised at. to be astonished at. ટુ બિ સરપ્રાઇઝ્ડ એટ. ટુ બી અસ્ટોનિશ્ડ એટ. ચક્તિ થવું - આશ્ચર્ય અનુભવવું.
આ કામ તમે તમારી ફુરસદે કરજો.
Do this work at your leisure
(leisure- લીઝર - ફુરસદ, નવરાશ)
આરામથી કરજો. Do it at ease (ease - ઈઝ - આરામ)
હું તો આ ખોટ ખાઈને કરું છું. I am doing this at a loss.
આ કેળાં રૂપિયે એકના ભાવે વેચાય છે.
These bananas are soled at one rupee each.
ગમે તે ભોગે તે કરો જ. Do it at any cost.
તે કામ પર બેઠો છે. He is at work.
સૂર્ય તરફ તાકી ન રહો Do not stare at the sun.
ડગલે ને પગલે તેણે ભૂલો કરી.
At every step he made mistakes.
એકી-સાથે બધું ન કરો. Do not do it at a time.

આમ 'at' (ઍટ)ની તરફ, ની નજીક, ને સ્થળોમાં વસ્તુની સ્થિતિ, સમય, ભાવ એટલે કે કિંમત - વગેરે દર્શાવે છે.

On - ઑન્ - ઉપર, સપાટીને અડકીને - સ્થિતિ, સમય, સ્થળ, ગતિનો ભાવ દર્શાવે છે.

મારી ટોપી મારા માથા પર છે. My cap is on my head.
ચિત્ર દીવાલ પર છે. The picture is on the wall.
હું તેની સાથે ફોન પર વાત કરીશ.
I shall talk to him on Phone.
બીજા પર ભરોસો ન રાખો. Do not rely on others (to rely on - રિલાઇ ઑન - ના પર ભરોસો રાખવો.)
તેઓ ત્યાં સમયસર પહોંચ્યા. They reached there on time.
આગળ વધો. Go on.
તે તૂતક પર ઊભો. He stood on the deck. (deck - ડેક - તૂતક)
શીલા મને રવિવારે મળી. Sheela met me on Sunday. (to meet - મીટ - મળવું : met ભૂ.કા. ભૂ.કૃ.)
બાળકો તેમનાં મા-બાપ પર આધાર રાખે છે.
Children depend on their parents.
(to depend on - ડિપેન્ડ ઑન - ના પર આધાર રાખવો.)
ઢોર ઘાસ પર જીવે છે. Cattle live on grass.
તેણે ઇરાદાપૂર્વક આ પત્ર ફાડ્યો. He tore this letter on purpose. (to tear - ટેર, ફાડવું - tore - torn ભૂ.કા./ભૂ.કૃ. on purpose - ઑન પરપજ - ઇરાદાપૂર્વક)
રજનીશજી કૃષ્ણ પર બોલ્યા. Rajanishji spoke on Krishna.
જર્મન લશ્કરે રશિયા પર કૂચ કરી. The German army marched on Russia.

આમ, 'on' પ્રેપઝિશન વાક્યમાં વિવિધ ભાવ દર્શાવવા માટે વપરાય છે તે જોયું. ઉપરનાં વાક્યો નમૂનારૂપ માત્ર છે. તે સીમિત ન સમજવાં. 'on'ના અનુસંધાનમાં લગભગ સમાંતર અર્થવાળાં છતાં અંશતઃ જુદો જુદો ભાવ દર્શાવતાં બીજાં બે પ્રેપઝિશન 'above' અને 'over' ને પણ સમજી લઈએ. above - અબવ્ - માથે, - થી ઊંચે, થી વિશેષમાં, પદવી હોદ્દા વગેરે માં ઉપર, થી ચઢિયાતું, ઉપર થઈને. 'above' પ્રેપઝિશનની શરૂઆત એક સુપરિચિત અંગ્રેજી કાવ્યપંક્તિઓથી કરીએ :

Twinkle twinkle little star,
how I wonder what you are,
up above the world so high,
like a diamond in the sky.

હે નાનકડા તારા, ઝબુક ઝબુક કરતો તું આટલે ઊંચે દુનિયાથી અધ્ધર આકાશમાં હીરા સમાન તું શું છે તેનું મને આશ્ચર્ય છે.

જુઓ અહીં 'above the sky' (માથાથી અધ્ધર આકાશમાં, માથાને અડકીને નહિ)-એવો અર્થ નિષ્પન્ન થાય છે.

'on' - થી 'above' અર્થમાં કઈ રીતે ભિન્ન છે તે આ ઉદાહરણ પરથી સ્પષ્ટ થશે. બીજાં ઉદાહરણો લઈએ :
દીવાલ પર ટેલિવિઝન ઉપર આ ચિત્રને લટકાવો.
Put up the picture above the telivision on the wall.
વર્ગમાં તે મારી ઉપર છે. He is above me in the class.
નૈતિક કાયદો નાગરિક કાયદાથી ઊંચો છે.
The moral law is above the civil law. (moral - મૉરલ - નૈતિક, law - લૉ - કાયદો, civil - સિવિલ - નાગરિક)

'on' અને 'above' વિષેનો અર્થભેદ સમજ્યા પછી હવે 'over' - (ઓવર) વિષે શીખીએ :

over - ઓવર - ઉપર, માથાથી ઊંચે, ઉપર થઈને, હદ કરતાં વધારે તેનો વાક્યમાં પ્રયોગ કેમ થાય તે જોઈએ.
ખડક દરિયા પર ઝળૂંબે છે.
The cliff hangs over the sea. (a cliff - ક્લિફ - ખડક)
પંખીઓ આપણા માથા પર ઊડે છે. Birds fly over our head.
પુલ પાટાઓની ઉપર છે. The bridge is over the rails.
આ ન્યાયાધીશ કરતાં વધુ મોટો ન્યાયાધીશ ઉપર સ્વર્ગમાં છે.
There is a great judge in the heaven over this judge.
દોઢડાહ્યા ના થાવ. Don't be over wise.
વધુ પડતું ન ખાવ. Don't over eat.

'on', 'above' અને 'over' ની જેમ જ 'by' અને 'with' પ્રેપઝિશનને જોડીમાં સમજીએ, કારણ કે બન્નેમાં સમાન અર્થની છાંય હોવા છતાં તાત્વિક ભેદ છે અને તેથી તેના વાક્યપ્રયોગમાં વ્યાકરણદોષ થવાનો સંભવ છે.

પહેલાં 'by' - વિશે શીખીએ. તેનો અર્થ થાય છે વડે, પાસે, નજીક, દ્વારા, ના ટેકામાં, ને પડખે, થી મોડું નહિ એ રીતે, ના સોગંદ ખાઈને. આ પ્રકારના વિવિધ અર્થમાં વાક્યમાં 'by' પ્રેપઝિશન દ્વારા કેવી રીતે દર્શાવાય તે ઉદાહરણ રૂપ વાક્યો લઈ સમજીએ :

'અભિજ્ઞાન શાકુન્તલ' કાલિદાસ વડે લખાયું. (વડે)
The Abhigyan Shakuntal was written by Kalidas.
મને તમારી જોડે બેસવા દો. (પાસે) Let me sit by you.
ઈમામ હુસેન સત્ય અને ન્યાયના પક્ષે રહ્યા. (ના પક્ષે)
Imam Hussian stood by truth and justice.
આ હકીકત છે એમ હું ઈશ્વરના સમ ખાઈને કહું છું.
I say by god that this is a fact.
તમારી ઘડિયાળ પ્રમાણે શો સમય થયો છે? (માં, પર, પ્રમાણે)
What is the time by your clock?
ભાવ કૂદકે ને ભૂસકે વધી રહ્યા છે. (રીત)
Prices are going up by leaps and bounds. (by leaps and bounds- બાઈ લીપ્સ ઍન્ડ બાઉન્ડ્ઝ - કૂદકે ને ભૂસકે - અંગ્રેજી રૂઢિપ્રયોગ છે.)
હું આવતા સોમવાર સુધીમાં ત્યાં હોઈશ. (થી મોડું નહિ.)
I shall be there by next Monday.
અમે આ રૂપિયાના ભાવે વેચીએ છીએ.
We sell this by the rupee.
અમેરિકામાં કલાકોના હિસાબે ડૉલર ચુકવાય છે.
In America dollars are paid by hours.
સંગીતનો આ નમૂનો બીટોવનનો છે.
This piece of music is by Beethoven. (piece - પીસ - નમૂનો. Beethoven - બીટોવન- મહાન જર્મન સંગીતકાર).
ગાડી વીસ મિનિટ મોડી છે.
The train is late by twenty minutes.
આ કવિતા મોઢે કરો. Learn this poetry by heart.
મુશ્કેલીના સમયમાં કાંઈક બચાવો.
Lay by something for the rainy season. (for the rainy season-મુશ્કેલીનો સમય, અંગ્રેજી રૂઢિપ્રયોગ છે.)
માણસ એની સોબતથી ઓળખાય છે. A man is known by the company he keeps (a company - કમ્પનિ - સોબત, સંગ. to keep - કીપ -રાખવું. to be known - ટુ બી નોન - ઓળખાવું.)
એક અંગ્રેજી કવિ કિશોર-કિશોરીઓને શીખ આપતાં તેના એક કાવ્યમાં કહે છે :
It you have to do, boys do it with a will.

આ પંક્તિમાં 'a will' - વિલ - ઈચ્છા, મરજી, સ્વેચ્છા ની આગળ 'with' પ્રેપઝિશન વપરાયું છે. 'with' - વિથ - તેનો અર્થ થાય છે જોડે, ની સાથે, ની વિરુદ્ધ, ની સોબતમાં, થી, વતી, વડે, તેમ છતાં, તોપણ, તથાપિ, ને લીધે, કારણે. કાવ્યપંક્તિ કહે છે. 'છોકરાઓ, તમારે કોઈ કામ કરવાનું જ હોય તો સ્વેચ્છાએ કરો, કોઈના દબાણને વશવર્તીને કે નામરજીથી ન કરો. 'with' એટલે 'થી', 'થકી', 'વડે', પણ કોઈ સાધન વડે એવો અર્થ થાય છે. 'by' નો ગર્ભિત અર્થ 'વ્યક્તિ વડે' જ્યારે 'with'નો ગર્ભિત અર્થ સાધન વડે. બન્ને વચ્ચે આટલા અર્થ-ભેદ છે. એક જ વાક્યથી આ ભેદ સમજીએ. Caesar was stabbed with a sword by Brutus. બ્રુટ્સ વડે સીઝરને તલવારથી હુલાવી દેવામાં આવ્યો. (Caesar - સીઝર - રોમનો સરમુખત્યાર, to stab - સ્ટબ - તલવાર કે ખંજર ભોંક્વું, Brutus - બ્રુટ્સ - રોમન સેનેટર) થોડાં વધારે ઉદાહરણો લઈએ :
લતા તેની માતા સાથે બજારે ગઈ.
Lata went to the market with her mother.
આપણે આપણી આંખો વડે જોઈએ છીએ. (સાધન)
We see with our eyes.
લક્કડખોદ તેની ચાંચ વડે ઝાડના થડમાં કાણું પાડે છે.
A wood-pecker makes a hole on the trunk of a tree with its beak. (a wood - pecker, વુડ-પેકર-લક્કડખોદ, a hole - કાણું, દર, a trunk - ટ્રન્ક - થડ, હાથીની સૂંઢ, a beak - બીક - ચાંચ.)
મારે તેની સાથે વાત થઈ. I had a talk with him.
તેઓ ઠંડીથી જકડાઈ ગયા.
They were stiff with cold. (stiff - સ્ટિફ - અક્કડ)
તે ભૂરી આંખોવાળી છોકરી છે. She is a girl with blue eyes.
મુશળધાર વરસાદ વરસ્યો. It rained with cats and dogs to rain with cats and dogs - ટુ રેઈન વિથ કેટસ ઍન્ડ ડૉગ્ઝ, મુશળધાર વરસાદ વરસવો- અંગ્રેજી રૂઢિપ્રયોગ છે.
તમારા પૈસા બેન્કમાં થાપણ મૂકો.
Deposit your money with a bank.
(to deposit - ડિપૉઝિટ - થાપણ મૂકવી)
માંહો-માંહે ઝઘડો નહિં.
Don't quarrel with one-another.
(to quarrel - ક્વારલ - ઝઘડવું)
અમે તમારી સાથે છીએ. We are with you.
શ્રીમતી સોનિયા ગાંધી વડાપ્રધાનથી નારાજ છે.
Mrs. Sonia Gandhi is displeased with the Prime Minister. (to be displeased with -
ટુ બી ડિસ પ્લીઝ્ડ વિથ - નાથી નારાજ હોવું)
મારા પિતાજી મારા પર ગુસ્સે થયા.
My father was angry with me.
તેને તેની પત્ની પ્રત્યે નફરત છે. He is disgusted with his wife. (to be disgusted with - ટુ બી ડિસ્ગસ્ટેડ - ના પ્રત્યે નફરત હોવી.)
હું તમારા કામથી નિરાશ છું. I am disappointed with your work. (to be disappointed with - ટુ બી ડિસઅપોઈન્ટેડ વિથ - નાથી નિરાશ થવું.)

વ્યવહારમાં ડગલે ને પગલે 'પ્રેપઝિશન્સ'નો ખપ પડશે. આ પાઠમાં થોડાંકનો આપણે પરિચય કર્યો. ઘણાંનો પરિચય હવે પછીના પાઠોમાં કરવાના છીએ. પણ અહીં આપવામાં આવેલાં ને હવે પછી આપવામાં આવશે તેને પર્યાપ્ત ન સમજશો. યોગ્ય રીતે યોગ્ય અર્થમાં તમારા પરિચિત 'પ્રેપઝિશન્સ'ને વાપરજો. (ક્રમશઃ)

ઈતિહાસધારા

અશોક હર્ષ

પાટનગર લખનૌ કબજે કરી અંગ્રેજોએ અયોધ્યાના નવાબ વાજિદઅલી શાહને કલકત્તામાં નજરકેદ હેઠળ મૂકી દીધો. ઈ. ૧૮૫૯માં અંગ્રેજોની નજરકેદમાંથી મુક્ત થતા નવાબે પોતાનો મુકામ મટિયાબુર્જમાં રાખી ત્યાં એક નાનુંસરખું છાપખાનું ઊભું કર્યું.

નવાબ વાજિદઅલી શાહ પોતે એક કવિજીવ હતા. 'અખ્તર' ના ઉપનામે તે કાવ્યો લખતા. મટિયાબુર્જમાં રહીને



તેમણે આત્મચરિત્રાત્મક એક પુસ્તક લખીને પોતાના છાપખાનામાં છાપી 'હુસ્ને અખ્તર' શીર્ષક નીચે તેની માત્ર એક સો જ નકલ છાપેલી. સાદ્યંત કવિતારૂપે લખાયેલા એ પુસ્તકમાં તેમણે પોતાના અંતિમ દિવસો કેવી રીતે ગુજાર્યા તેનું વાસ્તવિક ચિત્ર રજૂ કરેલ છે, જેમાંના કેટલાક અંશો અહીં આપ્યા છે :

"મારાં તાજોતખ્ત છીનવાઈ ગયાં. મુસીબતો સામે ઝઝૂમતાં મારે લખનૌ છોડવું પડ્યું. મને કલકત્તા જવાનું કહેવામાં આવ્યું. ફિરંગીઓની એક પછી એક તમામ ચાલ સફળ નીવડતાં હું નિરુપાય હતો. લખનૌથી નીકળી હું કાનપુર અને ઇલાહાબાદ થઈ બનારસ પહોંચ્યો ને ત્યાં ચૌદ દિવસ મુકામ રાખ્યો. આ સમયે બનારસના રાજાએ મારું જે સન્માન કર્યું, એ અંગે હું શું લખું? મેં તો એવી આશા જ નહોતી રાખી કે તાજોતખ્ત છીનવાઈ ગયા પછી પણ કોઈ મને આમ પ્યારથી ગળે લગાવશે. સાચું કહું તો, રાજાના રૂપમાં મને કોઈ ખુદાઈ ફિરસ્તાનાં દર્શન થવા પામ્યાં.

બનારસથી નાવમાં બેસી મેં કલકત્તા સુધીનો પ્રવાસ કર્યો, કલકત્તા પહોંચતાં જ હું બીમાર પડી ગયો. પૂરા એક વર્ષ સુધી હું બીમારી સામે લડતો રહ્યો. છેવટે ખુદાએ મારું સાંભળ્યું અને તબિયતમાં ધીમે ધીમે સુધારો થતો ચાલ્યો. જે દિવસે મેં સ્નાન કર્યું એ દિવસે આનંદ-ઉત્સવ મનાવવામાં આવ્યો.

હું મારા બિસ્તર પર જ પડ્યો હતો ત્યાં ખબર મળ્યા કે ગોરા સિપાઈઓએ કોઠીને ચારે બાજુથી ઘેરી લીધી છે. ઘેરો ઘાલવા આવેલા ગવર્નર જનરલના પ્રતિનિધિએ જણાવ્યું કે, 'મુલ્કમાં કંપની સરકાર સામે બગાવત શરૂ થઈ ગઈ છે. બંડખોરોને તમે મદદ કરશો એમ સાંભળવામાં આવતાં કંપની સરકારને તમારા પર શંકા રહે છે. બહેતર તો એ છે કે તમે થોડા દિવસ ફૉર્ટ વિલિયમ મુકામે રહો.'

મારી સાથે આવવા કેટલાય લોકો તૈયાર થઈ ગયા. પણ



ફૉર્ટ વિલિયમ

અંગ્રેજ અફસરે તેમાંથી માત્ર આઠ જ જણને તે માટે છૂટ આપી. બેગમોને તેમણે ત્યાં જ રોકી લીધી. અમને બધાને ફૉર્ટ વિલિયમના જુદા જુદા કમરામાં મૂકવામાં આવ્યા. ભારે પરેશાની હતી. કોઈ ખરખબર પૂછનારું ન હતું. સ્પષ્ટ છે કે અમને કેદી બનાવી દેવામાં આવ્યા હતા. વારંવારની ફરિયાદ પછી છેવટે અમને કિલ્લામાંની એક કોઠીમાં મૂકવામાં આવ્યા. કેદી તરીકેની આ જિંદગીએ મને ક્યાંયનો રહેવા ન દીધો. તેત્રીસ વરસની આ ઉંમરે બેગમોનો વિયોગ સહન નથી થતો.

લખનૌમાં બગાવત જોરથી ફેલાઈ રહી હતી. કેટલાંક અંગ્રેજ સ્ત્રી-બાળકો બાગીઓના કબજામાં આવી ગયાં હતાં. બેગમ નવાબ સુલતાનજહાંના મહેલની ડોઢીના દારોગા મીર વાજિદઅલીએ બીજી બેગમોની મદદથી તેમના જીવ બચાવતાં અંગ્રેજો તેના પર ખુશ હતા. તેણે મારા પર લખેલા પત્રમાં જણાવ્યું છે કે :

'હકીકતમાં બેગમોની હાલત બહુ શોચનીય છે. પેટગુજારાના કોઈ સાધનના અભાવે એમનામાં ભૂખમરો ફેલાઈ ગયો છે. એમની પાસે જે કાંઈ હતું તે બાગીઓએ પડાવી લીધેલ છે. જે સાજસામાન બચેલ તે હકૂમતે લઈ લીધેલ છે અને કોટવાલીમાં મૂકી દીધેલ છે; જો કે તે બધો સુરક્ષિત છે, પણ તે પાછો મળવાની કોઈ ઉમેદ નથી. બધી જ બેગમો દુઆ ગુજારે છે અને ઇચ્છે છે કે, જહાંપનાહ કોઈ પણ રીતે તેમની તબાહીની હાલત સુધારે. આપ આપના હાથે લખનૌમાંની અંગ્રેજ સરકારને ઉચિત એવું કંઈક લખો તો બેગમો ઘેરેઘેર ભીખ માગવામાંથી બચી જાય.'

આ પત્ર વાંચી મેં લાટસાહેબને એક પત્ર લખ્યો. સાથે દારોગાના પત્રની એક નકલ પણ બીડી. ગવર્નર જનરલે જવાબમાં લખ્યું કે, 'તમે પૂરો વિશ્વાસ રાખો કે તમારાં જે બીબીબચ્ચાં લખનૌમાં છે તે બધાંની સત્વર સંભાળ લેવામાં આવશે.'

બેગમો, સાથીઓ અને નોકરોને પૈસા આપતાં આપતાં મારી પાસે હવે એક લાખ સિક્કા બચ્યા છે. એ પણ ખરચાઈ જશે, જ્યારે આમદાનીનો કોઈ માર્ગ નજરે નથી પડતો. સમજાતું નથી કે ખરચ કેમ ચાલશે -

'ખુદા સે યે કર અર્જ 'અખ્તર' બસ અબ;
રિહાઈ હો જલદી મિટે એ તઅબ.'

જે હોય તે, મારી દાસ્તાનનું બયાન અહીં ખત્મ કરું છું."□

स्थिर नदी, सरतां नीर

જોવા જેવું આપણું પોતાનું

• પ્રીતિ સેનગુપ્તા •

વુહાન શહેરના પ્રાંતીય સંગ્રહાલયમાં એક બહુ રસપ્રદ પ્રદર્શન હતું. ઝેન્ગ હૂઈ નામના સત્તાધીશ અમલદાર માટે, ઈ.પૂ.નાં ૪૩૦નાં વર્ષોના અરસામાં બાંધવામાં આવેલી એક કબરમાંની ચીજો ત્યાં જોવા મળી. પ્રદર્શિત ફોટાઓમાં જોયું કે દફન કરી દીધા પછી કબર પર ખૂબ દબાવીને કાળી કોલસી, લાલ માટી અને સફેદ માટીના સ્તર પાથરી દેવાયા હતા. છેક ૧૯૭૮માં એ મળી આવી ત્યારે એની અંદર દસ હજારથી વધારે ચીજ-વસ્તુઓ પડેલી હતી. ૨૨૫ ચો.મી.ની એની વિશાળ જગ્યા જુદા જુદા વિભાગોમાં વહેંચવામાં આવેલી હતી. ચાલીસ વર્ષે મૃત્યુ પામેલા એ ઉમરાવની સાથે એકવીસ યુવાન બાંદીઓ દાટી દેવાઈ હતી. મને થયું, આ તે ચીનની વાત છે કે ઈજિપ્તની?

મૃત આત્માના મનોરંજન માટે જીવતી દાટેલી બાંદીઓ એને નૃત્ય ને ગાનથી રીઝવવાની હશે. તેથી જ ન હતાં ભુલાયાં અસંખ્ય વાજિંત્રો. તદુપરાંત, એ કાળ રાજ્યો વચ્ચેનાં યુદ્ધનો હશે, ને તેથી જ સાથે મુકાયાં હતાં ૪,૭૦૦ જેટલાં અસ્ત્ર-શસ્ત્ર. ગણતરી કરવી યે કેવી મુશ્કેલ! ભોજન માટે આવશ્યક હતાં ધાતુ-પાત્રો. તો તાંબાનાં અનેક વાસણો પણ કબરમાં હતાં. એમના આકાર ખૂબ સરસ હતા, અને સત્તાનું જે પ્રતીક છે તેવા ભુજંગની આકૃતિઓ પ્રચુર પ્રમાણમાં હતી.

લગભગ ૨૫૦૦ વર્ષ પહેલાં બનેલી, કુલ પાંસઠ ઘંટથી સજ્જ શૃંખલા પણ ત્યાં મોજૂદ હતી. મોટા ઘંટોના રવ ગંભીર હતા, તો જેમ ઘંટ નાના થતા હતા તેમ એમનો રણકાર તીવ્ર થતો હતો. આ ઘંટ-માળને વગાડવા માટે સાત-આઠ જણ જોઈએ. વળી, દરેક ઘંટમાંથી બે જુદા સૂર નીકળી શકતા હતા, તેથી એમને વગાડવામાં નૈપુણ્યની ખાસ જરૂર હતી. મને યાદ આવ્યું કે ન્યૂ યૉર્કમાં એક ચીની કળાનુષ્ઠાન વખતે મેં આવા ઘંટ જોયા અને સાંભળ્યા પણ હતા.

આ ઉપરાંત, કબરમાંની લાખ-કામની ચીજોની કળાત્મકતા અને વિવિધતા જોઈને વિસ્મયચકિત થઈ જવાયું. ઓહો, એ પ્રાચીન યુગમાં પણ આવું કામ થતું હતું? શું જાહોજલાલી હશે એ જમાનામાં! પણ મૃત વ્યક્તિને તો કફનમાં જ બંધ થવાનું હોય છે. દેહ સાથેની કફન-પેટીને બીજી મોટી કફન-પેટીમાં મૂકવામાં આવી હતી. બંને લાકડામાંથી બનાવાયેલી. બહારવાળી પેટી પર ઘેરા રંગનાં ચિત્રાંકન હતાં - મૅક્સિકો કે આફ્રિકાની આદિ જાતિઓનાં હોય તેવાં. અલબત્ત, આ બંને પેટીઓ મૂળ માપ પ્રમાણે નવેસરથી બનાવાઈ હતી.

બહુ જ રસ પડ્યો ચીનની પ્રાચીન સંસ્કૃતિના આવા અસામાન્ય અંશની જાણકારી મેળવવામાં. વુહાનના ખૂબ મોટા કુદરતી સરોવર 'ઈસ્ટ લેક'તરફ જતાં જતાં હજી હું એ પ્રદર્શન-સંપુટના જ વિચારો કરતી હતી. તળાવની ચોતરફ વસાવેલા ઉદ્યાનની અંદર એક રેસ્તોરાં, એક દુકાન ને ચીનની મુલાકાતે આવેલા વિદેશી વડા નેતાઓ - અમલદારો માટે એક હોટેલ હતી. સાથે જ બાળકોને રમવા માટેની વ્યવસ્થા, મોનો-રેલ વગેરે પણ હતાં, જેમાં જવા માટે સામાન્ય ટિકિટ રાખવામાં આવી હતી. તળાવનો સામો કિનારો મને દેખાતો ન હતો. ઘણો દૂર હતો, અને હવામાં ધુમ્મસ હતું. સહેલ માટે નૌકાઓ ઊભી હતી - ઘરાકોની રાહ જોતાં યુવાનો સાથેની મોટર-બોટ, તથા મધ્યવયી સ્ત્રીઓ દ્વારા હલેસાં મારીને ચલાવાતા શિકારા. અલબત્ત, મેં પ્રદૂષણ વગરનો, શાંત ભાવે જતો શિકારો પસંદ કર્યો. આનાકાની વગર દસ યુઆન સ્વીકારીને એક મહિલાએ મને ને માઈકલને પંદર-વીસ મિનિટ શાંતિ ને સંતુષ્ટિથી જળ પર સરકાવ્યાં. તળાવની દૂર દૂરની જગ્યાઓએ સ્થાનિક લોકોને લઈ જવા માટે વાહન-નૌકાઓ પણ હતી. વુહાનનાં પ્રજાજનો ઘેર અથવા કામે જવા એ વાપરી શકતાં હતાં.

અમે એક પૅગોડા પાસે ઊતરી ગયાં. કિનારાનાં પાણી પર 'વિલો' વૃક્ષ સમ્મોહન સહ ઝૂકતાં હતાં. સુંદર, શાંતિમય સ્થાન હતું. એક તરફ કવિ ચુ યુઆનનું બૃહત્પરિમાણ, પણ લાંબા ઝભ્ભાના ઊડતા છેડાવાળું, મોભાદાર શિલ્પ મુકાયું હતું. સારું થયું ફરી 'મુલાકાત' થઈ એમની સાથે. ચીનના અત્યંત આદર પામેલા સર્જકો અને કળાકારોમાંના એ એક હતા, અને ઠેકઠેકાણે એમની પ્રતિમા પધરાવાઈ હોય તે યોગ્ય જ હતું.

બપોરના ખાણા માટે માઈકલ મને, મુખ્ય માર્ગથી અંદર, વસવાટી લત્તામાં એક નાના, સ્થાનિક જન-ગણમાં પ્રિય એવા આહારગૃહમાં લઈ ગયો. બહારની ભીનાશને લીધે અંદરની ફર્શ ભીની થઈ હતી. મને બહુ ગમ્યું નહીં, પણ મારે માઈકલને ભારરૂપ નહોતું થવું. છતાં ટેલિવિઝનનો અવાજ તો મેં ઓછો કરાવ્યો. પછી મેં જોયું તો અતિ-નગ્ન, અતિ-સુંદર, અતિ-અલ્પવયી ચીની યુવતીઓનાં મોહક દર્શનનો વિડિયો ચાલતો હતો. એમાં અશ્લિલ કશું ન હતું, કળાત્મક પણ ન હતું.

જમવામાં મેં જે માગ્યું તે મને મળ્યું. ડુંગળી ને વટાણા સાથે સાંતળેલો ચીની ચોખાનો ભાત, કમળ-કાકડી ને તીખી લાલ ચટણી. ખાવાનું સારું હતું, ને જીભને સંતોષકારક હતું - એ જાણીને માઈકલ ખુશ થયો.એણે આમિષ વાનગીઓ પણ મંગાવેલી ને બિલ આવ્યું તે ઘણું ઓછું આવ્યું. એવું સસ્તું પડેલું એ સ્વાદિષ્ટ ખાણું.

એ પછી વારો હતો '૧૯૧૧ના બળવાના સંગ્રહાલય'નો. એમાં ચીનનો આધુનિક ઈતિહાસ રજૂ થયો હતો. એ બળવાના આગેવાન હતા ડૉ. સન યાત સેન. એ વખતના એમના હેડક્વાર્ટર્સના એ બંગલામાં જ હવે સંગ્રહાલય વસાવાયું હતું.

ચિન્ગ રાજવંશનો મન્ચુરિયન ચીની સમ્રાટને ત્યારે ઊથલી પડાયો હતો. એક વિશાળ ખંડમાં બે ખૂબ મોટા ધ્વજ લટકાવેલા હતા. એકની અંદર પાંચ પહોળા પટા હતા - લાલ, પીળા, ભૂરા, સફેદ ને કાળા રંગના. એ ચીનની પાંચ મુખ્ય જાતિઓનું પ્રતીક હતો. બીજો લશ્કરી ધ્વજ હતો - આખો લાલ ને અંદર ૧૮ પીળાં વર્તુળવાળું ભૂરું ચક્ર દર્શાવતો. અઢાર વર્તુળ, કારણ કે એટલી સંખ્યામાં પરગણાં એ લોક-ક્રાંતિ માટે એકત્ર થયાં હતાં. એ 'લોહ અને લોહીનો ધ્વજ' કહેવાતો હતો. તાકત અને દેશભક્તિનું સૂચન કરતો હતો, તેથી.

ચીનના ઇતિહાસની માહિતી અનેક ચાર્ટ, ફોટો, લખાણ દ્વારા અપાઈ હતી. દેશમાં અંદરોઅંદર ,સંઘર્ષો હતા. વળી ઇંગ્લન્ડ, ફ્રાન્સ, જર્મની, જાપાન, સોવિએત યુનિયન અને અમેરિકાએ પોતપોતાની સત્તા પણ સ્થાપેલી. ચીન અર્ધ સામંતશાહી, અર્ધ વિદેશી હકૂમત નીચે રહેલો, બેવડી પકડમાં સપડાયેલો, દેશ હતો. એ જમાનાનાં, 'ચીનીઓને અને કૂતરાઓને આવવાની મનાઈ છે' - એવા ક્રૂર આદેશવાળાં પાટિયાં પણ ત્યાં હજી સાચવી રાખેલાં હતાં.

લશ્કરી ફેક્ટરીએ તૈયાર કરી આપેલાં હજારો શસ્ત્રો દ્વારા દેશબંધુઓએ વિદેશી શાસકો પર વિજય મેળવ્યો. ૧૯૧૨ની પહેલી જાન્યુઆરીએ ડૉ. સન યાત સેન ચીનના સર્વપ્રથમ રાષ્ટ્રપતિ બન્યા - ભલે ટૂંક સમય માટે. ધ્યાન ખેંચી રહે તેવું હતું બધું. પણ ખૂબ જ વિગતો હતી, મગજ થાકી જાય તેટલી.

ગુઈયાન મંદિર માટે પણ પ્રવેશમૂલ્ય હતું. કેવળ સ્થાનિક ભાવિકો જ આવતાં હતાં છતાં. મારા સિવાય ત્યાં કોઈ જ પરદેશી, કે પ્રવાસી, હતું નહીં. મંદિરોનો એ સંપુટ હતો. એનાં જુદાં જુદાં ગૃહોમાં જુદી જુદી બુદ્ધ-પ્રતિમાઓ હતી. એક વિશાળ કક્ષમાં 'સંતો'ની પાંચસો મૂર્તિઓ હતી. 'સંતો'એટલે 'સેંઇન્ટ્સ'ના અર્થમાં. પણ એનો અર્થ કદાચ બુદ્ધના 'અનુયાયીઓ' થતો હશે, એમ માનું છું. જોવાનું એ હતું કે એ દરેક મૂર્તિ હસ્ત-મુદ્રા, અંગ-સ્થિતિ, મુખ-ભાવ - બધી રીતે એકમેકથી જુદી પડતી હતી. શું શિલ્પીઓ હશે એ સમયે? મુખ્ય મંદિરમાંની બુદ્ધની મુખ્ય પ્રતિમા તથા બે દ્વારપાળ-અંગરક્ષકોની બે મોટી મૂર્તિઓ કાચની બાજુઓવાળાં લાકડાનાં કબાટમાં મૂકી દેવામાં આવી હતી. વધારે સચવાય એ કારણે; પરન્તુ સરખી રીતે જોઈ ના શકાય.

એક ખંડમાં, આસનસ્થ બુદ્ધની સફેદ મરકત મણિમાંથી બનાવેલી મૂલ્યવાન પ્રતિમા હતી. દોઢ ટનનો એ રત્ન-પાષાણ મ્યાન્માર (ત્યારે તો અલબત્ત, બર્મા)માંથી લવાયેલો. 'હજાર હાથવાળી દેવી'નું ઊંચું, સુંદર ધાતુ-શિલ્પ પણ ત્યાં હતું. એને ઘણી વાર 'દેવી-બુદ્ધ'નું સ્વરૂપ માનવામાં આવે છે. બીજા એક મંદિર-ખંડની અંદર 'પ્રજનનની દેવી'નું સ્થાપન હતું. ૧૯૭૦માં જ્યારે કુટુંબ-નિયોજનનો કડક ધારો પ્રજા પર લાદવામાં આવેલો ત્યારે આ મંદિરનાં દ્વાર પર તાળાં લગાવી દેવામાં આવેલાં. 'ખૉળાનાં ખૂંદનાર' માટે પ્રાર્થના કરવાનો કોઈ ચીની પ્રજાજનને હક્ક ન હતો. દસ-બાર વર્ષ આ દ્વાર બંધ રહેલાં. નવા ચીનમાં હવે દેવી-માતાની પૂજા-આરાધના કરવાની રજા અપાઈ લાગે છે.

બહુ જ ગમી મને એ જગ્યા. શાંત હતી, અને સરસ, પણ ખૂબ ઓછાં લોકો હાજર હતાં. એક હાટડી પરથી મેં લાકડાના મોટા મણકા પોરવેલી નાની માળા લીધી. મણકા ફેરવીને ઈશ્વરનું નામ લેવા માટે ચીની ભાવિકો એ વાપરે છે. દરેક ધર્મમાં - હિન્દુ, ઇસ્લામ, ખ્રિસ્તી ને બૌદ્ધ - એ પ્રથા છે.

ત્યાં વધારે સમય ગાળવો મને ગમ્યો હોત, પણ માઇકલને ઉતાવળ હતી. એ ક્યારનો બગાસાં ખાતો હતો. ચીનમાં બપોરે આડા પડવાની પ્રથા છે, એણે કહ્યું. આમ થતું હોય એમ મેં ક્યારેય સાંભળ્યું ન હતું આ પહેલાં. કદાચ બપોરે સૂવાની એની અંગત ટેવ હતી. નવા ચીનનો આધુનિક, યુવા સદસ્ય હતો એ, ને એવી જ હતી એની વાતો. એ, સ્થાનિક, રાષ્ટ્રિય ને હવે આંતરરાષ્ટ્રિય ગાઈડ હતો, ને એને ઘણા ઘણા અનુભવ થયા હતા. 'એ બધા વિષે હું પણ ક્યારેક લખીશ, પણ હમણાં હું આળસુ થઈ ગયો છું,' એણે કહ્યું. 'મારા વિચાર ખૂબ ગંભીર અને ઊંડાણવાળા છે' ને પૂરા આત્મવિશ્વાસ સાથે છેલ્લે કહે, 'ક્યારેક તો એ બુદ્ધ જેવા છે.'

આ ઉપદેશ સાથે માઇકલે મને હોટેલ પર મૂકી ત્યારે બપોરના સાડા ત્રણ થયા હતા. હું પહેલાં તો નદી પર ગઈ, ને 'મારા' વહાણ તરફ થોડી વાર જોયા કર્યું. પછી પ્રવેશ-મૂલ્ય આપીને ચિન્ગ ચુઆન મંડપ-સંપુટ જોવા ગઈ. 'ચારસો થી વધારે વર્ષોના લાંબા ઇતિહાસવાળું એ ઐતિહાસિક રસ તથા કુદરતી સૌંદર્યથી યુક્ત' એક સ્થાન હતું. પગથિયાં, અગાશીઓ, મંડપો. હું ફરતી રહી. એવું સુંદર, શાંત એકાંત હતું, પણ વરસાદની ઝરમર અટકી ન હતી.

નવા રંગેલા ને ચિતરેલા એક મંડપનાં ૨૭૦ પગથિયાં હતાં. એ હું ચઢી પાછી ઊતરી. ત્યાંના ઊંચાઈએથી ઘણું દેખાયું હતું. - લાલ નળિયાંનાં છાપરાં, નદીના પુલ પરનો ટ્રાફિક, પેલી બાજુ થઈ રહેલાં નવાં બાંધકામ, દૂરનાં નવાં બહુમાળી મકાનો. આ બાજુ સ્થાનિક લોકો ચાલતાં અથવા સાઇકલ પર ઘેર જઈ રહ્યાં હતાં. હોટેલની નજીકમાં 'જોવા જેવું, સરસ બીજું કાંઈ' ન હતું. એક સરસ, શાંત, આપણા જ ઘરના માહોલવાળી ગલી હતી. □

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

નવોદયા વિદ્યાલયા

તા. ૨૬-૨-૮૯. નવોદયા વિદ્યાલયા વાંચીને નવાઈ લાગશે, પણ એ તો અંગ્રેજીની અસર નીચે ભગવાન રામ પણ રામા થઈ જાય પછી નવોદયનો શું વાંક? હમણાં બે દિવસ હું ખેડા જિલ્લાના કઠલાલ ગામે આવેલા નવોદય વિદ્યાલયમાં જઈ આવ્યો. અત્યારે દેશભરમાં ૨૫૬ નવોદય વિદ્યાલયો ચાલે છે. તેમાં ઘણી સરસ રીતે ચાલતાં વિદ્યાલયોમાં કઠલાલની ગણના થાય છે. અમારે વિદ્યાલયનાં બાળકો સાથે જ ભોજન લેવાનું હતું. લાંબા ટેબલ ઉપર બે બાજુએ છ-છ બાળકો (ઉંમર ૧૧ થી ૧૨ વર્ષ) અને ટેબલને બે છેડે બે મહેમાન અથવા બે શિક્ષકો બેસે. મેં જમતાં જમતાં પૂછ્યું કે અહીં આવું જમ્યા પછી વૅકેશનમાં ઘેર જમવાનું ફાવે? જવાબ તો બધાના સરખા હતા, ફક્ત ભાષા જુદી. તેના બે નમૂના : 'ઘેર તો મમ્મીની રોટલી મળે ને!' અને 'ઘેર તો બાના રોટલા વધુ મીઠા લાગે.' કેટલી બધી ભિન્ન આર્થિક અને સામાજિક સંસ્કૃતિ લઈને આ બાળકો આવે છે! અને એક રીતે જોતાં આવાં બાળકો એકબીજાંના સંસર્ગમાં આવે એવો શિક્ષણ-પ્રયોગ સરાહનીય ગણાય. પણ બધાંને ડર એ વાતનો છે કે આવી શાળાના શિક્ષકો અને આચાર્યો તો ઘણાખરા શહેરી વાતાવરણને વરેલા આવવાના. એટલે સંભવ છે કે છ વર્ષ આવી શાળામાં રહ્યા પછી 'બા ના રોટલા'વાળો વિદ્યાર્થી 'મમ્મીની રોટલી' સંસ્કૃતિનો થઈ જશે અને ગામડાંનાં ગંવાર જેવાં માત-પિતા પ્રત્યેની નૈસર્ગિક લાગણી ગુમાવી બેસશે. વળી દિલ્હી, મુંબઈ કે દેહરાદૂનની નિવાસી પબ્લિક સ્કૂલના કાર્યક્રમ જેવો જ કાર્યક્રમ અહીં ગોઠવાયો છે એટલે ડર તો રહે જ છે.

બાબા પૃથ્વીસિંહ આઝાદ

તા. ૬-૩-૮૯. કાલે રાત્રે સમાચારમાં સાંભળ્યું કે 'સ્વાતંત્ર્ય સેનાની બાબા પૃથ્વીસિંહ આઝાદ'નું ૯૮ વર્ષની વયે અવસાન થયું. આ બાબા પૃથ્વીસિંહ આઝાદ એટલે ભાવનગરના અખાડાના સ્વામીરાવ. આંદામાનમાં કાળા પાણીની સજા પામેલા કેટલાક ક્રાંતિકારી કેદીઓને ભારતની જેલોમાં ટ્રાન્સફર કરવાનું બ્રિટિશ હકૂમતે નક્કી કર્યું તે મુજબ પૃથ્વીસિંહ પણ મદ્રાસ બંદરે ઊતર્યા. મદ્રાસથી ટ્રેનની મુસાફરી દરમિયાન, ચાલતી ગાડીએ, બેડી સહિત નદીના પાણીમાં ઝંપલાવી નાઠા તે નાઠા. પછી સરકાર તેમને પકડી શકી નહિ.

ભાવનગરની તાર ઑફિસમાં સરકારી નોકરી કરતા એક ક્રાન્તિકારી ગણેશ વૈશંપાયનની સૂચનાથી પૃથ્વીસિંહ સરકારથી છુપાતા ભાવનગર આવ્યા અને રાજ્યની હૉસ્પિટલના આંખના દાક્તર ડૉ. કાણેની મદદથી રાજ્યના દીવાન પ્રભાશંકર પટ્ટણીને મળ્યા. રાજ્યે તેમને આશ્રય આપ્યો, એટલું જ નહિ, પણ યુવાનો વચ્ચે કામ કરી દેશપ્રેમની ભાવના



જાગ્રત કરવાની તેમને સગવડ કરી આપી. પીલ ગાર્ડનમાં ચાલતી એક વ્યાયામશાળા (જેનું સંચાલન પેલા ક્રાન્તિકારી ગણેશ વૈશંપાયન કરતા હતા)ને માટે મોતીબાગમાં જમીન ફાળવી આપી અને એ મોતીબાગનો અખાડો સેવક સ્વામીરાવના નામે પૃથ્વીસિંહે ચલાવ્યો.

આ ૧૯૨૬ના અરસાની વાત છે. મારા મોટાભાઈ, મધુસૂદનભાઈએ તે અખાડામાં જવાનું શરૂ કર્યું અને ૧૯૨૮ના અરસામાં (મારી દસ વર્ષની ઉંમરે) હું પણ અખાડામાં જવા લાગ્યો. વ્યાયામમાં નિપુણ સૌથી પહેલી ટુકડીમાં મધુસૂદનભાઈ અને હું બન્ને હતા અને ઊંચાઈ પ્રમાણે ટુકડી એક કતારમાં ઊભી હોય ત્યારે સૌથી પહેલા મધુસૂદન અને સૌથી છેલ્લો પ્રહ્લાદ આમ અમે ભાઈઓ આખા અખાડામાં મશહૂર હતા.

અમારા ઘરમાં દેશ-પ્રેમ નિઃસ્વાર્થ સેવા જેવા સંસ્કારો અમે બે ભાઈઓના સ્વામીજી સાથેના સંસર્ગમાંથી આવ્યા છે. સ્વામીજી સાથે ૧૯૩૦થી સંપર્ક તૂટી ગયો તે ફરી પાછો ૧૯૪૧માં સધાયો તેની વિગત તો 'ચૉક અને ડસ્ટર'માં આવી ગઈ છે.

આઈડીઝ ઑફ માર્ચ વગેરે

તા. ૧૫-૩-૮૯. આજે ૧૫મી માર્ચ છે. શેક્સપીઅરે ૧૫મી માર્ચ માટે ખાસ શબ્દ વાપર્યો છે : 'Ides of March 'જૂલિઅસ સીઝર નાટકમાં સીઝરને અમંગળનાં એંધાણ થાય છે તેને ગગનમાંથી અવાજ સંભળાય છે - Beware of the Ides of March. (માર્ચની આઈડીઝને દિવસે ચેતતો રહેજે.) અને ૧૫મી માર્ચે તેનું ખૂન થયું. ૧૯૮૯માં સલમાન રશદીને ખોમેનીનો પડકાર સંભળાય છે. 'Beware of the Ides of March.' ૧૫મી માર્ચ સુધીમાં રશદીનું ખૂન કરવાનો ખોમેનીએ ફતવો બહાર પાડ્યો છે!

ગઈ ૧૫મી માર્ચે ટાઈમ્સ ઑફ ઇન્ડિયાના વચલા પાના

ઉપર છપાયેલા એક લેખમાં લેખકે Ides of March શબ્દપ્રયોગ વાપર્યો હતો. પણ અંગ્રેજોની વિદાયને ૪૦ વર્ષ થઈ ગયાં હતાં. ટાઈમ્સ જેવા અંગ્રેજીની ખુમારી રાખતા અખબારના કંપોઝિટર, પ્રૂફરીડર કે સંપાદન વિભાગને આ Ides એટલે શું તે સમજ ન પડી અને તેમણે લેખકનું લખાણ સુધારીને છાપ્યું : Ideas of March!

રવિવારે લખાવો જોઈતો આ કાગળ બુધવારે લખાય છે કારણ કે શનિથી મંગળ ત્રણ જુદી જુદી પ્રવૃત્તિમાં રોકાયેલો હતો. શનિવારે ગુજરાત વિજ્ઞાન સભા તરફથી ત્રણ લોકભોગ્ય વિજ્ઞાન-પુસ્તિકાના પ્રકાશન-સમારંભમાં ગયો હતો. અમે ગણિતવાળાઓએ ગુજરાતી ભાષામાં જે સાહિત્ય ઊભું કર્યું છે તેવું ગુજરાતી વિજ્ઞાનવાળાઓ કરી શક્યા નથી. પણ SAC (અન્તરિક્ષ ઉપયોગ કેન્દ્ર) અને પી.આર.એલ.ના બિનગુજરાતી યુવાન વિજ્ઞાનીઓએ એ ગુજરાત વિજ્ઞાનસભાની સ્થાપના કરી આ કાર્ય ઉપાડ્યું ત્યારે તેમના કાર્યક્રમમાં ન જઉં તે કેમ ચાલે?

રવિ, સોમ યુનિવર્સિટીના રાષ્ટ્રિય સેવા યોજના(NSS) ના ટુકડી-નેતાઓની શિબિરમાં ગયો હતો. ગુજરાતમાં ગ્રીષ્મ વ્યાયામ શિબિરો તો ઘણા વખતથી ચાલતી હતી. પણ વ્યાયામ સિવાયની સમાજસેવા તથા શ્રમ-શિબિરોની શરૂઆત ૧૯૪૪ના ઈટોલા કેમ્પથી થઈ. અને તે કેમ્પનું સંચાલન મેં કરેલું. ત્યારે મારી ઉંમર ૨૬ વર્ષની. તેથી ૧૯૮૯ની NSS શિબિરમાં જવાની ૭૧ વર્ષની ઉંમરે પણ ના કેમ પડાય!

મંગળવારના કાર્યક્રમનો ઉદ્ભવ વિચિત્ર રીતે થયો હતો. ગુજરાત સાયન્સ એકેડેમીએ શૈક્ષણિક પ્રવૃત્તિ માટે ગુજરાત સરકાર પાસે ગ્રાન્ટ માગી હતી. સરકારે ૧લી માર્ચે ગ્રાન્ટ મંજૂર કરી. ૩૧મી માર્ચ પહેલાં ગ્રાન્ટ વાપરી નાખવાની હતી. શું કરવું? કોઈના ફળદ્રુપ ભેજામાં વિચાર આવ્યો. ૧૪મી માર્ચે આઈન્સ્ટાઈનનો જન્મદિવસ છે. ચાલો ૧૪મીએ આઈન્સ્ટાઈન અને ફિઝિક્સ ઉપર સેમિનાર ગોઠવીએ. આઈન્સ્ટાઈનના નામ ઉપર આખી જિન્દગી રોટલા રળ્યા પછી મારાથી તે સેમિનારમાં જવાની ના કેમ પડાય? □

લઘુકથા

તુલના

પ્રા. મુકુંદ દે. ભટ્ટ

ઑફિસથી છૂટી ઘેર આવતાં પહેલાં વિશ્વેશ્વર મહાદેવનાં દર્શન કરવાનો મારો નિત્યક્રમ. અન્ય ભાવિકો સાથે ગૌતમલાલ અને નર્મદાબહેન પણ અચૂક મળે.

શિયાળાની ઋતુનો પ્રારંભ થઈ ચૂક્યો હોવાથી રાત પણ ઠંડી સાથે સાંજ પડતાં દોડી આવતી લાગતી!

છેલ્લા કેટલાય દિવસોથી બન્નેમાંથી કોઈ પણ જણાતું ન હતું. રોજિંદા દર્શનાર્થીઓ સાથે જેમ ચહેરાનો પરિચય હોય તેટલો જ પરિચય તેમની સાથે હતો. ક્યારેક વાતચીત દરમ્યાન જાણી શક્યો ન હતો. મન રોજ વિચારોના ચકડોળે ચઢી બેસતું કદાચ બેમાંથી એકાદની તબિયત......

આજે મનને હાશ થઈ. મંદિરમાંથી દર્શન કરી પાછા વળતાં તેમને આવતાં જોયાં. બન્ને ધીમા ડગલે ચાલતાં હતાં. નજીક આવતાં મેં હાથ જોડી 'મહાદેવ હર' કર્યા. ચશ્માના કાચમાંથી શૂન્ય બની ચૂકેલી આંખે નૌતમલાલ મને જોઈ રહ્યા.

કેમ.... દાદા તમો બન્ને..... હમણાંથી... તેમણે મને અધવચ્ચેથી અટકાવી દીધો.

આ... આની તબિયત વચમાં ખાસ્સી નરમ થઈ ગઈ હતી. ઘરના ઉપચાર કર્યા. થાકીને નજીકના ડૉકટરની દવા લીધી પણ ખાસ ફેર ન પડ્યો તેથી કંટાળીને દવાઓ પણ લેવાની છોડી દીધી. મોટો દૂર દેશાવર પડ્યો અને નાનાને મુંબઈમાં નવી-નવી નોકરી. અહીં ખાતે માત્ર દીકરી અને તે પણ બચરવાળ. અમારું તો આ રોજનું થયું! ખર્યાં પાન જેવાં...

એકાએક સંવાદની ગતિ તૂટે છે. મંદિરની નજીકના લીમડા પર કોલાહલ થતાં તેમની નજર ત્યાં પહોંચી જાય છે. અને મને હલબલાવી મૂકે તેવી ઘટના બને છે.

નૌતમલાલે મને લીમડાની ડાળ પર ખિસકોલીના નિશ્ચેત દેહને ફોલી ખાતું ગીધ બતાવ્યું. તેઓ મારી નજીક આવ્યા અને ખૂબ ધીમેથી બોલ્યા,'અમે પણ...ગીધડાં છીએ.'

હું વધુ અકળાઉં છું. કશું જ બોલી શકતો નથી. તેઓ મારી મૂંઝવણ પામી જાય છે. 'ન સમજાણું... મારું કહેવું....???' પછી બબડ્યા, 'આ ગીધ અને અમારી વચ્ચે ફરક માત્ર એટલો જ કે તે શિકારના મોતની રાહ જુએ છે, જ્યારે અમે બન્ને તો બસ અમારાં.....' ગળું ભરાઈ આવતાં તે આગળ બોલી ન શક્યા, અને મન ભરાઈ આવતાં હું પણ......

નર્મદાબહેનની નજર હજી પણ ભોંયમાં જ ખોડાયેલી હતી. અમારી ત્રણેની વચ્ચે ઊતરતી સંધ્યા મ્લાનપણે મૌનની રેતીના કણો વેરતી રહી... □

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૧૬)



—જયન્તીલાલ મહેતા

૧૯૩૦માં મુનશી ૪૩ વર્ષની ઉંમરે ફરી પાછા રાજકારણમાં સક્રિય બને છે. ત્યારે તેમનો વકીલાતનો ધંધો પૂરબહારમાં જામેલો હોઈ માસિક દસથી પંદર હજાર (આજના ભાવે પાંચથી સાત લાખ) આવકના કારણે અને લીલાવતી મુનશીની વ્યવહારકુશળતા તથા વ્યાપારી કુશાગ્રતાને કારણે મુનશીનું ગૃહજીવન અત્યંત સુખાળવું અને સરળ ચાલતું હોય છે. પણ મુનશી એટલે જ તરવરાટનો તેજી તોખાર. 'રાબેતા મુજબ'નું જીવન જ તેમને અણખત્ કરાવે. બારડોલી સત્યાગ્રહે ૧૯૨૮માં તેમને બંધારણવાદી મટાડવા માંડ્યા હતા અને સરકાર સામે અસહકાર અને કાનૂનભંગની ગાંધીજીની કૉંગ્રેસની નવી નીતિરીતિ લડતો લડવાની નીતિ તરફ મનોમન વળ્યા હતા.

માર્ચ ૧૯૩૦માં ગાંધીજીએ તેમની નમક સત્યાગ્રહની પ્રથમ ભેરીરૂપ ઐતિહાસિક દાંડીકૂચ કરી અને તેમાં મુખ્યત્વે ગુજરાતના ભડવીરોએ આગળ પડતો ભાગ લીધેલો તેની વાતો વાંચી-સાંભળી એક ગુજરાતી તરીકે મુનશીની છાતી ગજગજ ફૂલવા લાગી. લીલાવતી તો મુનશીને પરણ્યાં તે પહેલાં જ ગાંધીજીનાં અનુયાયી બન્યાં હતાં એટલે ફેબ્રુઆરી ૧૯૩૦ના એક પવિત્ર દિને મુનશી - દંપતી તેમના મિત્ર અને ગાંધીજીના રહસ્યમંત્રી મહાદેવભાઈ દેસાઈને મળ્યાં. મનોમન પવિત્ર પ્રતિજ્ઞા કરી કે, પોતાના સ્યુટેડ,બૂટેડ,હેટેડ પહેરવેશને હંમેશ માટે તિલાંજલી આપવી. વ્યવસાયની પ્રવૃત્તિઓને ગૌણ બનાવી ભારતદેશના સ્વાતંત્ર્ય સંગ્રામના એક અદના સૈનિક બની તેમાં ઝંપલાવવું. એક પત્રમાં તેમણે લખ્યું : '...દાંડીકૂચનો પ્રત્યેક દિવસ મારે માટે જબરદસ્ત તણાવ અને આંતરિક ઉચાટનો દિન છે. હું તો સુખાળવી જિંદગીરૂપ ઘંટીના પડો વચ્ચે દબાતો-દબાતો પામર જીવ છું. દેશસેવા કરવાનું હું સાવ વીસરી બેઠો છું. ભારતમાતાના સપૂત બનવાનાં મારા સદાય સેવેલાં સ્વપ્નાંઓ હું શું ભૂલી બેઠો છું? અરે મારામાં એક સાદા ગુજરાતી ગામડિયા જેટલી પણ હિંમત બચી નથી? જ્યારે સમસ્ત ગુજરાત ખભેખભા મિલાવી એક હાકલે કૂચકદમ કરે છે ત્યારે હું આ મુંબઈના આલિશાન બંગલામાં સુખની સેજમાં કેમ સૂતો છું? અને ઉનાળાની રજાઓમાં કાશ્મીરની સહેલગાહે જવાની યોજનાઓમાં ગૂંચવાયો છું? ધિક્ ! ધિક્ !...' ૧૪મી એપ્રિલ ૧૯૩૦ના રોજ મુનશી ગાંધીજીને એક દર્દભર્યો પત્ર લખે છે : 'અત્યાર સુધી હું માનતો રહ્યો કે અંગ્રેજો ભારતને બ્રિટિશ સામ્રાજ્યના એક માનવંતા સભ્ય રાજ્ય તરીકે ડુમીનિયન સ્ટેટસ આપશે તો સ્વીકારી લેવું. પરંતુ હવે મને ખાતરી થતી જાય છે કે અંગ્રેજો સાચી રાજ્યસત્તા ભારતીયોને ક્યારેય નહિ આપે. માટે આપણી રાજકીય મુક્તિ અને આર્થિક ઉદ્ધાર સાધવા માટે તો તમે ચીંધેલ કાનૂનભંગ અને અસહકારનાં આંદોલનો ચલાવી સર્વસ્વનો ભોગ આપશું ત્યારે જ આપણે સ્વરાજ્યને લાયક બનશું... અંગ્રેજો પ્રામાણિક છે અને ન્યાયપ્રિય છે તેવી મારી માન્યતાઓનો કચ્ચરઘાણ વળતો જાય છે. તેમની લોકશાહી માત્ર તેમના દેશના ગોરાઓ વાસ્તે જ અકબંધ છે. બાકીની તેમની એડી તળે દબાયેલી ચંપાયેલી પ્રજાઓ પર તો તેઓ દંડાબાજીથી જ રાજ્ય કરવાના છે. તાજેતરમાં ગીરગાંવ મૅજિસ્ટ્રેટની અદાલતના પ્રાંગણમાં પોલીસે નિર્દોષ ટોળા પર જે અમાનુષી અત્યાચાર ગુજાર્યો છે તે જોઈ મારાં રુંવાં ક્રોધાગ્નિથી જલે છે. એટલે હવે મારાથી સુખની નિંદર લેવાતી નથી.. આપ રજા આપો તો આપની લડતમાં જોડાવા માગું છું. કૉંગ્રેસનીતિના પ્રથમ પગલારૂપે મેં પ્રોવિન્શિયલ કાઉન્સિલમાંથી રાજીનામું આપી દીધું છે...'



ગાંધીજીની દાંડીકૂચ

ગાંધીજીની સંમતિ સાંપડતાં જ મુનશી મુંબઈની ચોપાટી પર વિશાળ જનમેદની સમક્ષ ગર્જે છે : '...મારા દેશબાંધવો, મારા મુંબઈગરા નાગરિક મિત્રો, આપણે આજે એ સિદ્ધ કરી બતાવવું છે કે, જેમ અન્ય ક્ષેત્રોમાં તેમ જ સ્વરાજ્યની લડતમાં પણ આ ભારતનું પ્રથમ શહેર મોખરે જ રહેશે...' અને પછી અહિંસક લડત કેમ લડવી તેના ગાંધીચીંધ્યા નિયમો પ્રજાને સમજાવે છે. ૨૧મી એપ્રિલ ૧૯૩૦ના રોજ ગાંધીજીને મુનશી-દંપતી મળવા જાય છે ત્યારે ગાંધીજી તેમની સૂત્રાત્મક વાણીમાં આવકાર આપતાં કહે છે : 'આવી ગયાંને બંને તમે વનવાસમાંથી પાછાં, મારાં વહાલાં મિત્રો?' (૧૯૨૦ થી ૧૯૩૦ સુધી મુનશીએ કૉંગ્રેસ છોડી જાણે સ્વયં



તાપીબા ઉર્ફે જીજીમા

રનવાસ લીધો હોય તેમ સૂચવતા) અને નમક સત્યાગ્રહીઓના સરઘસના મોખરે જોડાઈ જતાં મુનશીની ધરપકડ થાય છે. અદાલતમાં મૅજિસ્ટ્રેટ પૂછે છે : 'તમારે તાજના સાક્ષીની ઊલટતપાસ લેવી હોય તો...' જવાબમાં મુનશી કહે છે : 'અરે! હું આ પરદેશી સરકારે મારા દેશ પર થોપેલી અદાલતને જ સ્વીકારતો નથી... તમારાથી થાય તેટલી મોટી સજા મને કરી લ્યો!...' અને મુનશીને જિંદગીમાં પ્રથમવાર છ મહિનાની કેદની સજા થાય છે. મુનશી લખે છે : 'આ આર્થર રોડનું જેલજીવન તો મને ગમવા માંડ્યું છે. રાત-દિ ધંધાની ઝંઝટ અને કુટુંબકબીલા તથા સામાજિક સંબંધોની માયાજાળમાંથી જાણે હાશ છૂટ્યો છું. એચ ને રોજ સવારે કસરત કરું છું, પ્રાર્થના કરું છું અને આખો દિવસ વાંચવા-વિચારવામાં લહેરથી વિતાવી રહું છું. કેટલું બધું આનંદપ્રેરક એકાંત મળે છે!...' થોડા દિવસ બાદ મુનશીને નાસિક જેલમાં ખસેડે છે ત્યારે મુનશી ફરીથી જેલજીવનનાં ગુણગાન ગાય છે, કારણ નાસિક જેલમાં ચોખ્ખાઇ અને મોકળાશ મળે છે. ગાંધીજીના જન્મદિને બીજી ઑક્ટોબર ૧૯૩૦ના રોજ મુનશીની પ્રથમ જેલયાત્રા પૂરી થાય છે. જેલમાંથી છૂટી મુનશી મુંબઈના બોરીબંદર સ્ટેશને પહોંચે છે ત્યારે પ્લૅટફોર્મ ઉપર મોટી માનવમેદની હારતોરા લઈ તેમનું ઉમળકાભેર સ્વાગત કરતાં 'મહાત્મા ગાંધીજીની જે... ભારતમાતાની જે...' બોલાવે છે ત્યારે મુનશી ગળગળા થઈ ટોળામાં ભળી જઈ પોતે પણ જયજયકાર બોલવા લાગે છે. મુનશીને લોકશક્તિનો પ્રથમ પરચો મળતાં મનોમન ધન્યતા અનુભવે છે.

ઑગસ્ટ ૧૯૩૧માં બીજી ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસના પ્રતિનિધિ તરીકે ગાંધીજી કચવાતે દિલે લંડન જવા ઊપડે છે. કારણ કે સાચા સત્યાગ્રહી તરીકે તેમને સિદ્ધ કરવું છે કે ગમે તેવા કટ્ટર દુશ્મનને પણ પ્રેમથી જીતી હૃદયપલટો કરાવી શકાય છે. એટલે ભારતમાં જુલ્મો વરસાવતી બ્રિટિશ સરકારની પણ માલિક એવી બ્રિટિશ પાર્લામેન્ટ અને બ્રિટિશ પ્રજાના દિલમાં ક્યાંય રામ વસ્યા હોય તો તેને ઢંઢોળીને જગાડવા આ બનાવટી પરિષદનો 'ઝેરનો કટોરો' પી જવા બાપુ જાય છે. અને અંગ્રેજોને આરપાર ઓળખતા લોકોની ધારણા મુજબ ખાલી હાથે પાછા વળે છે. નવો વાઈસરૉય વીલિંગ્ડન ભારતીયોને તુચ્છ ગણી તિરસ્કારે છે. તરત ગાંધીજીને તેમના અનુયાયીઓને પકડી લાંબી આકરી કેદની સજાઓ ફટકારે છે. તે અગાઉ મુનશીના જીવનમાં એક માર્મિક ઘટના ઘટે છે. ઇંગ્લંડથી પાછા ફર્યા બાદ ગાંધીજીના મુંબઈ વસવાટ દરમ્યાન રોજ સાંજે ભરાતી તેમની પ્રાર્થનાસભામાં એક વાર મુનશીનાં માતા તાપીબા ઉર્ફે જીજીમા પરાણે જાય છે. પોણોસો વર્ષનાં શરીરે ખખડી ગયેલા



લીલાવતી મુનશી ઇ.૧૯૩૩માં

જીજીમાની મુનશી ગાંધીજી સાથે મુલાકાત કરાવે છે ત્યારે ગાંધીજી તાપીબાને હસતાં હસતાં પૂછે છે : 'તમારા દીકરાને પાછો જેલમાં મોકલવા રાજી છો ને?' અને જીજીમા પોતાની લાક્ષણિક ઢબે બિન્ધાસ્ત ઉત્તર આપે છે : 'મેં તો મારા દીકરાને તમને સોંપી દીધો છે...'

૪થી જાન્યુઆરી ૧૯૩૨ના દિવસે ગાંધીજીને સરકાર પકડે છે. બીજે જ દિવસે મુનશીનો વારો આવે છે. થોડા દિવસ મુંબઈની જેલમાં રાખ્યા પછી મુનશી વગેરે 'ખતરનાક' ગણાતા સ્વાતંત્ર્ય- સેનાનીઓને સરકાર રાતોરાત બીજાપુર જેલમાં મોકલી આપે છે. તે જેલ મૂળ તો આદિલશાહી સુલતાનોએ બનાવેલ મુસાફિરખાનું હતી. મુનશીને બે વર્ષની લાંબી સખ્ત કેદની સજા થાય છે. ગુંડા-બદમાશોની સાથે કોટડીમાં રાખવામાં આવે છે, પરંતુ મુનશીને એનો અફસોસ નથી. એ તો પોતાને મનગમતા વેદકાલીન સાહિત્યના સ્વાધ્યાયમાં રત બને છે. અને જેમ પુરાણોના અભ્યાસના અમૃતરૂપ પૌરાણિક નાટકો રચાયેલ તેમ આ બે વર્ષના આકરા જેલવાસ દરમ્યાન મુનશી વેદકાલીન ઋષિમુનિઓ, રાજાઓ, પ્રજાઓ તેમના જીવનસંઘર્ષોનું આકંઠ પાન કરે છે અને તેમાંથી કેટલાંક પ્રતાપી પાત્રોના મહાન જીવનમાંથી 'લોપામુદ્રા'ના ચાર ભાગ લખે છે.

તેની પૂર્વભૂમિકા સમજાવતાં મુનશી 'આમુખ'માં લખે છે : '...ઋગ્વેદના પ્રસંગો અને મહાપુરુષોની આસપાસ કાલ્પનિક કથા રચવાનો આ મારો ચોથો પ્રસંગ છે. ઋગ્વૈદિક જીવન નવું છે. એમાં ઇતિહાસના ઉષઃકાલનો તરવરાટ અને પ્રતાપ છે. એની સરખામણીએ પૌરાણિક કથાઓ નીરસ છે...ઘણી વાર પૌરાણિક સાહિત્યથી ઘડાયેલું આપણું માનસ એ જીવનને કાપી શકતું નથી. પાછળના સંસ્કૃત સાહિત્ય પર રચાયેલી આપણી વાણી એને પૂરેપૂરો ન્યાય આપી શકતી નથી. એ સમયનો માનવસ્વભાવ સમજવો પણ કોઈ વાર મુશ્કેલ થઈ પડે છે. એ જીવન અને સ્વભાવનું સર્જન અઘરું થઇ પડે એમાં શી નવાઈ?... ઋગ્વેદસંહિતાનાં દશ મંડળો છે. દરેક મંડળમાં અનેક સૂત્રો છે, અને દરેક સૂત્રમાં મંત્રો છે. એ બધાંની ભાષા પાણિનિના સંસ્કૃતથી અનેક સૈકાઓ પહેલાં બોલાતી

પ્રાચીન ભાષા છે. દશમાંથી ચાર-પાંચ મંડળો તો પાછળથી રચાયાં છે. પણ બાકીનાં મંડળનાં સૂત્રો ઘણાં પ્રાચીન છે, અને વસિષ્ઠ - વિશ્વામિત્ર જેવા જીવંત મહાપુરુષોનાં રચેલાં છે એટલું જ નહિ, પણ તેમાં હિંદુસ્તાનના ઇતિહાસના પ્રાચીનમાં પ્રાચીન બનાવોનો સમકાલીન ઉલ્લેખ છે... એ બનાવો બન્યા ત્યારે આર્યો પાંચ જાતિ-જનો- પાંચજનાઃ-માં વહેંચાઈ ગયા હતા. એ જાતિઓ સપ્તસિંધુમાં રહેતી (આજના પાકિસ્તાન-હિંદુસ્તાન વચ્ચે વહેંચાયેલા, પંજાબમાં). સપ્તસિંધુ - સરસ્વતી, દષદવતી (રાવી), શતદ્રૂ (સતલજ), પરુષ્ણી, અસિકેતી અને વિતસ્તા (જેલમ) - એ નદીઓવાળા પંજાબ પ્રદેશને કહેતા. આર્યો હજુ યમુના સુધી પહોંચ્યા નહોતા... એમની ભાષામાં હજી જંગલી સ્થિતિનાં સ્મરણો હતાં. એમનાં શસ્ત્રોમાં દંડ, પથ્થર અને હાડકાંનાં વજ્ર ગણાતાં. ત્વષ્ટા, પર્જન્ય અને દ્યાવાપૃથિવી જેવા જૂના દેવોનાં માન ઘટી ગયાં હતાં. વ્યોમના દેવ વરુણ - જે સાચાજૂઠાની પરખ કરતા અને લોકોનાં હૈયાં પ્રેરતા. તે પણ યુદ્ધના દેવ ઇંદ્ર જેવા પ્રિય નહોતા. અગ્નિ, સૂર્ય અને સોમ લોકપ્રિય દેવો હતા...

...એ આર્યોના જનો વિશોમાં - વિશઃ - વિભાગોમાં વહેંચાઈ ગયા હતા. એ વિશો જુદાં જુદાં ગ્રામોમાં રહેતા. ગ્રામોમાં જેમની ગાયો એક ઠેકાણે સાથે બંધાતી તેમને એક ગોત્રના ગણવામાં આવતા (ગો=ગાય). ગોત્રો જુદાંજુદાં કુળોનાં બનેલાં હતાં. દરેક ગ્રામનો કારભાર તેનો મુખી ગ્રામીણ કરતો હતો. ઘણી વાર ગ્રામોનાં ગ્રામો પોતાનાં બાલબચ્ચાં, ગાયો, ઘોડાઓ અને બકરાંઓ લઈને ચારાની શોધમાં એકથી બીજે ઠેકાણે જતાં... ગ્રામ એ સ્વાવલંબી સમુદાય હતો. જવ, ચોખા, શિંગ અને તલ - એ સામાન્ય ખોરાક હતો. દૂધ અને ઘી ભરપેટે ખવાતું. આર્યો માંસ ખાતા - ગાયનું પણ. તે રૂ કે ઊનનાં કપડાં બનાવી પહેરતા અને નહિ તો મૃગચર્મ બનાવી પહેરતા. ચામડાની મસકોમાં પાણી રાખવામાં આવતું. તેમને ગાયો અત્યંત પ્રિય હતી. નાણાંને બદલે પણ તે વપરાતી. બક્ષિસોમાં પણ તેની આપ-લે થતી. પાછળથી ગાયને જે પવિત્રતા આપવામાં આવી છે તે હજુ નહોતી આવી...આર્યો ગોરા, ઊંચા, સુંદર નયનોવાળા હતા. તેમનામાં વર્ણવ્યવસ્થા નહોતી. રાજા કે સ્ત્રી ઋષિ થઈ શકતાં. ઋષિ યુદ્ધમાં ઊતરી હજારોનો સંહાર કરી શકે. રાજ્યપદ કે ઋષિપદ-જન્મથી નહિ પણ કર્મથી મળતું. સ્ત્રીઓ પણ શીખતી. કેટલીક ઋષિઓ પણ થતી. કોઈક યુદ્ધમાં પણ જતી.યુવાન છોકરાં-છોકરીઓ પોતાનાં નખરાંથી એકબીજાંને આકર્ષતાં અને ઋષિઓ રૂપાળી સ્ત્રીઓ આકર્ષવાના મંત્રો બનાવતા. દરેક સ્ત્રીને પરણવાની જરૂરત નહોતી. કુમારિકાના પુત્રો અધમ ગણાતા નહોતા.

...આર્યો સુતાર, લુહાર, વૈદ્ય, સોની, કુંભાર, ચમાર અને વણકરના ધંધાઓ કરતા; ખેતી પણ કરતા. એમાંના કેટલાક કવિઓ પણ હતા. હોડીમાં બેસી પરદેશ જતા, વ્યાપાર કરતા, લોકોની ગાયો ચોરી જતા. તે વરુ જેવા લોભી હતા. વ્યાજનો ધંધો કરતા અને તેથી ઋષિઓ તેમના તરફ તિરસ્કારથી જોતા. વ્યાપારને અર્થે લોકો ઘોડા, ઊંટ, કૂતરા કે બળદ પર પોઠ નાખી દૂર ગામ જતાં. ગધેડાઓની પણ કિંમત હતી. એક ઋષિ સો ગધેડાઓની ભેટ મંત્રથી માગે છે...આર્યોની ઘણીખરી પીડાઓ દસ્યુઓ યા દાસો તરફથી આવી પડતી. એમને માટે આર્યોને અનહદ દ્વેષ હતો. દાસો કાળા અને ચીબા હતા. તે જબરા અને દુષ્ટ હતા. આર્યોની ગાયો ઉપાડી જતા. પથ્થરના ગઢોમાં રહેતા અને લિંગની પૂજા કરતા. એ યજ્ઞક્રિયા કરતા નહિ. તે દેવોને તિરસ્કારતા અને વ્રતવિહીન હતા. પણ આ તો આર્યઋષિઓની જુબાની. ખરું જોતાં દસ્યુઓ હિંદુસ્તાનના શિવપૂજક અસલ વતનીઓ હતા. મોહેં-જો-દડો - જેનાં ખંડિયરો આજે સિંધમાંથી મળ્યાં છે - આવા દસ્યુઓનું નગર હતું. દસ્યુના રાજા શમ્બર પાસે પથ્થરના સો ગઢ હતા. અને અત્યારે મળેલા પુરાવાથી એ સંસ્કારી જાતિ હતી એ ચોક્કસ. પણ એ હાર્યા. દાસ થઈ ગયા. થોડે વર્ષે એ આર્યો બન્યા. અને એમના લિંગદેવ, ઉગ્રદેવનું નામ ધારણ કરી આર્યોના મુખ્ય દેવ થયા એમ ઋગ્વેદના બ્રાહ્મણો પરથી મળે છે. અને તે ઉગ્રદેવ, શંકર સ્વરૂપે, આજે આર્ય ધર્મમાં પુજાય છે. મેં તેથી એ લિંગને ઉગ્રકાલનું નામ આપ્યું છે.

...આર્યોના રાજન્યો અને મઘવનો એટલે પૈસાદાર માણસો, મોટા લાકડાના મહેલોમાં રહેતા. લોખંડના ગઢ પણ કરવામાં આવતા. કોઈ ગઢને સો ભીંતો હતી એવા ઉલ્લેખ છે. સામાન્ય ઘરો માટીનાં હતાં. દરેક ઘરમાં અગ્નિ રાખવામાં આવતો. ગાય ને બકરાં રાખવાના વાડા હતા...આર્યો નોકરો અને દાસો પણ રાખતા. તે સુંદર કપડાં પહેરતા. લાંબા વાળની ટાપટીપ કરતા. યુદ્ધમાં તેઓ બખ્તર પહેરતા અને આયુધો વાપરતા. ઘોડાદોડની શરત તેમને પ્રિય હતી. દ્યૂતનો પણ એમને ઘણો શોખ હતો. ઋષિઓ સોમ પીને અને સામાન્યો સુરા પીને નશો કરતા. બધા અવારનવાર એમની સભાઓમાં મળતા. ઋષિઓ મોટા આશ્રમોમાં રહેતા અને વિદ્યાભ્યાસ કરતા...

...વર્ણાશ્રમ વગરનો સમાજ. થોડાક ગોરા આર્યો. આખો દેશ ભરીને કાળા દસ્યુઓ. ઝૂંપડી કે માટીનાં ઘરમાં વાસ. પૈસાને બદલે ગાયોનું ચલણ. લગ્નગ્રંથિ શિથિલ. સ્ત્રી-સમાનતા લગભગ સંપૂર્ણ. આહારવિહારની પૂર્ણ છૂટ. દિવોદાસ જેવો મોટો રાજા પરોણાઓને માંસ પીરસી અતિથિગ્વનું બિરુદ મેળવે... ઋષિઓ હજારો નકટા કાળા દાસદાસીઓની ભેટો માગે અને લે, સોમ પી નશો કરે, લોભ ને ક્રોધનું પ્રદર્શન કરે, ધેનુઓના દેનારની પ્રશંસા કરે. નહિ તો દ્વેષના માર્યા એકબીજા પર દેવોનો ક્રોધ ઉતારવાના પ્રયત્નો કરે. કેટલાક ઋષિઓના તો પિતા કોણ તેનાં પણ ઠેકાણાં નહોતાં. છતાં એમનામાં આદર્શમયતા, દેવોની ભક્તિ, સત્ય અને તપની ઝંખના, થોડીથોડી વારે દેવો સાથે વાતચીત કરવાની ટેવ. આર્યાવર્તના આજિવંત આ વિશ્વકર્માઓ સમજવા ઘણા કઠિન છે. એને માટે પુરાણોએ આપેલો ઋષિઓનો ખ્યાલ વીસરી જવો જોઇએ...

...ભાષા અને ભાવમાં પણ કંઈક અજબ અંતર જણાય છે. પાછળના સંસ્કૃત અને હાલના ગુજરાતી શબ્દોમાં જુદા જ ભાવ, ઊર્મિઓ અને માનસથી સર્જાયેલી સૃષ્ટિઓ છે. એ શબ્દકોષના ઉપયોગથી ઋગ્વૈદિક મનોદશા ને ભાવ દર્શાવવાં મને અશક્ય લાગ્યાં છે. 'અતિથિગ્વ' - માંસ ખવરાવનાર એ તો માનભર્યું બિરુદ. પ્રાણ કે આત્માનો ખ્યાલ નહિ, એટલે પ્રાણ ગયો કે જીવ ગયો એ તો શબ્દકોષમાં જ નહિ. ઈશ્વરની કલ્પના નહિ, નામ નહિ, માન્યતા નહિ. એટલે જાતિ, નાથ જેવા શબ્દને બદલે આર્યાઓ 'ગર્વશ્રેષ્ઠ' કે એવું કાંઈ કહેતી હોય તો નવાઈ નહિ. સ્વદેશની કલ્પના નહિ. દેવો અનેક અને જરા જરા વારમાં આર્ય દેવ સગો કે મિત્ર હોય તેમ, ગમે તે એકનો આશ્રય લેવા બેસી જાય. બિભત્સતાનો ખ્યાલ નહિ. લોપામુદ્રા અગસ્ત્યને વીનવે છે તે એવા શબ્દોમાં કે અંગ્રેજી તરજુમો કરનારને લૅટિનમાં છાપવી પડી...

...'લોપામુદ્રા'ની કૃતિમાં હિંદુસ્તાનના ઈતિહાસના પહેલવહેલા ખરા બનાવો વર્ણવ્યા છે. એ બનાવો આ પ્રમાણે છે : તૃત્સુ જાતિના રાજા દિવોદાસ ઘણા શૂરવીર અને ઉદાર હતા. તેણે પકથો જોડે યુદ્ધ કર્યું. દસ્યુઓના રાજા શમ્બ જોડે તેણે અનેક વાર વિગ્રહ કર્યો. અને આખરે એને મારી નાખી તેના નવાણું ગઢ લઈ લીધા. તેને સુદાસ નામનો પુત્ર હતો. દેવ મિત્રાવરુણના બે પુત્રો હતા - અગસ્ત્ય અને વસિષ્ઠ. (એટલે મૈત્રાવરુણો કહેવાતા). વસિષ્ઠને અગસ્ત્યે તૃત્સુઓનો પરિચય કરાવ્યો. વસિષ્ઠ તૃત્સુઓના પુરોહિત બન્યા...

...ભરત નામની પ્રતાપી જાતિમાં વિશ્વામિત્ર ઋષિ થયા. એ કુશિકના વંશજ અને ગાથીનોની દિવ્ય વિદ્યાના વારસ હતા. એમની અને વસિષ્ઠની વચ્ચે વેર થયું. વિશ્વામિત્ર તૃત્સુઓના પુરોહિત બન્યા. તે જમદગ્નિના મિત્ર હતા. તેમણે ગાયત્રીમંત્ર રચ્યો. વિશ્વામિત્રના સંબંધમાં કેટલીક પુરાણકલ્પિત હકીકત મેં લીધી છે. વિશ્વામિત્રના પિતા ગાધી હતા. તેણે પુત્રી સત્યવતીને ભૃગુ ઋચીકની સાથે પરણાવી. દેવકૃપાથી એક જ વખતે ગાધીને વિશ્વરથ અને ઋચીકને જમદગ્નિ એમ પુત્રો થયા. વિશ્વરથ રાજ્ય કરવું છોડી, વિશ્વામિત્ર નામધારી ઋષિ થયા. ઋગ્વેદ પ્રમાણે લોપામુદ્રા એક ઋષિ હતાં. તેમણે અગસ્ત્યને લલચાવી પતિ કર્યા. અને એ પ્રસંગે એમણે રચેલા મંત્ર ઋગ્વેદમાં છે... ...આ સમયે આર્ય... અને દસ્યુ વચ્ચે રંગનો, ધર્મનો અને સંસ્કૃતિનો ભેદ હતો. શમ્બર અને એના દસ્યુઓ લિંગની પૂજા કરતા. દસ્યુઓ વીરતામાં, શક્તિમાં કે સુખનાં સાધનોમાં આર્યોથી ઊતરતા નહોતા, પણ વિદ્યામાં અને સંસ્કારમાં ઊતરતા હતા. એ દસ્યુઓને જ્યારે આર્યો કેદ પકડતા ત્યારે ગુલામ બનાવીને રાખતા. અને તેથી દાસ શબ્દ ગુલામ માટે વપરાયો. એક કાળે આર્યોના ઈતિહાસમાં મુખ્ય પ્રશ્નો આ ઊભા થયા. જિતાયેલા દસ્યુઓનું શું કરવું? આટલા બધાને મારી નાખવા? તો પછી એમના વગર ચાકરી કોણ કરે? ને જીવતા રાખવા તો સમાજમાં તેમને સ્થાન શું આપવું? દાસીના પુત્રનું કુટુંબમાં સ્થાન શું?...

...આ પ્રશ્નો પર લડાઈઓ થઈ. માથાં કપાયાં. વેર થયાં. કેટલાક વિદ્વાનો માને છે કે, વસિષ્ઠ અને વિશ્વામિત્ર વચ્ચે વેર થયાં તે આ કારણે. વસિષ્ઠ શુદ્ધિના પ્રતિનિધિ હતા. વિશ્વામિત્રે દસ્યુઓને આર્ય બનાવવાનો કીમિયો કર્યો. અને જન્મથી આર્યત્વ નથી આવતું. પણ ગાયત્રીમંત્રથી શુદ્ધ થઈ , સત્ય ને ઋતથી પ્રેરાઈ, યજ્ઞોપવીત ધારણ કરવાથી ગમે તે માણસ નવો જન્મ પ્રાપ્ત કરે છે. આમ દ્વિજ (ફરી જન્મનાર) બની આર્ય બને છે - આ રીત એમણે શીખવી.. આ મંત્રને પરિણામે આ દેશમાં રંગભેદ જતો રહ્યો. અને સંસ્કારાનંદ પ્રમાણે પ્રજાના વિભાગ પડી ગયા. જે વિપ્રનું કાર્ય કરતા તે બ્રાહ્મણ કહેવાયા. સામાન્ય પ્રજા વિશોમાં વહેંચાઈ ગઈ તે વૈશ્ય કહેવાયા. અને જે દ્વિજ નહોતા થયા તે શૂદ્રને નામે સંબોધાયા. શતપથ અને ઐત્તરીય બ્રાહ્મણગ્રંથોમાં આ પ્રકારની વર્ણવ્યવસ્થા દેખાય છે. પરંતુ તે અગાઉ સૈકાઓ પહેલાંની રચાયેલી વેદની સંહિતાઓમાં તેમ નથી...

આ આખું વસ્તુ જુદા જુદા નાટકરૂપે લખવાનો વિચાર હતો. આજે થોડાંક વર્ષો થયાં મારી વૃત્તિ અને કલ્પના નવલકથા સ્વરૂપમાં રાચતી નથી. અને નાટકના એકાગ્ર અને તરવરતા સુગ્રથિત સ્વરૂપની મોહિની લાગી છે... પહેલો ખંડ નાટકમાં સારી રીતે નહિ જાય એમ લાગવાથી તેને નવલકથારૂપે લખ્યો છે. બીજો ને ત્રીજો ખંડ બે નાટકરૂપે પ્રગટ થશે. આગળની વાત તો અત્યારે કેમ કહેવાય?... ઘણા ગુજરાતી વાચકો હજુ નાટકમાં રસ લેતા થતા નથી. કલાના એ સર્વોત્તમ સ્વરૂપ (કાવ્યેષુ નાટકમ્ રમ્યમ્) નો નાદ લાગતાં વાર લાગશે. છતાં એમને પણ આ બધી કૃતિઓ એક નવલકથા જેવી લાગશે એવી મને આશા છે.'

પરંતુ મુનશીની આ આશા કદી ફળી નહિ. ૧૯૩૩માં 'લોપામુદ્રા'ની પ્રથમ આવૃત્તિ છપાણી પછી તેમના જીવનકાળમાં તો તેની બીજી આવૃત્તિ થઈ જ નહિ. છેક ૧૯૮૭માં તેમની શતાબ્દીની ઉજવણી પ્રસંગે ભારતીય વિદ્યાભવન વતી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે તેનું પુનર્મુદ્રણ કરી સંતોષ માન્યો કે માનવો પડ્યો. ...હિતર આજે ૧૯૯૭માં પણ 'લોપામુદ્રા'ના પ્રથમ ખંડરૂપે ...ડ્યા અને 'લોપામુદ્રા'ના બીજા, ત્રીજા, ચોથા ખંડોને ત્રણ નાટકોરૂપે વાંચતાં લાગે છે કે પ્રથમ ખંડની નવલકથા કરતાં બીજા, ત્રીજા, ચોથા ખંડનાં નાટકો વધુ રસિક, વધુ સચોટ અને વધુ સુશ્લિષ્ટ બન્યાં છે. પરંતુ નાટ્યલેખકોનો સૃજનજૂનો અહેસાસ સાચો છે કે લખાયેલું નાટક ભજવાય નહિ, ત્યાં સુધી તે નાટક લોકહૈયામાં વસતું જ નથી. નાટક પૂરું સાર્થક્ય પામતું જ નથી. અને ગુજરાતી રંગભૂમિનાં સવાસો વર્ષ બાદ પણ ભજવાયા વગર નાટક ચોપડીરૂપે વંચાતું જ નથી! લોકરુચિની આ વિચિત્રતા જાણે સહુને કોઠે પડી ગઈ છે. આજના કોઈ નાટકના નિર્માતામાં થોડોક પણ સાહિત્યરસ જાગે અને તે 'લોપામુદ્રા' ધ્યાનપૂર્વક વાંચે તો તેને સમજાય કે આજના પ્રેક્ષકો સમક્ષ પણ જરૂરી ફેરફારો સાથે એ નાટકો કે લાંબા

નાટકરૂપે રજૂ કરે તો બૉક્ષ ઑફિસ પર ટંકશાળ પડે. પરંતુ આપણા વામણા નાટ્યનિર્માતાઓમાં પેલા મહાન ફ્રેન્ચ નાટ્યકાર પીટર બ્રુક જેવી દૃષ્ટિ કે સાહસ ક્યાં જડવાનાં છે કે, 'મહાભારત' જેવી એક અનેક આખ્યાનો, ઉપાખ્યાનોથી ઉભરાતી ઐતિહાસિક નવલકથામાંથી સાડાચાર કલાકનું એક સળંગ નાટક રચે. અને યુરોપ, અમેરિકા તથા ભારતમાં તેને એટલી બધી સફળતાપૂર્વક રજૂ કરે કે, તેમાંથી જબરદસ્ત ખર્ચ બાદ કરતાં પણ લાખ્ખો કમાય?

જેલવાસ દરમ્યાન મુનશીએ પ્રાગૈતિહાસિક ઋગ્વેદ કાળથી માંડી અર્વાચીન યુગના ગુજરાત વિષે પણ ઘણું વાંચ્યું ને વિચાર્યું. પરિણામે ૧૯૩૫માં તેમનો ગુજરાતી ભાષા અને સાહિત્ય વિષેનો અધિકૃત અધ્યયનગ્રંથ અંગ્રેજીમાં 'ગુજરાત એન્ડ ઇટ્સ લિટરેચર' બહાર પડ્યો. તેના પ્રથમ પુસ્તકમાં ઋગ્વેદકાળથી ઈ.સ. ૧૮૫૨-દયારામ સુધી તેમણે માત્ર ૨૮૦ પૃષ્ઠોમાં સમાવેશ કરતાં એવું બન્યું છે કે, પુસ્તક એક સળંગ અભ્યાસગ્રંથનું રસરૂપ પામવાને બદલે વચ્ચે વચ્ચે જાણે ટાંચણપોથીનાં પાનાં વાંચતા હોઈએ તેવું લાગે છે. સમગ્ર પુસ્તક વાંચતાં મન ઉપર પ્રથમ છાપ એવી ઊપસે છે કે મુનશી ઇતિહાસના પ્રકાંડ અભ્યાસી છે, અને તેમની દૃષ્ટિમાં નરવાઈ છે. તેમને ભરતખંડ અતિ પ્યારો છે, અને તેમાં ગુજરાતદેશના તો પોતે ભક્ત છે. છતાં જ્યારે હકીકતસિદ્ધ ઇતિહાસ કહેવા બેસે છે ત્યારે આ પ્રેમ અને ભક્તિ તેમની વિવેકદૃષ્ટિને આડે રસ્તે ચડાવતાં નથી.

ખંડ પહેલાનાં ૧૨૮ પૃષ્ઠોમાં વેદકાલીન પ્રાચીન ભાષાથી (જે પાણિનિની શુદ્ધ સંસ્કૃત ભાષા ન હતી) માંડી સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી અને અર્વાચીન ગુજરાતી કેમ વિકસતી ગઈ, કેમ બદલાતી ચાલી, જનસાધારણમાં બોલાતી ભાષા - દેશી અને સાહિત્યકૃતિઓની ભાષાઓની કેમ એકમેક પર અસરો કરતી રહી અને આવા અગણિત કેમિકલ રિએકશન્સમાંથી નવા કેમિકલ કમ્પાઉન્ડ્ઝ બનતાં રહે તેમ ભાષા નીતનવાં સ્વરૂપો પામતી રહી તેની આ રૂપરેખા વાંચતાં આજનો વાચક તો આશ્ચર્યચકિત થઈ જાય છે. સમજદાર તો વિચારતો થાય છે કે રોજે-રોજ ભવિષ્યમાં જ્યાં સુધી એકાદ ગુજરાતી પણ જીવતો રહેશે ત્યાં સુધીમાં સદીઓ પાર તો અર્વાચીન ગુજરાતી પણ વેદકાલીન પ્રાચીન ભાષા જેવી લાગવા માંડશે. કારણ ત્યારે તેમાં ફારસી, ઉર્દૂ, અંગ્રેજી ઉપરાંત કદાચ યુરોપ-એશિયાની અનેક ભાષાઓના શબ્દો, રૂઢિપ્રયોગો, છટાઓની સેળભેળ થતી રહેશે અને ભાષાના હંસલા નવાં કલેવર ધરતા રહેશે. જેમ જિંદગીનું બીજું નામ પરિવર્તન છે, તેમ જ ભાષાની જીવંતતાનું પાયાનું સૂત્ર પણ આ સતત ચાલતી રહેતી પરિવર્તનશીલતા જ છે. દુનિયાની કોઈ પણ ભાષા 'શુદ્ધિ'ના નામે આભડછેટ રાખશે તો તે વહેલી મરી પરવારશે. પણ ગુજરાતીની જેમ જે ભાષાઓ સ્થળ ને કાળનાં બંધનોથી ઉપરવટ જઈ દુનિયાભરની ભાષાઓ સાથે લેણ-દેણ કર્યા જ કરશે તે જ જીવશે.

તો ભાષાના ઇતિહાસના આ પરિપ્રેક્ષ્યમાં ક્યાં કોણે કેવું સાહિત્ય રચ્યું અને તે સાહિત્યની સમાજ પર શું અસર થઈ કે સમાજની બદલાતી પરિસ્થિતિઓમાંથી ગુજરાતી સાહિત્યની ગતિવિધિઓમાં કેવા પલટા આવ્યા તેનાં થોડાંક ઉદાહરણોરૂપે અગત્યના સર્જકો વિષે બાકીનાં ૧૫૨ પૃષ્ઠોમાં ખૂબ ટૂંકમાં મુનશીએ વાતો કરી છે. અને આટલા આકરા સ્થળસંકોચને કારણે આ સર્જકોની સર્જકતાનો પૂરો આંક ચીતરી શકાયો નથી. માત્ર મુખ્ય વહેણો અને વળાંકો વિષે અંગુલિનિર્દેશ કરી શકાયો છે. પરિણામે મુનશીની કલમના જાદુનો મુખ્ય ગુણસ-રસતા આમાંય ઝંખવાણો છે. જો કે આવડા મોટા ને વ્યાપક વિષયનો સમગ્ર ઇતિહાસ લખવા કોઈ બેસે તો સેંકડો નહિ પણ હજારો પાનાં કદાચ ઓછાં પડે તે પણ એક નિષ્ઠુર હકીકત છે. છતાં આમુખમાં ગાંધીજી લખે છે તેમ, '...શ્રી મુનશીનો આપણી સાહિત્યિક સિદ્ધિઓનો અંદાજ મને પ્રામાણિક લાગ્યો છે... જો કે આ વિહંગાવલોકન પ્રજાના માત્ર મધ્યમવર્ગમાં બોલાતી ભાષા પરત્વે છે...મુનશીએ પારસી ગુજરાતી વિષે ઉલ્લેખ કર્યો છે. પારસી ગુજરાતી છે એ એક હકીકત છે. પરંતુ એ એક કમનસીબ હકીકત છે... જો કે ગુજરાતી સાહિત્યનો કોઈ પણ સમીક્ષક ગુજરાતમાં વસતા મુસ્લિમો અને પારસીઓ જે પોતાની ભાષા-બોલીમાં લખાયેલ કૃતિઓ વાંચે છે અને જેનાથી તેમનાં વાણી-વર્તન ઘડાય છે તેની વાત કર્યા વગર રહી શકે નહિ...'

આમ, ગાંધીજીએ બેય બાજુની ઢોલકી વગાડી છે. ત્યારે એડિનબરો યુનિવર્સિટીના વિદ્વાન પ્રોફેસર ડૉ. કીથે 'ગુજરાત એન્ડ ઇટ્સ લિટરેચર'ને દિલથી વધાવ્યું છે. ડૉ. કીથ લખે છે: 'તાજેતરમાં ગુજરાતે મહાત્મા ગાંધીની જન્મભૂમિ તરીકે વિશ્વમાં ખ્યાતિ મેળવી છે...મહાત્માના એક અનુયાયી મિ. મુનશીએ ગુજરાતના સાહિત્યનો ઇતિહાસ લખવાનો આ ભગીરથ પ્રયત્ન કર્યો છે. તે માટે તેઓ ધન્યવાદને પાત્ર છે... મિ. મુનશીએ માત્ર ભારતીય સાહિત્યના મહારથીઓનો જ નહિ, તદુપરાંત યુરોપીય સાહિત્યના ધુરંધરોનો પણ ઊંડો અને વ્યાપક વ્યાસંગ સેવ્યો છે... પરિણામે મિ. મુનશી ગુજરાતી પ્રજા અને સાહિત્યનું સાચું મૂલ્યાંકન કરી શક્યા છે... એટલું જ નહિ, પરંતુ મિ.મુનશીએ ભારપૂર્વક પ્રતિપાદિત કર્યું છે કે ગુજરાતે પણ વિશાળ ભારતીય સંસ્કૃતિના એક અંગ તરીકે જ જીવવાનું અને વિકસવાનું છે. તેમાં જ તેનો જયવારો છે... (ક્રમશઃ)

કલાવાર્તા


કલાકાર નયનાબહેન મેવાડા

તાજેતરમાં જ રવિશંકર રાવળ કલાભવન - અમદાવાદમાં કલાકાર



શ્રીમતી નયનાબહેન અરવિંદભાઈ મેવાડા - નાં ચિત્રોનું પ્રદર્શન યોજાઈ ગયું. પ્રદર્શન તા. ૨૧-૯-૯૮ થી ૨૬-૯-૯૮, બપોરના ૧૨ થી સાંજના આઠ સુધી કલારસિયાઓ માટે ખુલ્લું રહ્યું હતું.

નયનાબહેનનો જન્મ મહેસાણા જિલ્લાના મટપુર ગામે તા. ૨૯મી સપ્ટેમ્બર ૧૯૫૭ના રોજ થયો હતો. તેમને બાળપણથી જ વિવિધ રંગી ચિત્રો અને આકૃતિઓ જોવાનો શૉખ હતો, તેથી ડ્રોઇંગના વિષયમાં એમની અભિરુચિ વધતી ગઈ. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પૂરું કરી, કલાના સઘન અભ્યાસાર્થે તેઓ મુંબઈ ગયાં. ત્યાં તેમણે ચિત્રકલા મંદિરમાંથી ૧૯૭૬-૭૭માં ફાઉન્ડેશનનો ડિપ્લોમા, સ્કૂલ ઑવ ટેક્સટાઈલ ડિઝાઇનમાંથી ૧૯૭૯-૮૦માં ટેક્સટાઈલ ડિઝાઈન, એલ.એસ. રાહેજા સ્કૂલ ઑવ આર્ટમાંથી ૧૯૮૨માં મહારાષ્ટ્ર સરકારનો ઉચ્ચ સ્તરીય ચિત્રકલાનો ડિપ્લોમા, ઉપરાંત જે.જે. સ્કૂલ ઑવ આર્ટમાંથી તેમણે કલાના શિક્ષણનો ડિપ્લોમા પણ મેળવ્યો છે. એઓ ભભકદાર રંગોમાં પરંપરાગત વિષયોને અભિનવ રીતિથી ચિત્રિત કરે છે. એમનું ચિત્રસંયોજન



કાગળ પર તૈયાર થએલું ૫૩ x ૩૫ સે.મિ.નું ચિત્ર (ચિત્રકાર : નયનાબહેન મેવાડા)

પણ સરાહનીય છે. (જુઓ પૂઠા બીજા પરનું એમનું પૂર્ણરંગી ચિત્ર : સખીઓ)

૧૯૭૬માં મહારાષ્ટ્ર રાજ્યના ૧૯મા કલાપ્રદર્શનમાં વિદ્યાર્થી-વિભાગમાં એમને રાજ્યકક્ષાનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો. એ જ વર્ષે મુંબઈમાં બરોડા સ્કૂલ ઑવ આર્ટ તરફથી આયોજિત રેખાંકનની હરીફાઈમાં કેમ્લીન પ્રા. લિ.નું બીજું પારિતોષિક પ્રાપ્ત થયું હતું.

હાલમાં તેઓ અમદાવાદ ખાતે નવરંગપુરામાં આવેલા 'બાલપ્રસૂન' વિદ્યાલયમાં કલાશિક્ષિકા તરીકે સેવાઓ આપી રહ્યાં છે. **- કાન્તિલાલ રામી**

કલાકાર મહેર કરકરીઆ

૧૯૫૭માં નવસારીમાં જન્મેલાં શ્રીમતી મહેરને પિતૃઓ તરફથી કલા પરત્વેનો અભિગમ અને અભિરુચિ મળ્યાં. તેમના પિતાશ્રી નાદરશા પાસે મોટી લાયબ્રેરી હતી અને તેમાં કલાનાં ઘણાં પુસ્તકો હતાં. આ પુસ્તકોએ મહેરબહેનમાં કલાના સંસ્કારો પોષ્યા.



કાગળ પર તૈયાર થએલું ૪૫ x ૩૦ સે.મિ.નું ચિત્ર (ચિત્રકાર : નયનાબહેન મેવાડા)

૧૯૭૫માં નારગોલમાં ટાટા વાડિયા હાઈસ્કૂલમાં ઉદ્યોગની તાલીમ લીધી.



વળી ત્યાં ચિત્રકામ પણ કર્યું. ૧૯૭૬માં લગ્ન થયાં, પછી તેમના જીવનમાં પલ્ટો આવ્યો. અમદાવાદ આવતાં જ ફિરદોસ અમૃત હાઈસ્કૂલમાં ૧ થી ૭ ધોરણમાં ક્રાફ્ટ શીખવવા લાગ્યાં. આ કામ કરતાં કરતાં તેમણે બાળકોનાં ચિત્રકામમાં પણ ઊંડો રસ લેવા માંડ્યો.

મહેરબહેને તેમના અધ્યાપનકાર્ય દરમ્યાન જ છેલ્લાં થોડાં વર્ષોથી પોતાની આંતરિક કલ્પનાના બળે કાગળ પર તથા કેનવાસ પર અમૂર્ત શૈલીનાં અનેક મોહક ચિત્રો સર્જ્યાં છે. એમની સર્જનાત્મક કૃતિઓ જોતાં ચોક્કસ ખ્યાલ આવે કે કુદરતે પક્ષી, પશુ અને સમસ્ત માનવ જાત પર મહેરબાની જ કરી છે.

મહેરબહેને તેમનાં સર્જનકાર્યની મુખ્ય પ્રેરણા 'પ્રકૃતિ'માંથી મેળવી છે, છતાં તેમણે 'પ્રકૃતિ'નું વાસ્તવદર્શી યા પ્રભાવદર્શી આલેખન કર્યું નથી. તેઓની શૈલી લગભગ અમૂર્ત કહી શકાય તેવી છે, છતાં તેમનાં ચિત્રોમાંના કેટલાક આકારો કે રૂપો દ્વારા કુદરતનાં તત્ત્વોને ઓળખી પણ શકાય છે. જેમ કે સૂર્ય-ચંદ્ર-તારા-નદી અને સમુદ્રનાં મોજાં, સમુદ્રતટના મોટા પથ્થર, ઇન્દ્રધનુષ અને તેમનાં છેલ્લાં ચિત્રોમાં દેખાતી વાદળોની લીલા. કોઈ સ્થળે ચિત્રમાં એક અદશ્ય પંખીની બે પાંખ પણ દેખાય છે. એવો આભાસ થાય છે કે પસાર થતાં વાદળાં સૂર્યકિરણોને રોકી રહ્યાં છે. એમનામાં સૂરતાલની અને રંગની ઊંડી સૂઝ છે. એમની કલાકૃતિઓમાં આછી-કાળી લીટીઓ, બિંદુઓ, વર્તુળ, સાંકળ અને કૉ-સેન્ટ્રિક રૂપો દેખાય છે. તેમની કૃતિઓમાં ઊભી લીટીઓનો ઉપયોગ મર્યાદિત છે. એમનું દરેક ચિત્ર તેની પોતાની રીતે રસપ્રદ હોય છે. તેમાં સજીવતા છે. કેનવાસ પર એમની કૃતિઓ સુંદર રીતે ઊપસી આવે છે. છપાયેલી કાપડની કૃતિઓ પર સમગ્ર કલાકૃતિનાં મુખ્ય અંગ હોય તેમ આપણને લાગે છે, તે ફક્ત ચોંટાડવામાં આવ્યા છે તેવું લાગતું નથી. તેમનાં છેલ્લાં ચિત્રોમાં ભૂખરા સફેદ રંગોમાં વાદળોનાં અમૂર્ત રૂપો જોવા મળે છે.

મહેરે પશ્ચાદ્‌ભૂમાં તેમજ તેમની થોડી કૃતિઓમાં રેતીનો ખૂબ જ ઝીણવટભર્યો અને કલાત્મક ઉપયોગ કર્યો છે. કાપડને આકર્ષક રંગોમાં પલાળીને અમુક કૃતિઓ પર મૂક્યા છે. તે ખરેખર જ જોનારને આનંદ આપે છે. એમની પ્રત્યેક કૃતિ એકબીજાં સાથે સંકળાયેલી છે અને સમગ્ર ચિત્રકામમાં એકંદરે દશ્યાત્મક એકાગ્રતા અને સંવાદિતા જળવાઈ છે.

તેમનાં વર્તમાન ચિત્રોમાં શ્રીમતી મહેરે પ્રકૃતિનાં તત્ત્વોમાં જે ડિઝાઈનનાં તત્ત્વો જોયાં છે તે અમુક રંગરૂપોમાં ચિત્રનાં અંતર્ગત ભાગરૂપે જ તેઓ રજૂ કરે છે. તેમણે આકર્ષક વિવિધ પોતવાળી સરસ સપાટીઓ સર્જી છે. વળી, તેમના જ શબ્દોમાં તેમનાં ચિત્રોમાં 'રંગરૂપો' જ નિશ્ચિત કરનારું બળ છે. તેમના રંગો અને સંયોજનો પણ (કેનવાસ કે પેપર પરના) તેમના રંગરૂપોને જ અનુસરે છે! તેમને પોતસર્જનમાં પણ રસ છે. તેમનાં રંગરૂપો પણ પોતથી સર્જાયેલાં હોઈ તે આકર્ષક, મોહક, સુંદર બની રહે છે. શ્રીમતી મહેરનાં ચિત્રોમાં ડિઝાઇન અને કસબનાં તત્ત્વોનું પ્રાધાન્ય હોવા છતાં તથા પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોનાં રંગરૂપો તેમાં દેખાતાં હોવા છતાં સમગ્રતયા તે કૃતિઓ અમૂર્ત બની છે.

અંતમાં અનુઆધુનિકતાવાદમાં

(અનુસંધાન પૃ.૭૮૨)



માછલી અને પંખીની પાંખનું સંયોજન]



ચિત્રકાર : મહેરબહેન કરકરિયા [સૂર્ય અને પક્ષીના રંગરૂપોનું સંયોજન

કેલ્શયમ

શરીરના બંધારણમાં પુષ્કળ પ્રમાણમાં અને અતિ મહત્ત્વનું ખનિજ તત્ત્વ હોય તો તે કેલ્શયમ (ચૂનો) છે. શરીરનાં કુલ ખનિજ તત્ત્વોનું અર્ધું પ્રમાણ તો તેનું છે. તેના ૯૮ થી વધુ ટકા હાડકાં ને દાંતમાં છે; બાકીનો લોહી અને શરીરનાં પ્રવાહીઓમાં છે.

શરીરમાં કેલ્શયમની ઘણી કામગીરીઓ છે. હૃદયની તાલબદ્ધ ગતિ મોટે ભાગે તેને આભારી છે. હૃદયના દરેક ધબકારા માટે તે જરૂરી છે. જ્ઞાનતંતુઓની ઉત્તેજના તે ટાળે છે. લોહીનો જામવાનો ગુણ તથા કેશવાહિનીઓમાં લોહીનું ભ્રમણ પણ તે જાળવે છે. હાડકાં ને દાંતનાં બંધારણમાં અને બાળકોની યોગ્ય વૃદ્ધિ માટે તે જરૂરી છે. ધાવણના ઉત્પાદનમાં અને ભાંગેલાં હાડકાં સાંધવામાં તેની ખાસ જરૂર છે.

ખોરાકના ખનિજ તત્ત્વો નાનાં આંતરડાંમાં શોષાય છે. પણ વિટામિન 'ડી'ની હાજરીમાં તે સારાં શોષાય છે. સો સી.સી. (૩૦ સી.સી. = એક ઔંસ) રક્તજલમાં ૧૦ મિલિગ્રામના પ્રમાણમાં કેલ્શયમનું અભિસરણ થાય છે, જે હાડકાંમાં જમા થાય છે. એ કરતાં વધારાનું પેશાબ વાટે બહાર ફેંકાય છે. વિલાયતી મીઠાના જુલાબથી આહારનો પરિપાક ઝડપથી આંતરડા પરથી પસાર થવાથી કે પુષ્કળ કાષ્ઠક દ્રવ્યો ખાવાથી કેલ્શયમમાં આંતરડાંમાં શોષણ થતું નથી. શોષાયા વિનાના કેલ્શયમનું મળમાં વિસર્જન થાય છે. સંગ્રહણી અને પેન્ક્રિયાસના રોગોમાં પણ આવું થાય છે.

દુનિયાના દરેક દેશના આહારની સામાન્ય ખામી કેલ્શયમના અપૂરતા પ્રમાણની છે. આથી (ખાસ કરીને હાડકાંની) રોગાવસ્થા આવે છે. આહારમાં કેલ્શયમની ન્યૂનતાથી હાડકાંની ઑસ્ટીઓપોરોસિસ નામની રોગાવસ્થા થાય છે; અને કેલ્શયમ, ફોસ્ફરસ તથા વિટામિન 'ડી'ની ઊણપથી બાળકોને અસ્થિશોષ (રિકેટ્સ) અને મોટેરાંને ઑસ્ટીઓ મેલેસિયા થાય છે, જેમાં વૃદ્ધોનાં હાડકાં બરડ બને છે અને તેમને વાતરોગની પીડા થાય છે. કેલ્શયમ અને વિટામિન 'ડી' આપવાથી (એ ઉંમરે પણ) નવાં હાડકાંનું ઉત્પાદન થવા સાથે તે મટી જાય છે. સગર્ભા સ્ત્રીઓને વાતરોગ જેવી પીડા કેલ્શયમ અને વિટામિન 'ડી' આપવાથી મટે છે.

રોજના આહારમાંથી આપણને ઓછામાં ઓછું એક ગ્રામ તો કેલ્શયમ મળવું જ જોઈએ. બાળપણમાં હાડકાં અને દાંતના વિકાસ સમયે અને સ્ત્રીઓમાં ઋતુસ્ત્રાવ, સગર્ભાવસ્થા તથા સ્તનપાન વખતે કેલ્શયમના વધારે પ્રમાણની જરૂર રહે છે. ગર્ભાધાન સમયે જ બાળકના વિકાસનાં પગરણ નંખાય છે, જન્મ સમયે નહિ. આથી સગર્ભા સ્ત્રીને પોતા ઉપરાંત ગર્ભસ્થ બાળક માટે પણ કેલ્શયમની જરૂરત રહે છે. સગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ મહિનાઓમાં ગર્ભસ્થ બાળકનાં હાડકાંનું બંધારણ થતું હોવાથી માતાના શરીરમાં કેલ્શયમનો વધારે વપરાશ થાય છે. એ ઘસારો જો આહારમાંથી ન મળી રહે તો તે માતાનાં હાડકાં અને દાંતમાંથી ખેંચાય છે. આમ થવાથી તેના બસ્તિપ્રદેશનાં હાડકાંની એવી તો વિકૃતિ આવી પડે છે કે અગાઉની સમીસૂતરી સુવાવડોને બદલે પાછલી સુવાવડોમાં બાળકને પેટ ચીરીને (સિઝેરિયન સેક્શનથી) પ્રસવ કરાવવો પડે છે. શરીરમાંથી કેલ્શયમ ખેંચાવાથી માતાનાં હાડકાં પોચાં પડે છે ને ભાંગી જવાની શક્યતા વધે છે. દાંતનો સડો લાગુ પડે છે, અકારણ થાક વર્તાય છે, અમુક મર્યાદાથી વધુ પ્રમાણમાં લોહીમાંથી કેલ્શયમ ખૂટીને જ્ઞાનતંતુ અને માંસપેશીઓ ઉશ્કેરાઈને અંગોમાં ખેંચ અને તાણ થાય છે. સગર્ભા અને ધાવણ આપતી સ્ત્રીઓ અને બાળકોમાં થતી આ સ્થિતિ ટિટની કહેવાય છે.

સગર્ભા સ્ત્રીને છેલ્લા ત્રણ મહિનાઓમાં આહારમાંથી રોજ ૧.૬ ગ્રામ કેલ્શયમ મળવું જોઈએ. આમ થાય તો જ બાળકની ખોપરી અને લાંબાં હાડકાં કેલ્શયમથી પુષ્ટ થાય. આશરે સવા બશેર દૂધ ખવાય તો જ કેલ્શયમનું એટલું પ્રમાણ મળી રહે છે. આટલું બધું દૂધ ખાવું કોને પરવડી શકે? પણ જો ન ખાઈ શકાય તો ગર્ભસ્થ બાળકનાં હાડકાં અને દાંત અધૂરાં બંધાય છે; બાળકનાં વૃદ્ધિ અને વિકાસ બરાબર સધાતાં નથી. સગર્ભાવસ્થા અને ધાવણ દરમિયાન શિશુને થતું આ નુકસાન મોટપણે પછી સમારી શકાતું નથી.

સગર્ભાવસ્થાની જેમ બાળકને ધાવણ આપતી વખતે પણ માતાના શરીરમાંથી ધાવણ વાટે કેલ્શયમ મળી રહે એવો આહાર જોઈએ. આવા આહારના અભાવે સગર્ભાવસ્થા અને સ્તનપાન સમયે કેલ્શયમની ગોળીઓ ખાવાની સલાહ આપવામાં આવે છે.

શિશુના શરીરનો પણ એ કાળે વિકાસ થતો હોવાથી માતાની જેમ તેને પણ કેલ્શયમની વધારે જરૂર રહે છે. એ સમયમાં તેનો હાડકાંનો માવો અને દાંત બંધાતા હોવાથી મોટાં કરતાં બાળકોને શરીરના વજનના પ્રમાણમાં વધારે કેલ્શયમ જોઈએ છે. જો કે માતાના શરીરમાંથી તેને તે મળી તો રહે છે, પણ જો માતાને જ અપૂરતું કેલ્શયમ મળતું હોય તો પછી શિશુને તે ઓછું મળવાનું જ છે. આ કારણે તેને અંગૂઠા ચૂસવાની ફરિયાદ થવાથી

માંડી અસ્થિશોષ, કરોડના વાંક અને દાંતનો સડો થાય છે.

શિશુ અવસ્થા બાદ પણ બાલ્યાવસ્થાથી માંડી સોળ વર્ષની ઉંમરે જ્યારે ઊંચાઈમાં મોટો વધારો થાય છે ત્યાં સુધી પણ સારા પ્રમાણમાં કેલ્શ્યમ લેવાની જરૂર છે; અને મોટેરાંને પણ રોજ પૂરતા પ્રમાણમાં કેલ્શ્યમની જરૂર તો રહે છે જ, કારણ કે શરીરમાંથી તે સતત વપરાતું રહે છે.

કેલ્શ્યમની ન્યૂનતાની દેખીતી રોગીલ અસરો ઉપરાંત ઓછી પ્રતીતિજનક પણ બીજી મહત્ત્વની અસરો થાય છે. કેલ્શ્યમ અને ફૉસ્ફરસની ચયાપચયતા ગાઢ સંબંધમાં છે અને તેમની સાથે પેરાથાઇરોઇડ ગ્રંથિઓની કામગીરી પણ સંકળાયેલી છે. એટલે પહેલાનો બગાડો બીજાં બન્નેમાં ઊભો કરે છે. ડૉ. એક્રોઈડ તો લખે છે, 'શરીરમાં એક પણ કામગીરી એવી નથી કે જે આહારમાંના કેલ્શ્યમની ઊણપથી ખરાબ અસર ન પામે.'

કેલ્શ્યમનું શ્રેષ્ટ સાધન દૂધ અને લીલોતરી શાકભાજી છે. એક પિન્ટ (સવા શેર) દૂધમાંથી ૬૮૦ મિલિગ્રામ કેલ્શ્યમ મળે છે. દૂધ અને માખણ સિવાયની દૂધની બધી નીપજો - સેપરેટેડ દૂધ, છાશ, પનીર - પણ કેલ્શ્યમથી સમૃદ્ધ છે. ઈંડાં પણ ખરાં, તાજી ભાજીમાં તે સારા પ્રમાણમાં છે. મૅક્કેરિસન તાંદળજાની ભાજી, મેથીની ભાજી, કરેપાક અને સરગવાના પાનમાં તથા વિલાયતી ગાજર (ટર્નિપ)નાં પાનમાં તે બહુ સારા પ્રમાણમાં હોવાનું લખે છે. ગુવારની શીંગ, કોબેજ અને ભીંડા (ખાસ કરીને કાચાં ખવાય તો) કેલ્શ્યમનું સારું સાધન હોવાનું ડૉ. મિલ્ડ્રેડ મૅક્કઈ કેયાન કહે છે. ચોળાફળી, તુવેર, વાલ, પાપડી વગેરેની શીંગોનાં શાકોમાં પણ કેલ્શ્યમ હોવાનું કહેવાય છે. સારું પ્રમાણ હોવા છતાં થોડું કેલ્શ્યમ આપતાં ખાદ્યોમાં તલ (ખાસ કરીને તાજો ખોળ), ચણા, બાવટો, સોયાબીન, ખજૂર અને દ્રાક્ષ છે. આમલી પણ તેનાથી સમૃદ્ધ હોવાનું મૅક્કેરિસન કહે છે. કંકોડાં, ડૂંગળી, લસણ અને જીરું કેલ્શ્યમના સારાં સાધન છે. કવચવાળાં ફળોમાં બદામમાં કેલ્શ્યમ છે. નાગરવેલનાં પાનમાં પણ કેલ્શ્યમ છે અને તે ચૂના સાથે ખાવાથી તો કેલ્શ્યમનું શ્રેષ્ઠ સાધન બને છે તે ભૂલવાનું નથી. ડૉ. મિલ્ડ્રેડ કૈયાન લખે છે : 'રોજનાં છ પાન (તમાકુ વિના હોં!) ખાવાથી દસ ઔંસ દૂધના જેટલું કેલ્શ્યમ મળે છે.'

સખત કે ભારે (હાર્ડ) પાણી પણ કેલ્શ્યમનું એક સાધન છે. એવા પાણીમાં બાફેલાં શાકમાં કેલ્શ્યમનું પ્રમાણ વધે છે. લીંબુનો રસ કેલ્શ્યમના અભિશોષણમાં સહાયભૂત નીવડે છે, એટલે શાક ઉપર તે નીચોવવું હિતાવહ છે.

ઘઉં, ચોખા, બાજરી ને મકાઈ જેવાં શુષ્ક ધાન્યો, માંસ, ફળો, કંદમૂળ અને વનસ્પતિ તેલોમાં કેલ્શ્યમ તુચ્છ પ્રમાણમાં છે. ગોળમાં થોડું જ છે. જો એકલાં આ ખાદ્યોનો આહાર લેવાતો હોય તો તેમાંથી શ્રેષ્ઠ આરોગ્ય માટે પૂરતું કેલ્શ્યમ મળતું નથી.

કેલ્શ્યમનું શ્રેષ્ઠ ને સમૃદ્ધ સાધન તો દૂધ અને પનીર છે. વળી, તેમાં વિટામિન 'ડી' હોવાથી એમનું ૯૦ થી ૧૦૦ ટકા કેલ્શ્યમ શરીરમાં શોષાય છે. આ કારણે રોજિંદા આહારમાં દૂધના ખોરાકનું મહત્ત્વ છે. દૂધની અવેજીમાં સેપરેટેડ દૂધ પણ ઉત્તમ છે, કેમ કે તે કેલ્શ્યમથી તો માતબર છે. ગરીબો માટે કેલ્શ્યમનું આવું માતબર સાધન છાશ છે. દૂધના કેન્દ્રિય વ્યાપાર (ડિરીઓ)થી ગામડાંઓમાં ગરીબોને મફત કે મફતના ભાવે મળતી છાશ હવે ઝૂંટવાઈ ગઈ છે. એ શોચનીય સ્થિતિનો ઉલ્લેખ અસ્થાને નથી. દૂધ પછી પાંદડાંવાળી ભાજીનું કેલ્શ્યમ પણ ૮૦ થી ૧૦૦ ટકા શરીરમાં શોષાય છે. દૂધ ન પરવડી શકે તેમના માટે કેલ્શ્યમનું સઘન સાધન તાંદળજાની ભાજી છે અને તે 'દૂધથી બીજા નંબરે આવે છે. રોજ દસ તોલા ભાજી ખાવામાં આવે તો કેલ્શ્યમનું ઈષ્ટ પ્રમાણ મળી રહે છે' -(ભિષગ્ભારતી). ઉપરાંત મોસમ વખતે મળતા ભીંડા, કંકોડાં, ગુવાર, કોબેજ અને કોબીફ્લાવર પણ કેલ્શ્યમ આપનારાં સારાં શાક છે.

પુખ્ત વયના માનવીના શરીરના વજનના દોઢથી બે ટકા પ્રમાણમાં (સાડા ત્રણ મણની કાયામાં બે રતલ જેટલું) રહેલું કેલ્શ્યમ મોટા ભાગે ફૉસ્ફરસ સાથે જોડાએલું છે. તેનું પ્રમાણ સરભર રાખવા માટે આહારમાંથી રોજ ઓછામાં ઓછું એક ગ્રામ (એક અધોળનો ત્રીસમો ભાગ) તો તે મળવું જ જોઈએ. આ પ્રમાણ જો કે આપણા એક આગલા દાંતના કેલ્શ્યમ જેટલું જ છે, પણ એનાથી શરીરનો વિકાસ સધાય છે, જોમ જળવાય છે અને સુદૃઢ આરોગ્ય પ્રાપ્ત થાય છે.

['આહાર અને આરોગ્ય' લેખમાળામાં લેખક ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી, અંક ૪૭૯, નવેમ્બર ૧૯૬૩માંથી ઉદ્ધૃત]

અનુસંધાન] વાચકો લખે છે [પૃ.૭૪૬

વર્તુળો કાપીને, વચ્ચે પીન લગાડી જોડીને એ ચારેમાંથી ચાહો તેટલા ગોળાકારો ને ચાહો તેમ ફેરવતાં પણ સીધી લીટીએ આવતાં સાતે ખાનાંનો સરવાળો પણ ૧૯૯૮ જ આવશે એમ જણાવ્યું છે. વર્તુળો ફેરવવાથી તેના પરની સંખ્યાઓ કે તેનો પરસ્પર સંબંધ જરા પણ બદલાતો જ નથી. એટલે ફેરવવાનું શા માટે? માત્ર રહસ્ય ઉમેરવાનો જ હેતુ હોય એવું માનવામાં આવતું નથી.

- જ્યોતિ ભટ્ટ (વડોદરા)

બહાદુરભાઈ વાંકની ધ્યાનકથાઓએ સારું આકર્ષણ જમાવ્યું છે. આ 'ધ્યાનકથા' ઓની વિશિષ્ટતા એ છે કે એ માત્ર બોધકથાઓ ન બની રહેતાં જે ચેતો-વિસ્તાર કથા બની રહે છે.

- પ્રવીણ ઉપાધ્યાય (માંગરોળ)

બહાદુરભાઈ જે. વાંકની 'ધ્યાનકથા' ઓ વાંચવાની હંમેશા પ્રતીક્ષા રહે છે. ખલીલજિબ્રાન કે જૈન માસ્ટરની ઊંચાઈ ધરાવતું ગુરુ બજુવાનું પાત્ર મૂળ વાતને એટલી મૂક્ષ્મ રીતે આપણી સમક્ષ ખોલી બતાવે છે કે જેનાથી આપણી ચેતના ઝંકૃત થયા વગર રહેતી નથી.

- પી.ડી. જાની (ભાવનગર)

સાહિત્યસંપર્ક

દિવંગત ઈન્દુકુમાર ત્રિવેદી

તા.૨૫-૭-૧૯૯૮ને દિવસે તોંતેર વર્ષની વયે ઈન્દુકુમારનું અમદાવાદમાં અવસાન થયું હતું.



તેમનો જન્મ તા.૨૫-૩-૧૯૨૫ના રોજ પાટણમાં થયો હતો. ઇતિહાસ અને ગુજરાતી વિષયો લઈને ગુજરાત યુનિવર્સિટીમાંથી બી.એ. થયા હતા.

કવિતાપ્રવૃત્તિનો પ્રારંભ ૧૯૪૦-૪૧થી. નિરંજન ભગત, પ્રિયકાન્ત મણિયાર, નલિન રાવળ આદિ સમકાલીન કવિજનોના પરમ મિત્ર. 'કુમાર' દ્વારા ચાલતી 'બુધકવિસભા' - પ્રવૃત્તિમાં ૧૯૪૪-૪૫થી લગભગ અઢી દાયકા સુધી નિયમિત હાજરી.

કવિશ્રી મકરન્દ દવે પાસેથી પ્રાચીન કાવ્યો અને શ્રી નિરંજન ભગત પાસેથી પાશ્ચાત્ય કવિતા સાંભળવા-સમજવાનો પ્રયત્ન કર્યો હતો. તેમની રચનાઓ 'કુમાર', 'સંસ્કૃતિ', 'કવિલોક', 'કવિતા', 'નવનીત-સમર્પણ', 'બુદ્ધિપ્રકાશ' આદિ સામયિકોમાં અવારનવાર પ્રગટ થતી.

કવિતાપ્રવૃત્તિના પ્રારંભે તેઓ 'આલોક' ઉપનામથી કવિતા રચતા હતા. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'ક્વચિત્' ૧૯૬૫માં પ્રકટ થયો હતો. ૧૯૮૫માં 'સંનિવાસ' નામે જે કાવ્યસંગ્રહ પ્રકટ થયો હતો તેમાં 'ક્વચિત્'નાં કાવ્યો સમાવી લેવાયાં હતાં.

કવિતા અને કવિતાપ્રવૃત્તિના એટલા તો ચાહક હતા કે અમદાવાદમાં કોઈ પણ સાહિત્યિક કાર્યક્રમ હોય, ઈન્દુકુમાર અચૂક હાજર હોય જ. સ્વભાવે સરળ, હસમુખા તથા મિલનસાર હોવાને કારણે તેમનું મિત્રમંડળ પણ બહોળું હતું.

ઈન્દુકુમારના પરમ કવિમિત્ર અને વિવેચક નલિન રાવળે એમની કવિતા માટે નોંધ્યું છે : સ્વાતંત્ર્યોત્તર સમયના પ્રથમ સ્તબકની પરંપરાલક્ષી અને માનવતાવાદને તાકતી વાસ્તવદર્શી કાવ્યદિશામાં સપ્રવૃત્ત કવિજનોમાં ઈન્દુકુમારનું સુપ્રતિષ્ઠિત સ્થાન છે. એમની અધઝાઝેરી રચનાઓમાં કાવ્યબાનીનું સૌન્દર્ય અને સૌષ્ઠવ કવિ ઉત્તરોત્તર સાધતા આવી પ્રત્યેક કવિતાપ્રેમીને અનન્ય આનંદાનુભૂતિના સહભાગી બનાવે છે. આવા પરમ અંગત મિત્ર વિશે એ જ કહેવાનું કે એમના આત્માને ચિરશાંતિ હો. - **જગદીશ ત્રિવેદી**

અમૂલ્ય ગ્રંથો

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પાંચ પ્રમુખ કવિરત્નોમાં પ્રેમાનંદનું તેની વસ્તુલક્ષી વર્ણનપ્રધાન કવિતાને કારણે અદ્વિતીય સ્થાન છે. વર્ષોથી શાળા-મહાશાળાનાં વિદ્યાર્થીઓ પ્રેમાનંદની કવિતાના અંશોનો અભ્યાસ કરતા આવ્યા છે. જિજ્ઞાસુ કવિતારસિક વાચકને તે અંશના અભ્યાસથી પ્રેમાનંદની તે સમગ્ર કૃતિના આસ્વાદ તરફ વળવાનું થાય તે સ્વાભાવિક છે. અધ્યાપક કે.કા.શાસ્ત્રી અને ડૉ. શિવલાલ જેસલપુરાએ 'પ્રેમાનંદની કાવ્યકૃતિઓ'ના બે ભાગ દ્વારા સમગ્ર પ્રેમાનંદ આવા રસિક વાચકો માટે સુલભ કરાવી આપ્યો છે તે કાવ્યપ્રીતિપ્રેર્યા પુરુષાર્થને ભૂલી શકાશે નહિ.

આમ તો આ ખંડો અગાઉ ૧૯૭૯માં પ્રકટ થયેલા, તેની આ બીજી આવૃત્તિ છે. સારા કાગળો પરની સુંદર સુઘડ છપાઈ આ ગ્રંથોને ઉઠાવદાર તો બનાવે છે જ, પણ સાથે સાથે એમાં મુકાયેલા વિદ્વાનોના અભ્યાસ લેખ, પાછળ મુકાયેલો મહત્ત્વનો શબ્દકોશ અને વિવિધ વાચનાઓના પાઠફેરની નોંધને કારણે આ ગ્રંથો અભ્યાસીઓને પણ ઉપયોગી થશે. એની આ બીજી આવૃત્તિનું પ્રકાશન સૂચવે છે કે પ્રેમાનંદની લોકપ્રિયતામાં ઓટ આવી નથી. હજુ પણ એ વધુ ને વધુ વંચાતો-વિવેચાતો રહેશે. આથી આ ગ્રંથો આપણી ઊછરતી પેઢીના વિદ્યાર્થીઓને માટે કાવ્યરસનો અનવદ્ય પ્રપાત બની રહે તેમ હોઈ શાળા-મહાશાળાઓ અને જાહેર ગ્રંથાલયોમાં તેની નકલ પહોંચે તો આપણી કાવ્યપ્રીતિ અને પ્રેમાનંદપ્રીતિનું સક્રિય તર્પણ થયું ગણાશે. **-ધી.પ.**

(પ્રેમાનંદની કાવ્યકૃતિઓ ભાગ ૧-૨ : સંશોધક-સંપાદક : કેશવરામ કા. શાસ્ત્રી અને શિવલાલ જેસલપુરા; બીજી આવૃત્તિ, બન્ને ખંડની કિંમત રૂ.૩૦૦. પ્રાપ્તિસ્થાન : કુસુમ પ્રકાશન, ૨૨૨, સર્વોદય કમર્શિયલ સેન્ટર, રિલીફ સિનેમાના ખાંચામાં, અમદાવાદ - ૩૮૦ ૦૦૧)

પ્રાપ્ત પ્રકાશનો

સ્વરાજધર્મ : લે. મનુભાઈ પંચોળી 'દર્શક'. પ્રકાશક : રંગદ્વાર પ્રકાશન, આઈ-૫૧૧, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, માણસા-૩૮૨૮૪૫. પ્રથમ આવૃત્તિ ૧૯૯૬, ડિમાઈ, પૃષ્ઠ : ૧૨૮, કાચું પૂઠું, રૂ.૭૦. દર્શકનો સમતાવાદી ધર્મતત્ત્વવિચાર આ પુસ્તકમાં પ્રગટ થાય છે. એમાં બિનસાંપ્રદાયિકતા, કોમવાદ, રાષ્ટ્ર અને લોકસમૂહમાં ધર્મનાં મૂલ્યો પ્રસ્થાપિત કરતા લેખોને સંગ્રહવામાં આવ્યા છે. એક લેખમાં માર્ક્સની જૂની વાત જુદા કોણથી રજૂ કરી છે. માર્ક્સે ધર્મ વિશે કહ્યું છે કે, 'ધર્મ એ તો એક અફીણ છે, સત્તાવાળાઓએ ગરીબોનો કબજો રાખવા માટે યોજેલ કપટ છે.' આ બાબતને 'સ્વરાજધર્મ'માં મહત્ત્વ આપવામાં આવ્યું છે.

કાવ્યમીમાંસા અને રાજશેખર: લે. ભોગીલાલ સાંડેસરા. પ્રકાશક : ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર-૩૮૨૦૧૭. પ્રથમ આવૃત્તિ ૧૯૯૪, ડિમાઈ, પૃષ્ઠ:૭૬, કાચું પૂંઠું, રૂ.૩૩. રાજશેખરની કાવ્યમીમાંસામાંથી અનુવાદ ઉપરાંત એનાં સૂત્રો ઉપર સમાલોચનાત્મક અને તુલનાત્મક ટિપ્પણ સાથેનું પુસ્તક.

સ્માઈલ પ્લીઝ : લે. રમેશ પટેલ 'ક્ષ'. પ્રકાશક : (પોતે) ૨૪, વ્યાપાર ભવન, ન્યાયમંદિર પાસે, હિંમતનગર-૩૮૩૦૦૧. પ્રથમ આવૃત્તિ ૧૯૯૬, ક્રાઉન, પૃષ્ઠ : ૯૨, કાચું પૂંઠું, રૂ.૪૦. જલદ હાસ્ય પ્રગટ કરતી વાર્તારૂપ ઘટનાઓનો સંગ્રહ. આ પુસ્તકમાં લેખકે ગંભીરતાથી વ્યંગ ઉપસાવવાનો પ્રયાસ કર્યો છે.

આચાર્યશ્રી મગનભાઈ દેસાઈ અને વિઠ્ઠલદાસ કોઠારી શતાબ્દી મહોત્સવ સમિતિ, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ-૧૪. દ્વારા ગૂજરાત વિદ્યાપીઠ સ્નાતક-પરિવાર પુસ્તિકાઓ (૧) **વિચારમાળા : પ્રથમ** આવૃત્તિ ૧૯૯૭, (૨) **માતૃભાષાના હિમાયતી શ્રી મગનભાઈ દેસાઈ :** લે. બિપિનભાઈ આઝાદ, પ્રથમ આવૃત્તિ: ૧૯૯૭, (૩) **સત્યાગ્રહની મીમાંસા :** સંપાદક : ડૉ. રજનીકાન્ત જોશી, પ્રથમ આવૃત્તિ ૧૯૯૭, (૪) **મધુરું માંગલ્ય :** લે. દામોદર ખુ. બોટાદકર. સંપાદક : મહેન્દ્ર મેઘાણી, પ્રકાશક : લોકમિલાપ ટ્રસ્ટ, પો.બૉ.૨૩, સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૭, ક્રાઉન, પૃષ્ઠ : ૪૨, કાચું પૂંઠું, રૂ.૧૫. બોટાદકરનાં માંગલ્ય રેલાવતાં ત્રીસ કાવ્યોનો સંચય.

પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ-૪૦૦૦૦૨ દ્વારા પ્રકાશિત પરિચય પુસ્તિકાઓ : **ચૂંટણીપંચની કામગીરી.** લે. નગીનદાસ સંઘવી, પ્રથમ આવૃત્તિ ૧૯૯૬, અને ચૂંટણીપંચનો નીતિવિષયક પરિચય. **ડૉ. જેકિલ ઍન્ડ મિ. હાઈડ :** લે. મહેન્દ્ર પંડ્યા, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬. **અગિયારમી લોકસભાની ચૂંટણી :** લે. કૃષ્ણકાન્ત જોશી, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬. **શતરંજની રમત :** લે. પ્રદીપ ત્રિવેદી, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬. શતરંજની રમત અને એની આંટીઘૂંટીઓ સમજાવતી પુસ્તિકા. **સેબી શું છે? :** લે. જયેશ ચિતલિયા, શેરબજાર અને મૂડીબજારનો પરિચય કરાવતી પુસ્તિકા. **ભારતમાં સિનેમાનાં સો વર્ષ :** લે. વીરચંદ ધરમશી. ૧૯૧૨ પછી લાંબી ફિલ્મોનો ઇતિહાસ આપતી પુસ્તિકા. **વિશ્વની પલટાતી અર્થવ્યવસ્થા :** લે. દેવરાજ ચૌહાણ, બીજા વિશ્વયુદ્ધ પછી પલટાઈ ગયેલી અર્થવ્યવસ્થાનો ચિતાર. **આઝાદ હિંદ ફોજ:** લે. જયકુમાર ર. શુક્લ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬. આઝાદ હિંદ ફોજની સ્થાપના અને ઐતિહાસિક ભૂમિકા પૂરી પાડતી પુસ્તિકા. **મહાદેવભાઈની ડાયરીઓ :** લે. મહેન્દ્ર વા. દેસાઈ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬. મહાદેવભાઈ દેસાઈના જીવનનો એમની ડાયરીઓ દ્વારા પરિચય કરાવતી પુસ્તિકા. **બૉઝનિયાની સમસ્યા :** લે. બટુક દેસાઈ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬. યુગોસ્લાવિયાના વિભાજનથી પેદા થયેલી બૉઝનિયાની સમસ્યાનો પરિચય કરાવતી પુસ્તિકા. આ પ્રત્યેક પરિચય પુસ્તિકાની સાઈઝ ક્રાઉન, પૃષ્ઠ : ૩૨, કાચું પૂંઠું, રૂ.૫.

ગુજરાતી લોકસાહિત્યની જીવન ચક્ર અંતર્ગત રચનાઓ : ભાગ:૧-૨, લે. મુખ્ય સંપાદક : ડૉ. હરિવલ્લભ ભાયાણી, સંપાદક : ડૉ. હસુ યાજ્ઞિક, પ્રકાશક : ગુજરાત સાહિત્ય અકાદમી, અભિષેક બિલ્ડિંગ, હોટેલ હવેલી સામે, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, ડીમાઈ, પૃષ્ઠ : અનુક્રમે : ૭૪૪, ૬૬૦, કાચું પૂંઠું, કિંમત : રૂ.૨૦૦, ૧૭૫. આ ગ્રંથોમાં લોકજીવન અને સામાજિક રીત રિવાજોને લક્ષમાં રાખીને પદો, ગીતો જેવી રચનાઓનું સંપાદન થયું છે. આ મૌખિક પરંપરાની કૃતિઓ લોકસમૂહ માટે મનોરંજન જ નહીં પરંતુ લોકજીવનમાં સંસ્કારવાનું કાર્ય કરતી હોય એવું આ ગ્રંથો પરથી લાગે છે. જૂના લોકસમાજનું સંભારણું આવા ગ્રંથો બની રહે છે. □

પ્રસંગપરાગ

...પહેલી મુલાકાત...

કુલીનચંદ્ર યાજ્ઞિક

વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ એક વિચક્ષણ રાજપુરુષ હતા. તેમની વ્યવહારદક્ષતા વિષે અમદાવાદના એક સમયના કલેકટર શ્રી માને પાટિલે કહેલી આ વાત છે.

તેમના પિતા શ્રી રામચંદ્ર માને પાટિલ વડોદરા રાજ્યમાં નાયબ દીવાન હતા. તે સમયે શિરસ્તો એવો હતો કે સવારે મહારાજા રાજમહેલના બાગમાં બેસતા અને ઉચ્ચ અધિકારીઓ તેમને મળી જરૂરી સૂચનાઓ મેળવતા. એક દિવસ કામકાજ પૂરું થયા પછી નાયબ દીવાને વિનંતી કરી : 'મારા કિશોરવયના પુત્રને આપનાં દર્શન કરવાની ઇચ્છા છે. આજ્ઞા હોય તો એને લઈને આવું.' સંમતિ મળતાં બીજે દિવસે દીકરાને લઈને ગયા. વાતચીત પૂરી થયે ફરી અરજ કરી 'આજ્ઞા મુજબ દીકરાને લાવ્યો છું. બહાર બેઠો છે. સંમતિ હોય તો બોલાવું.'

મહારાજા કહે, 'હા, બોલાવો. પણ ખમો. પટાવાળા! મારાં પાઘડી ને ખેસ લાવ.'

નાયબ દીવાનને ક્ષોભ થયો : 'અરે! મહારાજા સાહેબ! આ તો નાનો કિશોર છે! એને માટે આપે આવી તસ્દી લેવાની ન હોય!'

સયાજીરાવનો જવાબ વિલક્ષણ હતો : 'તમે જાણતા નથી. આ કિશોર એના રાજાને જિંદગીમાં પહેલી વાર મળવાનો છે. એની છાપ એના મન પર જીવનભર રહેશે. તે છાપ ઉત્તમ જ હોવી જોઈએ!' □

આયુર્વેદ અને ઔષધી - ૧૦

ઉમરડો

ઉમરડો પવિત્ર વૃક્ષ તરીકે ઓળખાય છે. યજ્ઞમાં ઉમરડાના લાકડાનો ઉપયોગ થતો હોય છે. તેને



ઉપમરો પણ કહે છે. સંસ્કૃતમાં તેનું નામ 'ઉદૂમ્બર છે. ઉમરડાનાં ૨૦ થી ૨૫ ફૂટ ઊંચાં ઝાડ બધે જ થાય છે. ઉમરડો જમીનમાં જયાં પાણી હોય ત્યાં થાય છે. તથા કૂવા ખોદ્યો હોય તો ઉમરડાના ઝાડ પાસે ખોદવામાં આવે તો તે જગ્યાએ પાણી નીકળવાની સંભાવના રહે છે.

ઉમરડો ક્ષીરીવૃક્ષ છે. એટલે તેના ગમે તે અંગને કાપો, છેદો કે ભેદો તો તેમાંથી દૂધ નીકળશે. આ ઝાડ અંજીર મૂળનું છે. તેને અંજીર જેવાં ફૂલો અને ફળો બેસે છે. તેનાં ફળ ગુલર તરીકે ઓળખાય છે. તે ઝુમખાબંધ થાય છે. તે કાચાં હોય ત્યારે લીલાં, પાકતાં ચમકતાં, સુંવાળાં, લાલ અને પોચાં બને છે. તેમાં પુષ્કળ બી હોય છે. તે મીઠાં અને પૌષ્ટિક હોય છે.

ઉમરડાની છાલનો ઉકાળો ખૂબ ઠંડો છે રતવાના કોઠાવાળી બહેનો માટે તે આશીર્વાદ સમાન છે. નિયમિત ગર્ભપાત થઈ જતો હોય તેવી બહેનો તેનું સેવન કરી લાભ મેળવી શકે છે. બહેનોનો લોહીવા અને પ્રદર રોગ પણ ઉમરડાના સેવનથી મટે છે. અશક્તિ, થાક, લોહીની ઓછપ, શરીરનું દુબળાપણું ઉમરડાની છાલના ઉકાળાના સેવનથી મટશે. વધુ પડતો પેશાબ થઈ જવો પણ આ ઉકાળાથી મટે છે.

લોહીવા, દૂઝતા હરસ, પ્રદર, નસકોરી ફૂટવાના રોગી ઉમરડાનાં પાકાં ફળ ખાઈને ફાયદો મેળવી શકે છે. ઘા રૂઝાતો ન હોય તો ઉમરડાની છાલના ઉકાળાથી આ ઘા ધોવાથી ઘા જલદી રૂઝાઈ જશે.

ઋતુસ્નાતા સ્ત્રીને ઉમરાનો વાદો બકરીના દૂધમાં આપવાથી વંધ્યાને ગર્ભધારણ થાય છે.

આ ઉપરાંત સોજો, દુખાવો, ગર્ભાશયનો સોજો, બળતરા, લોહી બગાડ, થાક, અશક્તિ, હાડકું ભાંગવુ વગેરેમાં લાભ કરે છે.

સ્વ. વૈદ્ય નવીનભાઈ ઓઝા



નીરખને તું ગગનમાં, તો અહીં ત્યાં ને બધે હું છું,
મને ધારી લે મનમાં, તો અહીં ત્યાં ને બધે હું છું...
તને કોણે કહ્યું કે હું સરળતાથી નથી મળતો?
પ્રવેશી જો કવનમાં, તો અહીં ત્યાં ને બધે હું છું.

\- મનોજ ખંડેરિયા

મણિભાઈ શાહ

તેવીસ વર્ષના એ યુવાનને જવું હતું ભણવા ગૂજરાત વિદ્યાપીઠમાં પણ લડાઈને કારણે, ચળવળને કારણે એ બંધ હતી. ભાવનગરમાં દક્ષિણામૂર્તિના આચાર્ય હરભાઈની સલાહ માગી, કારણ કે ત્યાં એણે વિનીત સુધીનો અભ્યાસ પૂરો કર્યો હતો. હરભાઈએ જ તેને રવીન્દ્રનાથ ટાગોરની સંસ્થા શાંતિનિકેતનની રાહ બતાવી. એ સાલ હતી ૧૯૩૨ની. જતાં પહેલાં એણે બંગાળી ભાષા શીખી લીધી. એ કંઈ ત્યાં કલાકાર થવા નહોતા ગયા. બી.એ. થવા ગયો હતો. કલા પ્રત્યે એવી કોઈ ખાસ અભિરુચિ પણ નહોતી, પરન્તુ ટાગોરના સાન્નિધ્યે જાદુઈ અસર કરી સંગીત અને ચિત્ર, બંનેની સમજ પ્રકટી. ગુરુદેવ કંઈક લખતા હોય ત્યારે અથવા રાતે બધા જ વિદ્યાર્થીઓને બોલાવતા અને પાસે બેસાડતા. આ યુવાન પણ ત્યાં જતો અને ગુરુદેવના સામિપ્યમાં બેસતો. એક દહાડો શું થયું કે એ આ રીતે એમના દર્શનને નજર ભરીને પી રહ્યો હતો ત્યાં એક ચમત્કાર થયો. ભીતર એક ઝળહળતો તેજપુંજ પ્રગટ્યો કે એના અંબારમાં બહારી ભાન સાવ લુપ્ત થઈ ગયું. આંખો મીંચાઈ ગઈ અને એવો ભાસ થયો કે જાણે સાત સાગર પાર કરીને મનુષ્યના અંતિમ લક્ષ્યસ્થાને એ પહોંચી ગયો. એને થયું કે બસ, હવે મારે કંઈ કરવાનું નથી, કંઈ મેળવવાનું નથી, હવે વૈકુંઠધામ પણ નથી જવું.

અત્યારે ભાવનગરમાં વસતા છયાસી વર્ષના અલગારી મણિભાઈ શાહનું 'અલગારી'ઉપનામ કહેતાં તખલ્લુસ પણ છે. આટલી જૈફ ઉંમરે પણ એ ટાગોર વિશેની પોતાની અનન્ય અનુભૂતિ કહેતાં લેશમાત્ર થાકતા નથી. મણિભાઈના ટાગોર-સંપર્કના અનુભવો આજ છાસઠ વર્ષે એટલા જ તાજા છે. એમણે એ છ દાયકાના ભૂતકાળમાં



પાછા સરીને કહ્યું : 'એમના એક મકાનનું નામ હતું 'ઉદયન'. એમાં એક વાર ગુરુદેવ એક નાટકનું સંચાલન કરતા હતા. એમના 'ઉદયન'માં થાંભલીઓ (કુંભીઓ) અનેક હતી. એવી એક કુંભીને ટેકે હું બેઠો હતો અને એમનું સંચાલન જોઈ રહ્યો હતો. ટાગોર ખુદ તાલબદ્ધ રીતે ઠેકાથી નૃત્યનું સંચાલન કરી રહ્યા હતા. એકાએક કોણ જાણે શું થયું? મારા પ્રાણ ચંચળ થઈ ગયા. ભીતરથી હું પણ નાચવા માંડ્યો. એક ક્ષણ તો થયું કે હું પણ ઊભો થઈને ખરેખર વાસ્તવિક અર્થમાં નાચવા માંડીશ. મારામાં અંદરથી એવો સળવળાટ પણ ઊઠ્યો.

એ તો સારું થયું કે મેં થાંભલીને સજ્જડ રીતે પકડી રાખી હતી. નહિતર હું એમના નૃત્યસંચાલનમાં વચ્ચે કૂદી પડીને ભંગ જ પાડી દેત.

આવા મણિભાઈએ ૧૯૩૨થી ૧૯૩૪, લગભગ બે વર્ષ સુધી શાંતિનિકેતનમાં આ રીતે રેખા અને સૂરનું આરાધન કર્યું અને પછી અમુક સંજોગોને કારણે એમણે ત્યાંની ઇંટરમીડિએટની પરીક્ષા આપ્યા વગર જ પાછા આવી જવું પડ્યું અને ભાવનગરમાં રહીને એમણે સ્વાતંત્ર્યસેનાની સરદાર પૃથ્વીસિંહજીના ગણેશક્રીડા મંડળ અને અન્ય સ્થળોએ શારીરિક શિક્ષણનો અભ્યાસ કર્યો. આમ કલાસંગીતની નાજુક સંવેદન સૃષ્ટિમાંથી એ શરીરસૌષ્ઠવની જાડી રેખાઓમાં રસ લેવા માંડ્યા.

૧૯૧૨ના ડિસેમ્બરની ૧૨મીએ ધોળકા તાલુકાના ગુંદી ગામે જન્મેલા મણિભાઈ વાયા ટાગોર અને વાયા સરદાર પૃથ્વીસિંહ, સામળદાસ કૉલેજમાં ચાલીસ વરસની ઉંમરે વ્યાયામના અધ્યાપક થયા અને ત્યાં વીસ વરસ લગી સેવાઓ આપી.

શાંતિનિકેતનને તેમણે છોડ્યું પણ ટાગોર છૂટી શક્યા નહીં. ટાગોર એમના મન અને પ્રાણમાં સમરસ થઈ ગયા. બંગાળ છોડ્યા પછી મણિભાઈ 'અલગારી'એ ઘણું કર્યું. યોગાભ્યાસ કર્યો, ચિત્રસર્જન કર્યું. ટાગોરના અને અન્યના સાહિત્યનો બંગાળીમાંથી ગુજરાતી અનુવાદ કર્યો અને સૌથી મોટું કામ એ કર્યું કે જ્યાંથી મળે ત્યાંથી, જેવા મળે તેવા, જે રીતે મળે તે રીતે મોટી-મોટી કિંમત આપીને પણ તેમણે દુર્લભ ચિત્રો, ફોટોગ્રાફ્સ અને પુસ્તકો ઉપરાંત રેકર્ડ્સ, કેસેટ્સ, ગીતો વગેરેનો સંગ્રહ કરવા માંડ્યો. આ શોખ આમ તો એમને એમની સાવ નાની વયથી એટલે કે ચૌદ વર્ષની ઉંમરથી હતો પણ ટાગોર સાથેના સહવાસ પછી બીજી એક નવી કલાદૃષ્ટિ ઉમેરાઈ. શરૂ તો એમણે નાનપણમાં જોયેલાં શેરી-બાયૉસ્કૉપમાં દેખાડાતાં 'દિલ્હી કી ધોબન દેખો, આગરે કા તાજ દેખો, બમ્બઈ કા ગેટવે ઑફ ઇન્ડિયા દેખો' જેવાની પ્રાથમિક પ્રેરણાથી થયેલો પણ પછી તો રાતદિવસ જોયા વગર એમણે ચિત્રો, પોસ્ટકાર્ડ્ઝ, ડાયરીઓ, પોસ્ટર્સ અને તસવીરો - કોઈ પણ વિષયની સામગ્રી અસલ કે છપાયેલી એકઠી કરવા માંડી.

આજે એમની પાસે અલગ-અલગ વિષયનાં સો કરતાં પણ વધુ પ્રદર્શનો ભરી શકાય તેટલી સામગ્રી છે. કોઈ પણ એક વિષય બોલો અને એ વિષય પર મણિભાઈ શાહ પાસે આખું પ્રદર્શન ભરાય એટલી સામગ્રી હોય જ. એમાંનાં કેટલાંકનાં નામ જુઓ : ભારત, રવીન્દ્રનાથ ટાગોરની ચિત્રકલા, ગગનેન્દ્રનાથનાં ચિત્રો, અવનીન્દ્રનાથનાં ચિત્રો, નંદલાલ બસુનાં ચિત્રો, ભારતના સો કલાકારો, કવિવર ટાગોરના બસો જેટલા દુર્લભ ફોટોગ્રાફ્સ, રાજપૂત આર્ટ, મોગલ આર્ટ, શિલ્પકલા, સરખાવો અને વિરોધાવો, ચીન, જાપાન, પ્રાકૃતિક સૌંદર્ય, ગુજરાતનું કલાધન, સો સૌષ્ઠવપૂર્ણ શરીરો, દેશનેતાઓ, નૃત્ય, ભાગવત, રામાયણ, મહાભારત, સાહિત્યનાં ચિત્રો, ગ્રીસ અને રોમ, મત્સ્યસૃષ્ટિ, ઢીંગલીઓ, બંગાળ અને ભારતની કલાયાત્રા, રમકડાંનું જગત, વિશ્વનાં સો ધુરંધર કલાકારો, આફ્રિકા, અમેરિકા, ફ્લાવરવાઝ - આવાં તો સો ઉપરાંત કલા-પ્રદર્શનોના માલિક એવા મણિભાઈ શાહનો આ સંગ્રહ તેમના નિવાસસ્થાને વ્યવસ્થિત સંઘરાયેલો પડ્યો છે.



આમ છતાં પણ તેમની ટાગોરપ્રીતિ આ બધાની સમાંતરે સ્વસ્થ રીતે ચાલી આવે છે. ૧૯૯૧માં અકસ્માતના કારણે એમને પગે ફ્રેક્ચર થયું અને લાંબો સમય ચત્તાપાટ પડ્યા રહેવું પડ્યું. પડ્યાપડ્યા આ ફરજિયાત આવી પડેલી ફુરસદની વેળાએ એમણે શું કર્યું? ટાગોરને વાંચ્યા અને ફરી મનમાં ઉતાર્યા. આમ, ફરી ટાગોર સાથે એકપ્રાણ થયા કે તેટલામાં જ ડૉક્ટરે એમને પથારીમાં બેસવાની છૂટ આપી. એમનો કલાકાર આત્મા હવે અજેય થઈ ઊઠ્યો. એ ખુદ ભલે કોઈ ડિગ્રીધારી કે માન્ય ચિત્રકાર ન હોય પણ એમણે સફેદ કાગળ અને પેન કે પીંછી લઈને એમના મનમાં કવિવરનાં જે જે રૂપો હતાં અને ચિત્તના કેનવાસ પર છવાયેલાં હતાં તે બધાં સફેદ કાગળ પર ઉતારવા માંડ્યાં. આમ ને આમ એમણે કવિવર ટાગોરનાં બસો ચિત્રો તૈયાર કર્યાં. પછી એના અલગ-અલગ વિભાગો કરીને આઠ-નવ સંપુટો તૈયાર કર્યા અને નામ આપ્યું 'રૂપસ્મરણી.' (અહીં ઉપર એમાંથી એખ નમૂનો આપ્યો છે)

અનેક સંસ્થાઓ મણિભાઈને પ્રદર્શન યોજવા માટે નિમંત્રે છે; અનેક શાળા-કોલેજો અને સંસ્થાઓમાં એ પોતાનાં પ્રદર્શનો લઈને જાય છે. છયાસી વર્ષના મણિભાઈ હજુ થાકયા નથી. ગુજરાતની કદરદાન પ્રજા એમને થાક નહીં લેવા દે તેમ આજની એમની વ્યસ્તતા જોતાં લાગે છે.

- રજનીકુમાર પંડ્યા ('ફૂલછાબ'માંથી ટૂંકાવીને)

જીવનની સાર્થકતા માટેની દસ કૂંચીઓ

૧. માબાપ, વડીલો, વિદ્વાનો અને સંતોનું હંમેશા બહુમાન અને વિનય કરજો અને સ્વમાન તો સૌ કોઈનું જાળવજો.

૨. સોબત વિશે ખાસ કાળજી રાખજો. ખાનદાન અને ઉમદા આચાર-વિચારવાળાઓની જ સોબત-મિત્રતા રાખજો.

૩. ઘરમાં, સંસ્થામાં કે સમાજમાં સૌની સાથે પ્રેમથી રહેજો. નાના મોટાનો ભેદ કર્યા વિના સૌને યોગ્ય સગવડ, સન્માન, હૂંફ, ફરજની સોંપણી અને હક્ક મળે તેવું આયોજન અને પ્રવર્તન કરજો.

૪. ઘસાઈને રાજી થજો. કારણ કે જીવન-વિકાસનો મૂળ મંત્ર આ જ છે. જોકે પાયાના પથ્થર બનીને રહેવું, સહન કરવાની ટેવ પાડી તેને વળગી રહેવું એ કઠિન કાર્ય છે પણ સફળતાનાં ઊંચાં શિખરો તે વિના સર કરી શકાતાં નથી. દુનિયા જેને દુઃખ ગણે છે તે ખરેખર દુઃખરૂપ નથી, માત્ર પ્રસૂતિ પહેલાંની પીડા કે સિદ્ધિની પ્રાપ્તિ પહેલાંના તપ જેવું છે.

૫. જિંદગીની પ્રત્યેક ક્ષણ અમૂલ્ય છે. એક મિનિટ પણ નકામી ન જાય અને તમારા જીવનના ધ્યેયની દિશામાં કંઈક ને કંઈક પ્રગતિ થતી રહે તેનું ખાસ ધ્યાન રાખજો. આ માટે ઘણાં વર્ષો સુધી રોજનીશી કે ડાયરી લખવાથી થતા ફાયદાનો લેખકને અનુભવ છે. છેલ્લાં લગભગ ત્રેવીસ વર્ષથી તો જીવન જ ખુલ્લી કિતાબ બની ગયું છે અને તેથી તે લખાતી નથી તો પણ તે (સમય)ના હિસાબનું ચિંતન તો કર્યાં જ કરું છું.

૬. **સારાં પુસ્તકોનો શૉખ :** તમારા ઘરમાં ઉત્તમ પુસ્તકો વસાવજો. બીજાં પુસ્તકો મધ્યે, મહાપુરુષોનાં ચરિત્રો ધ્યાનપૂર્વક વાંચજો અને વિચારજો, તો જરૂર તમને ઉન્નત જીવન જીવવાનું ખૂબ જ બળ મળશે. જ્યારે ત્વરાથી જીવનવિકાસ કરવાનો નિર્ણય કરો ત્યારે, કોઈ સાચા સંતના કે અનુભવીના આશ્રયે પદ્ધતિસરનું વાચન કરી તમારા હૃદયના જ્ઞાન ભંડારને સમૃદ્ધ કરજો

૭. મન-વાચન-કાયાથી નિયમિત બનજો. મનમાં પોતાના અને સૌના કલ્યાણના વિચારોને જ સ્થાન આપજો. આમ કરવાથી તમારી વાણી પણ સૌમ્ય, સાચી, શ્રેયસ્કર અને સાંભળનારને શીતળ કરનારી બનશે. નિયમિત પ્રવૃત્તિ તમને જીવનના દરેક ક્ષેત્રમાં મહાન બનાવશે, બધાં કામ સમયસર પૂરાં કરી શકશો. કાર્યક્ષમતા ખૂબ વધી જશે, સહજપણે સુયશ ફેલાશે અને જિંદગીની ગાડી સફળતાની દિશામાં જલદી જલદી દોડવા લાગશે.

૮. **આશાવાદી અભિગમ :** દરેક કાર્ય પોતાની શક્તિ, સાધન અને પ્રયોજનને લક્ષમાં રાખીને ચાલુ કરવું. એક વાર જેનો આરંભ કર્યો તે કાર્યમાં પ્રારંભમાં અનેક મુશ્કેલીઓ આવે તો પણ ધીરજ અને ખંત રાખીને તેમાં લાગ્યા રહેવું અને અન્યનો સહયોગ લેવામાં પણ સંકોચ અનુભવવો નહિ. થાક, કંટાળો, વિરોધ, ટાંચાં સાધનો અને સમયસર સફળતા ન મળે તોપણ પ્રામાણિક અને વ્યવસ્થિત ઉદ્યમથી કાર્યની સિદ્ધિ થઈ જાય છે.

૯. **વ્યસનરહિતપણું :** જેના જીવનમાં મોટાં વ્યસન હોય તે પરાધીન, વ્યગ્ર, ચંચળ ચિત્તવાળો, નાદુરસ્ત, ખર્ચાળ અને ચીડિયા સ્વભાવવાળો બની જાય છે. માટે પ્રયત્ન કરીને પણ દારૂ જુગાર, માંસાહાર, શિકાર, ચોરી કે વિષયલંપટતા જેવા ભયંકર દુર્ગુણો પોતાના જીવનમાં ન પેસી જાય તેની સતત કાળજી રાખજો.

૧૦. **ઠંડું અને સ્વસ્થ દિમાગ :** આવેશમાં આવી જવાથી એક જાતનું ગાંડપણ આપણા પર સવાર થઈ જાય છે. વાણી કે વર્તનનો ખ્યાલ રહેતો નથી અને અયોગ્ય કાર્ય થઈ જવાથી પોતાને અને અન્યને નુકસાન થઈ જાય છે. આવા મનુષ્યની મિત્રતા કોઈ કરતું નથી. તે એકલો અટુલો પડી જાય છે અને પ્રસન્નતાનો નાશ થઈ જવાથી તે પોતાનાં કાર્યોમાં સફળ બની શકતો નથી. મનની અને તનની તંદુરસ્તી માટે શબાસન (રિલેક્સ) એક ઉત્તમ, સરળ, સુલભ અને પ્રયોગ સિદ્ધ ઉપાય છે. સવાર સાંજ પાંચ-પાંચ મિનિટના પ્રયોગથી અનેક લાભ થાય છે.

- આત્માનંદજી

('જીવનસ્મૃતિ' જુલાઈ ૧૯૯૮માંથી ટૂંકાવીને)

અનુસંધાન] કલાવાર્તા [પૃ. ૭૭૫થી
ડિઝાઇનનાં તત્ત્વો હવે પુનઃ પ્રસ્થાપિત થતાં જોવા મળે છે. એકલી ડિઝાઇન અને કસબને નામે શુદ્ધ અમૂર્તવાદના માપદંડોથી શ્રીમતી મહેરનાં ચિત્રોની ટીકા કરવી વાજબી નથી. ખાસ જોવાનું અને તપાસવાનું એ છે કે મહેરે આ તત્ત્વોને કે રંગરૂપોને ચિત્રાવકાશમાં - તેમનાં સંયોજનોમાં - કેવી રીતે લાગણીની અનિવાર્યતા અને ઉત્કટતાથી તથા ગતિશીલતાથી, ઉજાસભરી રીતે અને ખાસ તો સચ્ચાઈથી પ્રયોજ્યાં છે.

શ્રીમતી મહેરનાં ચિત્રો કેવળ સુશોભનાત્મક યા સજાવટભર્યાં નથી, કિંતુ તે એક અલૌકિક અજાણ નિગૂઢ અને વધુ સુંદર દુનિયાને જન્મ આપે છે.

મહેરે અનેક અગત્યનાં રાષ્ટ્રિય કક્ષાનાં પ્રદર્શનોમાં ભાગ લીધો છે. બાળકોની શિબિરોમાં પણ સક્રિય ભાગ લીધો છે. તેમણે ૧૯૯૬માં રાષ્ટ્રિય લલિતકલા અકાદમી દ્વારા યોજિત-સંચાલિત '૫૦ વર્ષ સ્વાતંત્ર્યતાનાં' પ્રદર્શનમાં ભાગ લીધો અને તેમાં તેમનું ચિત્ર પસંદગી પામ્યું. આર્ચર ફાઉન્ડેશન દ્વારા યોજિત અમદાવાદના ૧૦૫ ચિત્રકારોના પ્રદર્શનમાં તેમનું ચિત્ર પણ પ્રદર્શિત થયું હતું.

- બંસીલાલ દલાલ

> હૃદયના શુદ્ધ પ્રેમીને નિગમનાં જ્ઞાન ઓછાં છે,
> ન પરવા માનની તોયે બધાં સન્માન ઓછાં છે.
>
> — પ્રભુલાલ દ્વિવેદી

હર્બર્ટ હૂવર નામના એક અમેરિકન ઈજનેરના જીવનનો આ પ્રસંગ છે, ઈજનેર થયા પછી એક સવારે એક ખાણના માલિકને તે નોકરી માટે મળ્યો. પેલાએ કહ્યું, 'અમારે તો ટાઈપિસ્ટની જરૂર છે.'

પેલા ઈજનેરે જણાવ્યું, 'સારું, હું એ કામ કરીશ. મને ચાર દિવસની મહેતલ આપો.' ચાર દિવસ પછી એ ઈજનેર યુવાન કામ પર હાજર થયો. પેલા ખાણવાળાએ પૂછ્યું, 'તમે ચાર દિવસની મહેતલ કેમ માગી?'

ઈજનેર યુવાને જવાબ આપ્યો, 'આ ચાર દિવસ દરમિયાન હું એક ભાડૂતી ટાઈપરાઈટર લઈને ટાઈપ કરવાનું શીખી ગયો!'

આ હર્બર્ટ હૂવર તે જ અમેરિકાના એક વખતના રાષ્ટ્રપ્રમુખ. શ્રમનો કેવો મહિમા અને કેવું ગૌરવ!

'અંગૂઠા'ના રૂઢપ્રયોગો

- અંગૂઠા પકડવા = વાંક કબૂલ કરી તેમાંથી બોધ લેવો.
- અંગૂઠે કમાડ ઠેલવું = છૂપી રીતે કામ કરવું, વર્તવું, મદદ કરવી.
- અંગૂઠે મારવું = તુચ્છ ગણવું.
- અંગૂઠો ચૂમવો = ખુશામત કરવી, નમી પડવું.
- અંગૂઠો કરી આપવો, પાડવો = સહી કરવી, મંજૂર રાખવું.
- અંગૂઠો દેખાડવો, બતાવવો = ના સૂચવવી.
- અંગૂઠાનો રાવણ કરવો = રજનું ગજ, અતિશયોક્તિ કરવી.

□ ઈ.૧૬૩૮ના સપ્ટેમ્બરની પાંચમી તારીખે જન્મેલો ફ્રાન્સનો રાજા લૂઈ બે દાંત સાથે જન્મ્યો હતો!

□ અમેરિકન સામયિક 'હાર્પર'ના સર્વેક્ષણ પ્રમાણે અમેરિકાવાસીઓ એક દિવસમાં જેટલો ખાદ્ય પદાર્થ કચરામાં નાખે છે તેનાથી ૨,૪૦,૧૮૩ લોકોનાં પેટ ભરાઈ શકે છે!

'૧૯૯૮'ની ગણિતગમ્મત

૦ અને ૧થી૯ સુધીના આંકડાઓને જેમ યોગ્ય જણાય તેમ, એક જ વખત વાપરતાં તેમની વચ્ચે ગાણિતિક ચિહ્નો મૂકીને જવાબમાં ૧૯૯૮ આવે, તેવી કેટલીક ગણિતગમ્મત...

૧) ૧૯૮૦ + (૨ + ૩ + ૬ + ૭) x (૫ - ૪) = ૧૯૯૮.
૨) ૮૯૦+૨(૫૬૪)+૧-(૭x૩)= ૧૯૯૮.
૩) ૧૨૩૦+૭૬૮+૪+૫-૯= ૧૯૯૮.
૪) (૩૪x૫૬)+૮૯+૧૦+૨-૭= ૧૯૯૮.
૫) ૧૦૨૩+૯૭૮+૬-૪-૫ = ૧૯૯૮

તે જ પ્રમાણેની ૧ થી ૯ સુધીના આંકડાઓની કેટલીક ગણિતગમ્મત :

૧) (૧ + ૫ + ૬) + (૪ x ૩) + ૨ (૯૮૭) = ૧૯૯૮.
૨) ૩ (૬૯૮) - [(૧૨ x ૪) (૭ - ૫)] = ૧૯૯૮.
૩) $૧૨^{૩}$ + (૪૫ x ૭) + √૯ - (૬ x ૮) = ૧૯૯૮.
૪) (૩૪૫x૬)-૧૨(૭+૮-૯)=૧૯૯૮.
૫) ૩(૬૭૮)-(૫૯+૧-૨૪)= ૧૯૯૮.

- માધવજી દેવળિયા

□ સુનીલ ગાવસકરે મરાઠી ફિલ્મ 'પ્રેમાચી સાલ્વી'માં અભિનય કર્યો હતો.

□ મીણબત્તી લાંબા સમય સુધી ચાલે તે માટે તેના પર થોડું મીઠું ઘસી દો. વળી, તેને પ્રગટાવીને અરીસા સામે રાખવાથી તે વધુ પ્રકાશ આપશે.

□ કપડા પર તમાકુવાળા થૂંકનો ડાઘ પડ્યો હોય તો કપડાની બંને બાજુના ડાઘ પર કળીચૂનો લગાવવાથી ડાઘ નીકળી જશે.

□ ૧૦૦ ગ્રામ ગાયના દૂધમાં એક ચમચી શતાવરી ચૂર્ણ અને એક ચમચી સાકર મિશ્ર કરી સવાર-સાંજ લેવાથી અમ્લપિત્ત-ઍસિડિટીમાં રાહત થાય છે.

□ તલના તેલનાં ટીપાં નાકમાં નાખવાથી આધાશીશી મટે છે.

> ભલે એ વિષ્ણુ હોય કે મહાદેવ હોય, બ્રહ્મા હોય કે ઈન્દ્ર હોય અથવા સૂર્ય કે ચંદ્ર હોય, કે ભગવાન બુદ્ધ કે મહાવીર હોય; - જે કોઈ રાગ અને દ્વેષરૂપી ઝેરની પીડાથી આવતી મૂર્છાથી રહિત હોય, જીવમાત્ર પર અનુકંપાથી ભરેલો હોય, સર્વે ગુણગણોથી સંસ્કાર પામેલો હોય, તેને નિરંતર નમસ્કાર છે.
>
> ('મુકુન્દમાલા'માંથી)

□ ગિયાનાનાં ગીચ જંગલોમાં હુરા નામનું ઝાડ થાય છે. તેની પર સોપારી જેવાં ફળો થાય છે, એ ફળો પાકીને જ્યારે ફાટે છે ત્યારે મોટો ધડાકો થાય છે.

□ ભારતમાં આશરે ૨૦૦ જેટલી ચક્ષુબૅન્ક છે જેમાં દર વર્ષે કુલ આશરે ૩૦૦૦ જેટલાં ચક્ષુઓ જ દાનમાં મળે છે.

□ 'અમારી શાળા વિદ્યાર્થીઓને સ્વિમિંગ શીખવાડવા માટે એક મોટો સ્વિમિંગ પુલ બાંધી રહી છે; એટલે ઍડમિશન આપતી વખતે અમે દરેક વિદ્યાર્થીનાં માબાપ પાસેથી આ ઉમદા કાર્ય માટે સહકાર મળે એવી આશા રાખીએ એમાં કાંઈ ખોટું છે?'

'ના રે ના, બિલકુલ નહીં. મારા દીકરાને આપ જો ઍડમિશન આપશો તો હું પણ મારો સહકાર આપવા એક બાલદી પાણી આપને જરૂર મોકલી આપીશ.'



કલાકણિકા : વહાણના આગળના ભાગનો ઓકનો સ્તંભ, જેના ઉપરના છેડે કોઈ પ્રાણીનું મસ્તિષ્ક કોતરવામાં આવ્યું છે. વર્ષો પૂર્વે બેલ્જિયમમાં શેલ્ટ નદીના તળિયેથી તેને શોધી કાઢવામાં આવેલો.